ઈનામ અને લાઈબ્રેરી માટે સરકારે મંજુર કરેલી

# શિશુસદ્બોધમાળા.

## ભાગ ૨.



(મહાભારત, રામાયણ અને પુરાણોમાંથી આર્યનીતિ અને ધર્મની પસંદ કરેલી બોધક વાર્તાનો સંગ્રહ.)

લંડનના 'મૉરલ એજ્યુકેશન લીગ'ના ધોરણને અનુસરતી ઢબે લખાયેલી.

સંપાદક,

**વ્રજલાલ પુરૂષોત્તમ મહેતા.**

હેડ માસ્તર, તાલુકા સ્કૂલ, વઢવાણસિટિ, કાઠિયાવાડ.

મેમ્બર, મૉરલ એજ્યુકેશન લીગ, લંડન.

પ્રકટ કર્તા:

**એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની.**

કાલબાદેવી રોડ—મુંબાઈ.

"જે શાળાના પ્રવર્તકો તમારી ચોપડી ધાર્મિક શિક્ષણ માટે વાપરવા ઇચ્છતા હોય તેઓ તેવી પરવાનગી માટે અરજી કરી શકશે."

નામદાર ડીરેકટર સાહેબના અંગ્રેજી નં. ૮૨૫૭ તા. ૨૮–૧૦–૧૦ તથા ૮૫૩૮ તા. ૯–૧૧–૧૦ ઉપરથી.

---



---

આવૃત્તિ પાંચમી.

---

મુંબઈ

ગીરગામ, ખેતવાડી ૧૦ મી ગલીમાં ધી ગુર્જર ગૌરવ પ્રીન્ટિંગ પ્રેસમાં પી. યુ. દાસે છાપ્યું.

સને ૧૯૨૯.

# શિશુસદ્બોધમાળા.

## ભાગ ૨.

### વાર્તા ૨૫.

### અર્જુન અને દુર્યોધન.

એક વખત દુર્યોધને શકુનિને પૂછ્યું કે, 'ભીમનું મૃત્યુ શી રીતે થાય તેની કાંઈક યુક્તિ બતાવો.' શકુનિએ કહ્યું કે, 'ભીમ ખાઉધરો છે તેથી તેને લાડુ જમાડો. તેમાં ઝેર નાંખવું. ઝેરને લીધે તે બેભાન થાય એટલે તેને યમુના નદીમાં નાંખી આવવો. ત્યાં મગર અને બીજાં મોટા મોટાં જળચરો[1] તેને ખાઈ જશે.' એ ઉપરથી દુર્યોધને બીજે સવારે ઉજાણીનો સાદ[2] પડાવ્યો, અને ભીમને નોતરૂં મોકલ્યું. ભીમને માટે એક સો મણ લાડુ ઝેર ભેળવીને વળાવી જુદા રાખ્યા. નગર બહાર વાડીમાં ઉજાણી કરી હતી ત્યાં ભીમ ઠેરવેલે વખતે ગયો, એટલે તેને માટે કરી રાખેલા લાડુ તેને બતાવી દીધા. એ લાડુ ખાવાથી ભીમનું શરીર ફગી જવા લાગ્યું, શરીરમાં સુસ્તી અને બગાસાં

---

૧ પાણીમાં ફરનાર જીવનાર પ્રાણી. ૨ ઢંઢેરો ફેરવાવ્યો.

[illegible] લાગા, અને
[illegible] કફથી બેભાન સ્થિતિમાં નીચે પડયો. સંકેત પ્રમાણે દુર્યોધને તેને ઉપડાવી યમુના નદીના એક ઉંડા દ્રહમાં નંખાવ્યો. અહિં તેનું ભારે શરીર છેક તળીએ જઈ ઠર્યું, જયાં તેની આસપાસ સંખ્યાબંધ નાગ ફરી વળ્યા, અને તેનું શરીર લાકડા જેવું થઈ ગયું હતું તેમાંથી ઝેર ચૂસવા લાગ્યા. એ પ્રમાણે ઝેરની અસર ઘણી ખરી જતી રહેવાથી ભીમ બેઠો થયો. નાગદેવોએ તેને પૂછયું, 'તમે કોણ છો અને અહિં કેમ આવ્યા છો?' ભીમે ઉત્તર આપ્યો કે, 'મારા કાકાના દીકરા દુર્યોધને મને લાડુ જમાડયા તેમાં તેણે મને દગાથી મારવા માટે ઝેર ભેળવ્યું જણાય છે, એ ઝેરથી મને મારા દેહનું ભાન રહ્યું નહિ હોય ત્યારે મને ઉંચકી અહિં નાંખી દીધો લાગે છે.' ભીમની વાત સાંભળી નાગદેવો તેને પોતાના રાજા વાસુકી પાસે પાતાળમાં લઈ ગયા; અહિં વાસુકીએ તેને યોગ્ય સત્કાર આપી થોડા દિવસ રોકયો, અને પોતાની કન્યા પરણાવી. ઉજાણીને આગલે દિવસે ભીમે વ્રત કર્યું હતું તેથી તેને વહેલું પારણું કરાવવા સારૂ માતા કુંતાજી રસોઈ તૈયાર કરી ભીમને શોધવા લાગ્યાં. પણ આસપાસમાં જ્યારે તેનો પત્તો મળ્યો નહિ ત્યારે કુંતાજીએ ભીમને શોધી લાવવા માટે ચાર પુત્રોને આજ્ઞા કરી, તેઓએ નગરની અંદર અને બહાર વાડી વજીફા, અને રમતગમતનાં બીજાં સ્થળોએ તપાસ કરી પણ ભીમ હાથ લાગ્યો નહિ. એટલે તેઓ નિરાશ થઇ કલ્પાંત કરતા ઘેર આવ્યા, અને માની લીધું કે ભીમને કોઇએ મારી નાંખી સંતાડયો જણાય છે. આરમે દિવસે ભીમનું શ્રાદ્ધ કરવા યુધિષ્ઠિર યમુનાને કાંઠે આવ્યા

છે, અને કેટલાંક સગાં-વહાલાંઓ તથા શ્રીકૃષ્ણ પણ એ ક્રિયામાં ભાગ લેવા હાજર થયા છે, એ સ્થળે કેટલાક તંબુ ઉભા કરવામાં આવ્યા છે, અને શ્રાદ્ધની સઘળી તૈયારીઓ થઇ રહી છે, તે વખતે વાસુકી નાગની રજા લઈ ભીમ પાતાળમાંથી નીકળી નદી કાંઠે આવ્યો. નગર તરફ આવતાં લોકોની ધમાલ જોઇ ભીમે એક રાહદારીને પૂછ્યું કે, 'આજે શું છે?' વટેમાર્ગુએ ઉત્તર દીધો કે, 'આ નગરમાં ભીમ નામનો શૂરવીર પાંડુપુત્ર ગુજરી ગયો છે તેનું બારમું હોવાથી સામે કાંઠે શ્રાદ્ધ ક્રિયાની તૈયારીઓ ચાલે છે.' એ વાત સાંભળી ભીમ તંબુ તરફ વળ્યો અને એક તંબુ ઉખેડી નાંખી પોતાના મોં અને શરીર ઉપર તે ઓઢી લીધો. એ રીતે ડાઘુનો વેશ લઈ નગરની પોળેથી ઓ! મારા દુર્યોધન ભાઇ રે! ઓ મારા ભાઈ રે! એમ પોક મૂકતો કૌરવોના મહેલ તરફ ચાલ્યો અને મહેલના દરવાજા પાસે બેસી કાનના પડદા ફાડી નાંખે એવી મોટી પોકો મૂકી દુર્યોધનને રડવા લાગ્યો. ભીમનો પોકાર સાંભળી દુર્યોધન દરવાજા પાસે આવ્યો અને કૌરવો સૌ તેની આસપાસ એકઠા થઈ ગયા. જેવો ભીમ મોં ખુલ્લું કરી ઉભો થયો તેવાજ સૌ કૌરવો મૂઠીઓ વાળી નાઠા; પણ એકલો દુર્યોધન ભીમને હાથ પડી ગયો. ભીમ તેને ગળચીથી પકડી નીચે નાંખી છાતીપર ચડી બેઠો, અને કેટલીક મુક્કીઓ તેને મારી. પણ દુર્યોધનનાં સદ્ભાગ્યે અર્જુન ત્યાં આવી ચડ્યા. જેમણે ભીમને કહ્યું કે, 'ભાઈ ભીમ, તમારે દુર્યોધન પ્રત્યે એવું વર્ત્તન ચલાવવું છાજતું નથી. કપટ કે દગાથી તે તમારી સાથે ગમે તેમ વર્ત્યો હોય તોપણ તમારે મોટું મન રાખી તેને ક્ષમા કરવી. તેના દોષ લક્ષમાં લેવા એ આપણું ભૂષણ નથી, પણ તેના

તરફ ક્ષમા દાખવવી એ આપણું ક્ષત્રીય પુત્રનું ખરેખરૂં આભૂષણ છે તમે અમને આજે ફરીથી જીવતા મળ્યા, તેથી અમારે અને આપણાં માતુશ્રીને આજનો દિવસ મહા મંગળ થયો છે; માટે શુભ પર્વના આજના દિવસે દુર્યોધનને કે કૌરવોને ક્ષમા કરી સંતોષવા, કે જેથી તેઓને પણ આનંદ થાય. ગમે તેમ તોપણ તે આપણો ભાઈ છે તેથી આપણે એક તરફ આનંદ કરીએ, અને બીજી તરફ દુર્યોધન તથા કૌરવો રડે અને કુટુંબ કલેશ થાય એવું ડાહ્યા અને સમજુ માણસો કરે નહિ; માટે ભાઇ ઉઠો, અને અને ઘરે ચાલો.' અર્જુનનો બોધ સાંભળી ભીમે દુર્યોધનને જતો કર્યો. એ પ્રમાણે ભીમના પાછા આવવાથી પાંડવો આનંદમંગલ કરવા લાગ્યા અને દુર્યોધન એવો તો ભોંઠો પડી ગયો કે કોઇને મોં દેખાડી શકે નહિ. તેથી કેટલાક દિવસ સુધી ભીમની બીક અને લોકોની શરમને લીધે પોતાના આવાસમાંજ ભરાઈ રહ્યો.

(મહા૦ ભા૦ આ૦ પ૦ અ૦ ૧૯—૨૦)

## સાર.

આ વાત શીખવે છે કે માણુસે દોષવાન પ્રત્યે ક્ષમા રાખી મોટું દિલ બતાવવું, દોષિત માણુસ ક્ષમા મળ્યાથી આપોઆપ પસ્તાવો પામી સુધરે છે. જોકે આ વાતમાંનો દુર્યોધન ક્ષુદ્ર મનનો હોવાથી તેના કઠોર હ્રદય ઉપર ક્ષમાની અસર લાંબે વખતે ભુંસાઈ ગઈ, તો પણ ભીમે તેને જતો કર્યો તે દિવસે જે પશ્ચાતાપ[1] થયો હશે તેનો ખ્યાલ આપણે સહેલથી કરી શકીએ.

---

૧ પસ્તાવો.

## વાર્તા ૨૬.

## જટાયુ અને સીતાજી.

શ્રી રામચંદ્ર બાર વર્ષનો વનવાસ સેવવાની પોતાના પિતાની આજ્ઞા[1] પાળતી વખતે સીતાજી સાથે વનમાં પર્ણકૂટી કરી રહ્યા હતા. તેવામાં એક દિવસ રામચંદ્રજી મૃગનો શિકાર કરવા ગયા હતા, અને તેમની પૂઠે લક્ષ્મણજી તેમની મદદે ગયા હતા, તેથી સીતાજી પર્ણકૂટીમાં એકલાં હતાં. એ તકનો લાભ લઈ લંકાનો રાજા રાવણ સીતાજીને ઉપાડી રથમાં નાંખીને પોતાના નગર ભણી જતો હતો ત્યારે સીતાજી મદદને માટે આક્રંદ[2] કરતાં હતાં તે સાંભળી રસ્તામાં બેઠેલા જટાયુ નામના એક મોટા પક્ષીને દયા આવી, તેથી સીતાજીને રાવણના પંજામાંથી છોડાવવા માટે તેણે રાવણનો રથ પોતાની જબરી ચાંચ વડે તોડી પાડયો. રાવણનાં વસ્ત્રાભૂષણ[3] ચાંચ વડે તોડીને ફાડી નાંખ્યાં. અને સીતાને એ પ્રમાણે છોડાવવામાં જટાયુ પક્ષી ફતેહ પામ્યો. હારી ગયેલો રાવણ પોતાના નગર તરફ પાછો જતો હતો, પણ તેને વિચાર થયો કે એક પક્ષીથી હારીને જો હું સીતાને મૂકી ચાલ્યો જઈશ તો જગત્માં મારી હાંસી થશે, અને એક પક્ષી જેવાથી હાર પામેલો હું લોકોમાં મોઢું દેખાડી શકીશ નહિ, માટે કોઈપણ પ્રકારે જટાયુનો વધ કરવામાં ફાવું તો સારૂં. આવા વિચારથી તે જટાયુ પાસે પાછો આવ્યો અને તેને પૂછ્યું કે, 'હે! પક્ષીરાજ, તમારૂં મોત શી રીતે થાય તે મને સાચે સાચું ન બતાવો તો તમને શ્રીરામચંદ્રજીની આણ છે.' જેનો શ્રીરામચંદ્રજી ઉપર

૧. હુકમ. ૨. કકળાટ, વિલાપ. ૩. લુગડાં અને ઘરેણાં.

અનન્ય[1] પૂજ્યભાવ હતો એવો આ જટાયુ પક્ષી રાવણે આપેલી રામચંદ્રજીની આણને આધીન થઈ બોલ્યો કે, 'મારી પાંખો જ્યારે ઉખડશે ત્યારે મારો વધ થઈ શકશે.' એ પક્ષીની પાંખો ઘણી વિશાળ હતી અને ઉપરની બાજુએથી એટલી તો કઠણ હતી કે કોઇ પણ શત્રુથી એ ભેદાય નહિ. એની પાંખોને ઉંચકી રાવણે જટાયુના ગળામાં ફાંસો નાંખ્યો એટલે તે બળહીન થઈ પડ્યો. એ પ્રમાણે રાવણ પોતાની ધારણામાં ફાવીને સીતાને લઇ લંકા તરફ ચાલ્યો. કેવળ પરમાર્થ બુદ્ધિથી પોતાને રાવણના પંજામાંથી મુક્ત કરનાર જટાયુનો મરણ અવસર જોઈ સીતાજીના દુઃખમાં વધારો થયો. સતી સીતાએ જતાં જતાં તેને આશીર્વાદ આપ્યો કે, 'હે! પરોપકારી દેવાંશી પક્ષી! તારો જીવ રામચંદ્રજી મળતાં સુધી તારી કાયાથી જુદો નહિ પડે.'

(રા૦ અ૦ કાં૦ અ૦ ૧૬.)

## સાર.

પરોપકારી અને પરમાર્થી જીવો અન્ય પ્રાણીઓને દુઃખી જોઇ દુભાય છે. તેઓએ જાણે પરમાર્થ માટે આ દેહ ધારણ કર્યો હોય તેમ પોતાનો જીવ અર્પણ કરીને પણ દુઃખીને મદદ કરવાને તૈયાર હોય છે. એવા જીવો પોતાના જીવતરનું આ લોકોમાંથી સાર્થક કરી પરમાત્માના પવિત્ર શરણમાં પહોંચે છે, એવું શાસ્ત્રો એકે અવાજે પોકારીને કહે છે.

---

૧. કોઈને ન હોય એવો, ઘણોજ.

## વાર્તા ૨૭.

## રાવણ અને વાલી.

લંકાના રાજા રાવણે સર્વ દેવોને વશ કર્યા હતા. તેના પુત્ર મેઘનાદે ઇંદ્ર સાથે યુદ્ધ કરી ઇંદ્રને જીત્યો હતો, તેથી તેનું નામ ઇંદ્રજીત પડ્યું હતું. સૂર્ય, ચંદ્ર, બૃહસ્પતિ, કુબેર, અગ્નિ, વરૂણ વાયુ વગેરે દેવો તેનાં રાજ્યમંદિરમાં તેની સેવા ઉઠાવતા હતા. આથી પોતાના બળ વિષે રાવણને બહુ ઉંચો મત હતો અને તે એટલો બધો ગર્વિષ્ઠ બની ગયો હતો કે શ્રી શંકરનું નિવાસસ્થાન જે કૈલાસ પર્વત, તે પણ તેણે હથેળીમાં ઉંચક્યો હતો. પરંતુ કોઇનું અભિમાન છાજ્યું નથી. એક વખત તે લંકા તરફ જતો હતો ત્યારે કિષ્કિન્ધાનો રાજા વાલી અરણ્યમાં પરમેશ્વરનું ધ્યાન કરી બેઠો હતો. અહંકારી રાવણે તેને ધ્યાનમાંથી ચૂકાવ્યો, તેથી ચીડાઇને વાનરોના બલિષ્ઠરાજા વાલીએ તેને પોતાની બગલમાં ઘાલી દાબી રાખ્યો, પછી સમુદ્રમાં સ્નાન કરી વાલી પોતાને ઘેર આવ્યો અને તેનો દીકરો અંગદ પારણામાં સૂતો હતો તેને પારણે ઉંધે માથે રાવણને લટકાવી મૂક્યો. એ રીતે છ માસ સુધી તે અંગદને પારણે બંધાયેલો રહ્યો. આખરે રાવણના પિતાએ પુત્રને છોડાવવા કપિરાય વાલીને પ્રાર્થના કરી. તેથી વાલીએ તેને છોડી તેનો એક ટાંટીયો ઝાલીને રાવણને ઉંચે ફેંક્યો, એટલે તે લંકામાં જઇ બેઠો. હવે રાવણને સમજાયું કે, 'મારૂં પરાક્રમ હું ધારતો હતો તેમ જગતના સર્વ જીવો કરતાં વધારે નથી.' કોઈ મારા જેવો બળીઓ થયો નથી ને થશે નહિ, એવું જે ગુમાન તે રાખતો હતો તે વાલીએ કરેલા તેના પરાભવથી ઉતરી

ગયું હતું, તેથી લંકામાં આવ્યા પછી તેણે બ્રહ્માને બોલાવીને પૂછ્યું કે, 'મારો વિનાશ કોનાથી થશે તે કહો.' તેના જવાબમાં બ્રહ્માએ તેને જણાવ્યું કે, 'અયોધ્યાના રાજા દશરથના પુત્રને હાથે તારો વધ થશે.'

(રા૦ બા૦ કાં૦ અ૦ ૫.)

## સાર.

સૃષ્ટિમાં સરજાયેલાં સર્વ મનુષ્યો સરખાં હોતાં નથી. રૂપ, ગુણ, બળ, પરાક્રમ એ દરેક મનુષ્યમાં ન્યૂનાધિક[1] હોય છે. પરંતુ નીચ સ્વભાવનાં મનુષ્યો એવું માની બેસે છે કે મારા જેવું કોઈ નથી. તેવા મનુષ્યોએ રાવણના દ્રષ્ટાંતથી ધડો લેવો જોઇએ કે, 'શેરને માથે સવાશેર' હોય છે.

---

## વાર્તા ૨૮.

## મયૂરધ્વજ.

પૂર્વે રત્નપુરી નગરમાં મયૂરધ્વજ નામે રાજા હતો. તે રાજા બહુ ધર્મિષ્ઠ અને વિષ્ણુ ભગવાનનો પરમ ભક્ત હતો. દયા, દાન અને ટેકમાં તે એકકો હતો, તેથી સત્યવાદી રાજા તરીકે ચોતરફ તેની કીર્તી અને વખાણ થતાં હતાં. કોઈ એક વખતે અર્જુને પરમાત્મા શ્રી કૃષ્ણને મોઢેથી પણ મયૂરધ્વજનાં વખાણ સાંભળ્યાં, તેથી તે અચલટેકીનાં દર્શન કરવાની અર્જુનને ઇચ્છા થઇ. શ્રી ભગવાનને તેણે યાચના કરી કે, 'મહારાજ! મને મયૂ-

---

૧. ઓછા વધતાં.

રધ્વજની દ્રઢતા અને ભક્તિ–ભાવના દર્શનનો લાભ આપો.' એ ઉપરથી શ્રી કૃષ્ણે બ્રાહ્મણનું રૂપ લીધું અને અર્જુનને પોતાના શિષ્યનું રૂપ ધારણ કરાવ્યું. એવે રૂપે બંને રત્નપુરી ગયા, જ્યાં મયૂરધ્વજની પાસે જઈ બ્રાહ્મણ આશીર્વાદ આપી ઉભો રહ્યો, ઋષિમુનિઓ અને બ્રાહ્મણો પ્રત્યે પૂજ્યભાવ બતાવતો મયૂરધ્વજ બ્રાહ્મણનો આદરસત્કાર કરી તેમને પૂછવા લાગ્યો કે, 'હે, પૂજ્ય! આપની શી આજ્ઞા છે; આપનાં દર્શનથી હું ભાગ્યશાળી થયો છું, માટે જે ઇચ્છા હોય તે ફરમાવો?' બ્રાહ્મણે નમ્ર વાણીથી કહ્યું કે, 'હે રાજન, સત્યવાદી અને દાનેશ્વરી તરીકે તમારી કીર્તિ દૂર દેશાવરોમાં પણ મેં સાંભળી છે, તેથી આજના કાળમાં મારૂં દુઃખ કોઇ પણ ટાળી શકે તો તેવા પુરૂષ આપ એકજ છો એવું માની મારૂં આવવું થયું છે. હું આ મારા શિષ્યને સાથે લઈ આ ગામમાં સુશીલશર્મા બ્રાહ્મણની દીકરી–મારા દીકરાની વહુ છે તેને તેડવા માટે આવતો હતો, તેવામાં અહિંથી થોડેક છેટે આપના રાજ્યની હદમાં ઘોર જંગલ વચ્ચે અમને એક સિંહ મળ્યો; તે ભૂખ્યો હોવાથી મારા શિષ્યનું ભક્ષણ કરવા તૈયાર થયો. સિંહને કેમે કરતાં મારા શિષ્યના પ્રાણ ઉગારવા મેં આજીજી કરી, ત્યારે સિંહે શિષ્યને ઉગારવાનો એકજ ઉપાય મને બતાવ્યો, પણ તે કહેતાં મારી જીભ ઉપડતી નથી.' પારકાને દુઃખે દુખી એવો મયૂરધ્વજ રાજા અધીરાઇથી બોલી ઉઠયો, મહારાજ, આપ ગમે તેવા પ્રકારે તે વચને સિંહ સાથે બંધાઈ ગયા હશો, ગમે તો મારા પ્રાણ અર્પણ કરવાનું બતાવશો, તો પણ તમારૂં દુઃખ મારાથી ટળી શકે તેમ હશે તો હું આપની સેવામાં હાજરજ છું, માટે સંકોચ કે ખેદ ધર્યા સિવાય આપની વાત કહી સંભ-

ળાવો.' કૃત્રિમ દીલગીરી ધારણ કરી બ્રાહ્મણ બોલ્યો, 'મને તમારા ઉપર પૂર્ણ વિશ્વાસ હતો અને તે સફળ થશે, એમ મારી ખાત્રી થાય છે. સિંહે મારી પાસેથી એવું વચન લીધું છે કે તમારાં સ્ત્રી અને પુત્ર તમારા દેહને વહેરે અને તમારો અર્ધો દેહ મારે સિંહ ને પહોંચતો કરવો. તમે તો સત્યવાદી છો, એટલે દેહ અર્પણ કરવાને તૈયાર થાઓ, પણ સુશોભિત મંડપ વચ્ચે વસ્ત્રાલંકાર ધારણ કરી તમારી પત્ની અને પુત્ર કરવત વતી તમારો દેહ વહે-રવાનું માથે લે એ કાંઇક શંકા ભરેલું લાગે છે!' એટલું સાંભળી એક તરફથી રાજાએ 'તથાસ્તુ' કહી મંડપની તૈયારી કરવા માંડી, અને બીજી તરફથી રાણી તથા રાજપુત્રને બેમૂલાં વસ્ત્રાભૂષણ પહેરી મંડપમાં હાજર થવા આજ્ઞા મોકલી. થોડી વારમાં બધું તૈયાર થયું અને રાજા ગંગોદકથી નહાઈ ધોઈ, પૂજા—અર્ચન કરી મંડપ વચ્ચે ઉઘાડે માથે આવી ઉભો. નગરમાં એ વાત ચોતરફ ફેલાતાં લોકોનાં ટોળે ટોળાં આવવા લાગ્યાં. રાણી કુમુ-દ્વતી અને રાજપુત્ર તામ્રધ્વજ પણ આવી પહોંચ્યાં. એક તરફ ઝગઝગાયમાન કરવત પણ મંગાવી હાજર રાખ્યું. રાણી અને તામ્રધ્વજ રાજાને પગે લાગી વિનયપૂર્વક બોલ્યાં કે, 'શી આજ્ઞા છે?' પછી રાજાએ સર્વ હકીકત કહી ફરમાવ્યું કે, 'આ પાસે પડેલું કરવત લઇ તમે મા દીકરો મારા દેહને વહેરો, અને તેનું એક ફડાશીયું આ બ્રાહ્મણને આપી સંતોષજો. જે દેહ પરોપકાર માં એટલે ઇશ્વર પ્રત્યર્થે ઉપયોગમાં આવે છે તેનુંજ જીવીત સફળ છે એમ માનજો, અને તમારા જીવને લેશ પણ કલેશ કે સંતાપ થવા દેશો નહિ. હવે હું તમને આજ્ઞા કરૂં છું કે આ બ્રાહ્મણનું કામ સત્વર કરી આપો.' રાજાનાં એ વચનો સાંભળી

એકઠા મળેલા નગરના લોકો આ હૃદયભેદક દેખાવથી અશ્રુપાત કરવા લાગ્યા. રાણી કુમુદ્વતી બે હાથ જોડી બ્રાહ્મણની પ્રાર્થના કરવા લાગી કે, 'હે મહારાજ, આ મારા દેહમાં અર્ધો ભાગ રાજાનો છે માટે મને વહેરીને એક ભાગ લઇ જાઓ, એટલે આપનું કામ પતશે.' પણ બ્રાહ્મણે તેમ કરવા ના પાડી. એટલે રાણી અફસોસ કરવા લાગી કે, 'હું હીણભાગી કે મારો દેહ પરમાર્થના કામમાં ખપ આવ્યો નહિ.' પછી રાજકુમાર તામ્રધ્વજ બ્રાહ્મણને વિનવવા લાગ્યો કે, 'મારા દેહમાં પણ રાજાનો અર્ધો હિસ્સો છે માટે કૃપા કરી મારા દેહનો સ્વિકાર કરો.' તેની પણ બ્રાહ્મણે ના પાડી. એટલે મા દીકરાએ જાજરમાન કરવત હાથમાં લીધું, અને જેવું મયૂરધ્વજના માથા ઉપર મૂકવા જાય છે તેવાજ પરમાત્મા શ્રીકૃષ્ણ સાક્ષાત્ સ્વરૂપે મયૂરધ્વજના સામા આવી ઉભા, અને મયૂરધ્વજની ભક્તિનાં વખાણ કરવા લાગ્યા. એટલે રાજારાણી સૌ ભગવાનને પગે પડયાં અને મયૂરધ્વજને આશીષ આપી અર્જુન સાથે શ્રીકૃષ્ણ પાછા વિદાય થઈ ગયા.

(મહા૦ ભા૦ અ૦ ૫૦ અ૦ ૧૬.)

## સાર.

જેઓ ઈશ્વર પ્રત્યે ખરો ભક્તિભાવ દાખવે છે તેઓ સ્વાત્માર્પણ કરવાને હમેશાં તૈયાર હોય છે. રાજ્ય, લક્ષ્મી, કુટુંબ કે દેહ તેમને ગળે વળગતાં નથી. મરણાન્ત લગી પારકાનું ભલું કેમ કરવું, દુઃખીનું દુઃખ શી રીતે ટળાય એવા પ્રકારની શુભ ઈચ્છાઓમાં તેઓ હરહમેશ મચી રહેલાં હોય છે, તેમ કરવું એજ માણસ માત્રનો ધર્મ છે. સર્વ કોઇ પારકાનું ભલું કરવા

અંતરથી ઇચ્છા કરી તેમ કરવા પ્રયત્ન કરે તો સર્વનું ભલું થઈ દેશની ઉન્નતી થાય.

---

## વાર્તા ૨૯.

## શ્રીકૃષ્ણ અને કંગાલ સુદામા.

શ્રીકૃષ્ણ ભગવાન દ્વારકાના રાજા હતા, તે વખતે તેમના બાલમિત્ર સુદામા છેક દારિદ્રાવસ્થામાં[1] હતા. પરંતુ સુદામા બ્રહ્મવેત્તા[2], શાંત ચિત્તવાળા, જીતેંદ્રિય[3] અને સંતોષી હતા, તેથી જે કાંઇ મળે તેમાં સંતોષ માની પોતાનો અને પોતાના કુટુંબનો નિર્વાહ ચલાવતા. આ પ્રમાણે તેમનો ગૃહસ્થાશ્રમ[4] ચાલતો હતો. તેમની સ્ત્રી શુદ્ધ પતિવ્રતા હોવાથી સ્વામીને સુખે સુખી, ને સ્વામીને દુઃખે દુઃખી રહેતી હતી. એક વખત એવું બન્યું કે બે ત્રણ દિવસ થયાં ઘરમાં કાંઇ ખાવાનું નહોતું, અને છોકરાંઓ સૌ અરધાં ભૂખ્યાં, લાંઘણથી પેટમાં ખાડા પડી ગયેલાં ભોંયપર આળોટતાં હતાં.ભૂખના દુઃખથી ટળવળતાં નાનાંનાનાં બચ્ચાંઓનું દુઃખ તે સતી સ્ત્રી જોઇ શકી નહિ, અને શું કરવું? ક્યાં જવું? એવા વિચારોથી અકળાઇ ગયેલી અને મુંઝાયેલી તે પતિ પાસે આવી. આંખમાં આંસુ ચાલ્યાં જાય છે, 'મારા નાનાં બાળકોને ખાવા જેટલું પણ, હે ઇશ્વર! તેં અમને આપ્યું નહિ' એમ કહી નિસાસો મૂકતી મૂકતી તે બોલી, 'હે ઇશ્વર-તુલ્ય પતિ! આપ તો ઇશ્વરભક્તિમાં લીન[5] થઈ ગયા છો, પણ હું પાપીણી છોકરાંઓને અન્ન વગર ટળવળતાં જોઇ ધીરજ

---

૧, ગરીબ હાલતમાં, ૨. ઈશ્વરને ઓળખનારા. ૩. ઈંદ્રિઓને વશ રાખનારા. ૪, સંસાર વહેવાર. ૫. રચીપચી રહેલાં.

રાખી શકતી નથી માટે બે હાથ જોડી આપને વિનંતિ કરવા આવી છું. તે મારી ખાતર અને મારા પ્રાણથી વહાલાં બાળકોની દયાની ખાતર કૃપા કરી ધ્યાનમાં લેશો. આપના મિત્ર શ્રીકૃષ્ણ ભગવાન દ્વારકાના અધિપતિ છે, તેમની પાસે જશો તો તે મહા પ્રભુને કશી ઓછપ નથી. તે તમારૂં દુઃખ ટાળશે. ત્યાં ધન, ધાન્ય કે વસ્ત્રાદિક–કોઈ વાતની કમી નથી, અને મને ખાત્રી છે કે તમે ત્યાંથી ઠાલે હાથે પાછા નહિ ફરો.' સ્ત્રીનાં આ દીન વચન સાંભળી સુદામાજી બોલ્યા, 'એ ભગવાન ક્યાં અને હું ક્યાં? એવા મોટા માણસ આજે મને હવે વીસરી ગયા હશે, ને ઓળખશે પણ નહિ. પણ કદી ઓળખે, તો પણ તેમના રાજ્યદરબારમાં જવા જોગ પહેરવાને લુગડાંએ મારે ક્યાં છે! મારી દારિદ્રિ અવસ્થા અને ચીંથરીઓ વેષ, મારૂં હાડકાના માળા જેવું લોહી માસ વગરનું શરીર, દારિદ્રના દુઃખથી દાંત સાથે ચોંટી ગયેલા ખાડાવાળા મારા ગાલ અને ઉંડી ઉતરી ગયેલી મારી આંખો, એ બધું જોઈને પ્રથમ તો રાજ મંદિર[1] આગળ ફરતા પહેરેગીરો મને પેસવાજ શાના દેશે? તો પછી ભગવાનને મળવાની તો આશાજ ક્યાંથી? કે આપણું દારિદ્ર ફીટે! પોતાના સ્વામીનાં નિરાશા ઉપજાવનારાં વચનથી હિમ્મત ન હારતાં તે સાધવી સ્ત્રી બોલી, "શ્રી ભગવાન મોટા છે એ વાત તમારી ખરી, પણ મોટાને મોટાઈ હોતી નથી. અને મોટાઈ રાખે છે તે મોટા હોતા નથી. એમને મન તો રાજા ને રંક સૌ સરખું છે. એ તો ભાવના ભૂખ્યા છે; વળી તમારા બાળમિત્ર[2] છે. તેથી તમારો આ વેષ અને તમારા દેદાર[3]

૧. રાજાને રહેવાનો મહેલ. ૨. નાનપણના ભાઇબંધ. ૩. સ્વરૂપ.

જોઈ તે લજવાશે કે નીચું જોશે નહિ, પણ ઉલટા તમને જોઇ બહુ ખુશી થશે, તમને ભેટી બહુ આનંદ પામશે. મને એ મોટા પ્રભુનો પૂરેપૂરો ભરૂસો છે, તેમનાં દર્શન તમને થાય અને પછી તમને ભૂખ કે દુઃખ રહે એમ કદી બને નહિ. એમ કરતાં મારાં અને તમારાં છોકરાંઓનાં દુર્ભાગ્ય[1] હશે, અને અમારૂં દારિદ્રય નહિ ટળે તો પછી અમારા નશીબને દોષ દઇ અમે બેસી રહીશું. પણ હું તમને પગે પડીને કહું છું કે એકવાર તો જાઓ. એકવાર ભાગ્યનું પારખું જૂઓ, એકવાર અમારી–ગાયની વ્હાર કરો.” એક તો સ્ત્રીની જાત અને દીનવાણી, બીજું ઘરમાં ભીડ[2] અને ત્રીજું છોકરાંઓનો ટળવળાટ–એ બધું મળી મળીને એકઠું થયું, એટલે સુદામાએ મિત્ર પાસે જવા હા પાડી. પણ સુદામા બોલ્યા, ‘હે ! ભદ્રે[3]! મારા મિત્રને ઘરે જાઉં છું. ત્યાં મિત્રના ઘરમાં ઈંદ્રપુરીથી અધિક સામગ્રી હશે, છતાં પણ મિત્રનાં છોકરાં કહેશે કે, ‘કાકા, અમારે માટે શું ખાવાનું લાવ્યા તો હું શું આપીશ ? માટે કાંઈ પણ ચીજ ખાવાની આણી આપ તો તે લઇને જાઉં. વળી ભગવાન શ્રીકૃષ્ણ પાસે ઠાલે હાથે જવાય નહિ, કાંઇ પણ ભેટ મૂકવી જોઇએ.’ પતિની જવાની કબુલાતનાં વચનથી સુદામાજીની સ્ત્રી કાંઇક ઉલ્લાસમાં તો આવ્યાં, પણ પતિની માગણી સાંભળી વળી તે વિચારમાં પડી ગયાં. ઘરમાં કાંઈ ખાવા સરખું પણ નહોતું. તો લઇ જવા લાયક તો શું હોય? પણ વળી વિચાર કર્યો કે, હશે, ચાલ જીવ, ગમે ત્યાંથી કાંઇક માગી આણું કે જેથી મારા સ્વામી પ્રસન્ન વદને જાય.’ આમ વિચાર કરી

---

૧. નબળું નસીબ, ૨. તાણ, ગરીબાઈ. ૩. સ્ત્રી.

પાડોશીને ઘરે ગઈ, અને બે ચાર ઘરે ભટકી ત્યારે એક ઘરેથી થોડાક પઉંઆ મળી આવ્યા, જે લઇ હરખાતી હરખાતી સુદામાજીને કહેવા લાગી કે, 'આ ખાવાનું લ્યો અને જાઓ.' સુદામાજી ફાટયાં ટુટયાં ગાભા જેવા વસ્ત્રો અને હાથમાં એક ભાગેલી લાકડી લઇ જવા તૈયાર થયા. પેલા પઉંઆને એક ચીંથરામાં બાંધ્યા; અને તેના ઉપર એક પછી એક એમ ત્રણ ચાર ચીંથરાં વીંટાળી એક નાની સરખી પોટલી કરી, તેને વસ્ત્રમાં વીંટાળી બગલમાં મારી સુદામાજી પોતાના મિત્ર શ્રીકૃષ્ણ પાસે ચાલ્યા. મિત્ર શ્રીકૃષ્ણ તો ભગવાન છે, એટલે તેમનાથી કાંઇ છાનું રહેતું નથી. પોતે સર્વજ્ઞ[૧] છે. સુદામાજીનો ભક્તિભાવ અને પ્રેમ જાણી રહેલા છે. સુદામાજીને રાજમંદિરમાં પેસતાં કોઇએ અટકાવ્યા નહિ, એટલે ખુશી થતા થતા તે ભગવાનના આવાસ[૨] તરફ ગયા, પણ પોતાના વેશથી લજવાતા, શરમાતા આમ તેમ નજર નાંખતા જાય છે. પોતાના ગુરૂભાઈ, બાળમિત્ર અને પ્રેમી ભક્તને છેટેથી નીહાળી શ્રી પરમાત્મા ભેટવાને સામા દોડી આવ્યા. બાથમાં ઘાલી પ્રિતીથી ખુબ ભેટી પડ્યા, જેમ ખોવાયેલું બાળક માતાને હાથ લાગે ત્યારે માતાને હર્ષનાં આંસુ આવે તેમ શ્રી ભગવાનની આંખમાં હર્ષનાં આંસુની ધારા ચાલી. પોતાના પોઢવાના પલંગ પર સુદામાજીને બાથમાં ઘાલી બેસાડ્યા. પતિના પરમ મિત્રને પધારેલા જોઈ શ્રી લક્ષ્મીજી પણ તેમને ચામરથી વાયરો ઢોળવા લાગ્યાં. પણ બીજી રાણીઓ સુદામાજીના ડોળ જોઇ મનમાં ને મનમાં હસવા લાગી. સર્વજ્ઞ ભગવાન ચેતી ગયા અને

૧. બધું જાણી રહેલા. ૨. મહેલ.

કહ્યું કે, 'જે મારા મિત્રની પરોણાચાકરી કરવામાં પ્રથમ દરજ્જો લેશે, તેને હું ઇનામ આપીશ.' ઇનામ મેળવવાની લાલસામાં સૌ રાણીઓ પતિના મિત્રની આસનાવાસનાની સામગ્રી કરવા મંડી પડી. કોઇએ પાણી ઉનું મૂકી સુગંધી તેલથી સુદામાજીનું શરીર ચોળી ન્હવડાવ્યા, કોઇએ રસોઈ બનાવી ભાત ભાતનાં ભોજન જમડ્યાં; કોઇ સેજ બીછાવવા મંડી ગઈ એમ સૌ કામમાં પડી ગઈ. શ્રી ભગવાન મિત્રને 'થાકી ગયેલા છો' કહી પગચંપી કરવા લાગ્યા. સુદામાજી તો કાંઈ બોલી શકતા નથી. મિત્રનો રાજવૈભવ ૧ અને પોતાની દારિદ્રતા છતાં મિત્રની પોતાના તરફની લાગણીથી તેમને કાંઈ બોલવાનું સુજતું નથી. સુદામાજીના મનની વાત ભગવાન જાણી ગયા કે પોતાના દારિદ્રથી લજવાઈ મિત્ર બાળપણની વાતો પણ કરતા નથી. તેથી ભગવાન પોતે સાંદીપની ગુરૂને ત્યાં રહેતા તે વખતની એક બીજાની મિત્રતાની વાત છેડી કહેવા લાગ્યા કે, 'ભાઈ, આપને યાદ તો હશે કે આપણે એક વખત ઇંધન લેવા ગયેલા ને વરસાદ પડયો, એટલે અંધારી રાતે ભટકી ભટકી થાકયા પણ કેમે કર્યો આપણને રસ્તો ન સુજ્યો.' આવી અનેક પ્રસંગોની વાતો કરે છે, પણ સુદામાજી તો હોઠ ખોલતા નથી, ત્યાં બોલવાની તો આશાજ શી! પેલી પઉંઆની પોટલી પોતાના પડખામાં મૂકી છે, તે વારે વારે તપાસતા જાય છે. ભગવાન સમજી ગયા કે સુદામાજી તાંદુલ લાવ્યા છે તે આપતા શરમાય છે, એટલે પોતે બોલ્યા, 'તમારી ભાભીઓ માટે જે અમૂલ્ય ચીજ લાવ્યા છો તે

---

૧. સાહ્યબી.

તેમને વહેંચી આપો.' એમ કહી શ્રીકૃષ્ણ પોટલીપર હાથ નાંખવા જાય છે, તેમ તેમ સુદામાજી પોટલીને પડખામાં ખેંચતા જાય છે. છેવટે શ્રીકૃષ્ણે પોટલી છોડી, તેમાંના તાંદુલ સૌ રાણીઓને વહેંચી આપ્યા, થોડા પોતે પણ આરોગ્યા. રંક મિત્રના ભાવથી આણેલા તાંદુલમાં ભગવાને એવી તો મીઠાશ મૂકી કે અમૃતથી પણ અધિક સ્વાદ થઇ પડયો, અને અન્નકોષમાં[1] જતાં બત્રીશ કોઠે દીવા થયા હોય એવી મીઠાશ લાગી. જમ્યા પછી બંને મિત્રો વાતચીત કરતા કરતા ઉંઘી ગયા. સવારમાં ઉઠી સુદામાજીએ જવાની તૈયારી કરી. ચીંથરાં વીંટેલી પોતાની લાકડી લઇ મિત્રની રજા માગી. શ્રીકૃષ્ણ કેટલેક દૂર સુધી વળાવવા ગયા. મિત્રથી છૂટા પડી સુદામાજી પંથે પડ્યા. ચાલતાં ચાલતાં માર્ગમાં વિચાર કરે છે કે, "અહો! દૈવ[2]! તારી ગતી ન્યારી છે[3]! ધનના ડુંગર પર બીરાજેલા કૃપણ મિત્રે મને કાંઇ પણ ન આપ્યું. અહા! હે! જીવ! હવે મારી સ્રી અને છોકરાં મને પૂછશે કે, 'મિત્રને ત્યાંથી શું લાવ્યા?' અને જ્યારે તેમને જવાબ મળશે કે, 'કાંઈ નહિ, ઉલટો ગાંઠનો તાંદુલ ગુમાવી આવ્યો;' ત્યારે તેમને કેવી નિરાશા ઉપજશે! હરિ! હરિ! મારી સ્રી વળી મારો દોષ કાઢશે ને કહેશે કે, 'તમે કાંઈ માગ્યુંજ નહિ હોય, એટલે શું આપે.' પણ હે! જીવ! હું શું માગું? મારી જીભ તો કેમે કરી ઉપડતી નહોતી, ત્યાં માગું તો શુંજ? પણ અરે! માનવિનું મન ઢંગધડા વગરનું છે. ઈશ્વરને ક્યાં ઘરનું આપવું પડે છે? કરીએ એવું પામીએ, ને વાવીએ તેવું લણીએ.

---

૧. ખાધેલું રહેવાની પેટમાં જગો. ૨. નશીબ. ૩. જુદી જાતની, ધાર્યું હોય કાંઈ અને થાય કાંઇ એવી.

પૂર્વજન્મમાં કોઇને ન આપ્યું હોય, તો આ જન્મમાં ક્યાંથી મળે? એમાં મિત્ર શું કરે? મારા નશીબમાંજ ન હોય તો ઇશ્વર ક્યાંથી આપે? મારા જેવા રંકને ધન મળવાથી અહંકાર પેદા થશે એવું ધારીનેજ શ્રી પ્રભુએ મને કાંઈ નહિ આપ્યું હોય તો કોણ જાણે!" આમ અનેક તર્કવિતર્ક[1] કરતા કરતા સુદામાજી પોતાના ઘર નજીક આવે છે, અને આમ તેમ નજર ફેરે છે, પણ પોતાનું જીર્ણ થઇ ગયેલું ઝુંપડું જડતું નથી. એટલે વિચાર કરી જાય છે કે 'આ ખાંચો નહિ, હું ભૂલો પડયો' એમ ધારી પાછા ફરે છે પણ આજુબાજુના મકાનો જોઇ વળી ખ્યાલ[2] કરે છે કે 'ખચીત, મારા ઘરનો ખાંચો તો આજ, પણ આ સામે જળજળાટ મારતો મહેલ દેખાય છે તે કોનો? મારૂં ઘર ક્યાં ગયું? અરે! પણ એ તો આ ઠેકાણેજ હોવું જોઈએ. ને ત્યાં તો આ બાગ બગીચા ને રાજમંદિર સરખો મહેલ શાનો? ઘરનું તો જે થયું તે ખરૂં, પણ મારી સ્ત્રી અને મારાં બાળકો ક્યાં? આ શો ચમત્કાર!' આમ ઘડીકમાં ખેદ અને ઘડીકમાં આશ્ચર્ય પામતા સુદામાજી વારંવાર ખાંચામાં પેસે છે અને બહાર નીકળી જાય છે, એવામાં પતિની રાહ જોતી મહેલની અગાસીમાં વારંવાર હેરાફેરા ખાતી સુદામાજીની સ્ત્રીની નજર પતિ ઉપર પડી. અને પોતાના પ્રભુને ભેટવા સ્ત્રીઓના વૃંદ[3] સાથે ગાતી ગાતી સામે આવી. હર્ષના આંસુ સાથે પતિને વધાવ્યા, અને શ્રી પરમાત્માએ ધન, ધાન્ય, મહેલ, બગીચા, વસ્ત્રો અને એમૂલાં આભૂષણથી સુદામાજીના કુટુંબને કેવી રીતે નવાજ્યું[4] હતું તે વાત કહી સંભળાવી. (ભા૦ સ્કં૦ ૧૦ અ૦ ૮૧.)

---

૧. અવળા સવળા વિચારો. ૨. અનુમાન. ૩. ટોળાં. ૪. ન્યાલ કર્યું.

## સાર.

જ્યાં મિત્રતા છે ત્યાં નાનું મોટું કાંઇ હોતું નથી. ખરી મિત્રતા અને પ્રીતિ સમાન ગણવાથીજ થાય છે અને નભે છે. ક્યાં ઇંદ્રથી અધિક સમૃદ્ધિવાળા[1] શ્રીકૃષ્ણ અને ક્યાં રંક કંગાળ સુદામાજી! 'ગમે તેવા દારિદ્રથી પીડાયેલો રહ્યો, પણ મારો મિત્ર છે' એમ જાણી પ્રભુએ તેની કેવી આગતા-સ્વાગતા કરી! એટલુંજ નહિ, પણ તાંદૂલ જેવી ભેટમાં અમૃત સરખી મીઠાશ મૂકી, પોતાની રાણીઓને જણાવ્યું કે, 'મારા મિત્ર જે ભેટ લાવ્યા છે તે જેવી તેવી નથી, પણ અતિ અમૂલ્ય ચીજ છે.' કેટલાક દાન આપીને કહી દેખાડે છે, કેટલાક કીર્તિને માટે દાન આપે છે, પરંતુ ખરૂં દાન તો ગુપ્તદાન છે. દયાની લાગણીથી દુઃખીને મદદ કરવી તેજ ખરૂં દાન છે. શ્રીકૃષ્ણે એક પણ શબ્દ બોલ્યા વગર કે ઇશારો જણાવ્યા વગર સુદામાજીને વિદાય કર્યા, પરંતુ જે અથાગ દ્રવ્ય આપવાનું હતું તે તો ક્યારનાએ આપી ચૂક્યા હતા. વળી 'મારી રાણીઓના દેખતાં મિત્રને દાન આપવું કે આપ્યું છે એમ કહેવું એ મિત્રને નીચું જોવાનું કારણ થઇ પડશે, અગર આપ્યું છે તે કહી દેખાડવું એ હલકા માણસનું કામ છે' એમ ધારી શ્રીકૃષ્ણ કાંઇ ઉચર્યા નહિ. ધન્ય છે એવા મિત્રને! ધન્ય છે એવા ગુપ્ત દાન કરનારને!

---

1. લક્ષ્મીવાળા.

## વાર્તા ૩૦.

## ભીમ ને બ્રાહ્મણીનો પુત્ર.

પાંચે પાંડવો તથા માતા કુંતાજી વનવાસના દિવસોમાં ફરતાં ફરતાં એક દિવસ અકા નામે નગરમાં આવી પહોચ્યાં. તેઓએ એક વિધવા બ્રાહ્મણીના ઘરમાં ઉતારો કર્યો. આ બ્રાહ્મણીને એકનો એક પુત્ર હતો, જેના પર રંડાપો ગાળતી હતી. સાંજનો વખત થતાં તે ગામના રાજાનો સિપાઇ આવી પેલી વિધવા બ્રાહ્મણીને કહેવા લાગ્યો કે, 'ડોશી, આજે તમારા દીકરાનો વારો છે, માટે તેને તૈયાર કરી રાખજો.' રાજાના આ હુકમના સમાચાર સાંભળી ડોશીએ ઉંડો નિસાસો મૂકયો, તેના કાળજામાં કડકડતું તેલ રેડાયું, હાથ પગની નાડીઓ શિથિલ થઈ ગઈ અને તેના ટાંટીઆ તુટવા લાગ્યા. ઘડીભર શુનકાર જેવી પડી રહી, પછી જરા જાગૃતીમાં આવતાં રડવા અને કુટવા માંડયું, અને ભારે વિલાપથી આક્રંદ કરવા લાગી. બ્રાહ્મણીનું એકદમ રડવું સાંભળી માતા કુંતા તેની પાસે ગયાં અને તેને તેમ કરવાનું કારણ પૂછ્યું. ડોશીએ ઉત્તર આપ્યો, 'આ ગામમાં ઘણાં વર્ષ થયાં એક બક નામનો રાક્ષસ હળ્યો છે. તે પ્રથમ તો રાજાને અને રૈયતને અતિ ઘણી રંજાડતો, પણ રાજાની બહુ આજીજીથી તે હવે રોજ એક ગાડું ભરી લાડુ, દશ મણ દૂધ, બે કળશી અડદના બાકળા તથા એક માણસનો ભોગ લે છે, એટલે રોજ એક માણસ ઘરદીઠ લેવાનો રાજાએ હુકમ કાઢેલો છે. ઘણાં વર્ષ થયાં આ ભોગ અપાતો આવે છે તેથી મારા ચાર પુત્રો તો હું એ બાલદાનમાં ખોઇ બેઠી છું. મારે પણ તમારી માફક પાંચ પુત્રો હતા પણ હવે માત્ર એકજ પુત્ર રહ્યો છે, અને તેનો આજ રાક્ષસના બલિદાનમાં જવાનો વારો છે તેથી પાંચ

પુત્રોની માતા છતાં હું કાલે સવારે વંધ્યા થઈ રહેવાની. ડોશી હજી તો પોતાનું બોલવું પૂરૂં કરે તેટલામાં તેનો પુત્ર બહારથી આવ્યો, જેને દેખી ડોશી ફરી ધ્રૂસકે ધ્રૂસકે રોવા મંડી, એટલે છોકરો પણ સમજી ગયો કે આજે રાક્ષસના બલિદાનમાં જવાનો મને હુકમ થયો જણાય છે. તેથી છોકરો પણ ડોશીની કોટે વળગી પડી વિલાપ કરવા લાગ્યો, અને દેખાવ એવો તો કરુણાજનક થઈ પડયો કે દયાળુ હૃદયનાં માતા કુંતાની આંખોમાંથી ચોધારાં આંસુ ચાલી રહ્યાં. તેમણે તેમને ગદગદતે કંઠે ડોશીને દીલાસો આપી કહ્યું કે, 'મારા પાંચ પુત્રો તેમનાથી બનશે તેટલી મદદ તમને કરશે, માટે ધીરજ રાખો.' માતાકુંતા અને ડોશી વચ્ચે ચાલતી વાતના ભણકારા દૂર બેઠેલા પાંચે પાંડવોના કાન પર ગયા, તેથી તેઓ પણ ત્યાં આવી દિલાસો આપવા લાગ્યા અને કહ્યું કે, 'ડોશી, તમે ફીકર કરશો માં. આજનો તમારા દીકરાનો વારો અમે ઉપાડી લેઇશું'. પછી તેઓ માંહોમાંહે કહેવા લાગ્યા કે, 'માતાજીની ઇચ્છા છે તેથી હું બ્રાહ્મણનો વારો માથે લઉં છું.' પણ ધર્મ રાજા અને કુંતાજીએ ઠરાવ્યું કે રાક્ષસને પૂરો પડે એવો ભીમ છે તેથી તેને જવા દેવો. એ સાંભળી ભીમ બહુ હરખાયો. બ્રાહ્મણોની માફક તેને લાડુ બહુ વ્હાલા હતા તેથી વળી તેને અધિક આનંદ થયો. શિરસ્તા મુજબ રાતના નવ વાગતા બ્રાહ્મણીનો પુત્ર રાજાના હુકમ મુજબ ગામ બહાર બક રાક્ષસનું દેવળ હતું ત્યાં જઈ રહ્યો. રાક્ષસ બરાબર મધ્ય રાત્રિએ આવે તે પહેલાં જઇ પહોંચવાનું ભીમે વચન આપ્યું હતું, શહેરના દરવાજા બંધ થઈ ગયા અને જળ જંપ્યું એટલે ભીમસેન ગામનો ગઢ ઠેકી નીમેલે ઠેકાણે હાજર થયો. તેણે જઇ બ્રાહ્મણીના પુત્રને એક નિર્ભય સ્થળે સંતાડયો, અને લાડુ, દૂધ, બાકળા સર્વે થોડી વારમાં

ગટ કરી જઇ દેવળમાં બળતો દીવો બુઝાવી ગાડામાં ધૂળ ભરી, ચત્તોપાટ થઈ દેવળના ઘુમટ નીચે સૂતો, અને પેટ ભરીને ખાધેલું હોવાથી પેટ ઉપર હાથ મૂકી ક્ષણવારમાં નિદ્રાવશ થયો. દેવળની ટાઢી છોમાં તેને એવી તો નિરાંતે ઉંઘ આવી ગઇ કે તેનાં નસકોરાનું બોલવું આસપાસના જંગલમાં ગાજી રહ્યું. હમેશનો વખત થતાં રાક્ષસ દેવળ તરફ આવવા લાગ્યો ત્યારે ભીમનાં નસકોરાંની ગર્જના કેટલેક દૂરથી તેના પણ સાંભળવામાં આવી. રાક્ષસ પણ વિચારમાં પડી ગયો કે આજે આવેલું મનુષ્ય કોઇ અદ્ભુત લાગે છે, અને મોતની તેને કાંઇ ચિંતા કે દીલગીરી પેદા થતી હોય એમ જણાતું નથી. ખરેખર હતું પણ તેમજ. ભીમને પોતાના સામર્થ્ય પર વિશ્વાસ હતો, તેથી તે નભરવશ-પણે ઘોરતો હતો. પ્રથમ તો ભૂખ્યો રાક્ષસ દેવળમાં અંધકાર જોઇ ક્રોધાતુર થયો અને હાથ પગ પછાડવા લાગ્યો. એ અવા જથી ભીમ જાગી ગયો અને આળસ મરડી બેઠો થાય છે તેટલામાં રાક્ષસ ક્ષુધા તૃપ્ત કરવા ગાડા પાસે ગયો, પણ તેમાં લાડુને બદલે ધૂળનાં ઢેફાં જોઈ ક્રોધથી લાલચોળ બની ગયો. તેણે એક-દમ ભીમ પાસે આવી ક્રોધના આવેશમાં ભીમને એક પાટુ મારી એટલે ભીમે તેનો ટાંટીઓ ઝાલી નીચે નાંખ્યો અને તેની છાતી પર ચડી બેઠો. એમ બન્ને વચ્ચે બાથમબાથા થતાં ભીમે રાક્ષ-સના બે પગ ઝાલી તેને ચીરી નાંખ્યો, તેનાં નાક કાન કાપી બ્રાહ્મણના પુત્રને આપ્યાં અને તેના બે હાથ કાપી લઇ તે નગર તરફ વળ્યો. નગરના દરવાજા પાસે એકેક બાજુ તરફ એકેકો હાથ મૂકી, પોતે ગઢ ઓળંગી પોતાને ઠેકાણે આવ્યો, અને ચિંતામાં બેઠેલી બ્રાહ્મણીને રાક્ષસના વધના ખુશ ખબર આપી સૂઈ ગયો. બીજી સવારે માતા કુંતા તેમને પંથે પડયાં. દરવાજે

સવારમાં દરવાજો ઉઘાડયો ત્યારે ઘરના મોભ જેવા રાક્ષસના હાથ દરવાજા બહાર જોઇ તે ઉપાડી લીધા અને, રાજા પાસે જઈ રાક્ષસને પોતે ઠાર કર્યાની બડાઈ મારવા લાગ્યો. પણ રાજાએ તેની વાત માની નહિ અને ખાત્રીને માટે રાક્ષસનાં નાક કાન લઈ આવવા હુકમ કર્યો, જે દિવસ ઉગતાં બ્રાહ્મણના પુત્રે રાજા હજુર રજુ કર્યા, તેથી રાજા પ્રજા સૌ ઉત્સવ કરવા લાગ્યાં અને બ્રાહ્મણને શિરપાવ આપી સંતોષ્યો.

(મહા૦ ભા૦ આ૦ ૫૦ અ૦ ૩૦—૩૧)

### સાર.

પરોપકાર અર્થે જીવ પણ અર્પણ કરતાં સુધી અસલના આર્યો અચકાતા નહિ, એટલુંજ નહિ પણ દુઃખીને મદદ કરવાની પોતાની ફરજ સમજતા. પુત્ર જેવું રત્ન પરોપકારને માટે જોખમમાં નાંખવા ખરી આર્યમહિલાઓ તે વખતમાં તત્પર રહેલી જોવામાં આવતી.

---

## વાર્તા ૩૧.

## યાદવકુમારોએ કરેલી ઋષિઓની હાંસી.

એક વખત કેટલાએક યાદવકુમારો રમવા નીકળ્યા હતા તે ફરતા ફરતા પિંડારામાં આવી પહોંચ્યા. અહીં વિશ્વામિત્ર, અગસ્ત્ય, કણ્વ, દુર્વાસા, અંગિરા, ભૃગુ, કશ્યપ, વામદેવ, અત્રિ અને વસિષ્ઠ, નારદ વગેરે ઋષિઓ તપોવનમાં તપ કરતા હતા. 'વિનાશ કાળે વિપરીત બુદ્ધિ,' એ મહાન્ વાકયના અનુસારે યાદવ જેવા ઉચ્ચ કુલના રાજ-કુમારોને ઋષિઓની હાંસી કરાવવાની ઇચ્છા થઈ, તેથી તેઓએ

શ્રીકૃષ્ણનાં એક પટરાણી જાંબુવતીના કુમાર સાંબને સ્રીનો વેશ પહેરાવ્યો અને તેને પેટે તાંસળી બાંધી તેને ગર્ભવતીનું રૂપ ધારણ કરાવ્યું. પછી સઘળા રાજકુમારો ઠાવકું મોં રાખી ઋષિઓને પગે પડયા અને તેમાંનો એક બોલ્યો, 'હે! મુનિઓ! અમારી સાથે એક ગર્ભવતી સ્ત્રી છે જે લાજને લીધે આપની સમક્ષ ઉભી રહી પૂછી શકતી નથી. તેને પુત્રની અતિ અપેક્ષા છે તેથી કૃપા કરીને અમને જણાવશો કે તે સ્રીને પુત્ર અવતરશે કે પુત્રી? જ્ઞાનના પ્રભાવથી સાંબે ધારણ કરેલા સ્રીના વેશને ઋષિઓ જાણી રહેલા હતા, તેથી તેઓએ જણાવ્યું કે, "અરે મૂર્ખ અને નાદાન રાજકુમારો! તમે કોની મશ્કરી કરો છો, અને તેનું માઠું ફળ શું આવશે તે વિષે તમે લેશ પણ વિચાર કર્યો જણાતો નથી. તમારી ઉદ્ધતાઇ અને જુવાનીનો છાક હેઠે બેસાડનારૂં અને તમારા આખા યાદવ કુળનો નાશ કરનારૂં એક લોઢાનું મૂશળ તે બાઇને અવતરશે!" પોતાના અવિચારી કૃત્યથી આખા કુળનો વિનાશ થવાના કારણભૂત પોતે થયા, તેથી ખશીઆણા પડી ગયેલા રાજકુમારો ઋષિના શાપની ખાત્રી કરવા માટે સાંબના પેટ ઉપરથી તાંસળી છોડી જુએ છે તો એક મૂશળ તેમાંથી નીકળી પડયું. અધીરા બની ગયેલા આ જુવાનીઆઓ સત્વર રાજસભા તરફ ચાલ્યા ગયા. અહીં શ્રીકૃષ્ણને ઉપરની હકીકત નિવેદન કરવાની કોઇની હિંમત ચાલી નહિ, તેથી તેઓએ તેઓના એક બીજા વડીલ ઉગ્રસેન રાજા પાસે આ શોકપ્રદ બનાવની હકીકત જાહેર કરી પછી તેઓ સૌએ મળીને એ હકીકત શ્રીકૃષ્ણ પાસે મૂકી.

શ્રીકૃષ્ણ તો પોતાની અંતરદૃષ્ટિથી સર્વ જાણી રહ્યા હતા અને કુળનો નાશ ક્યારે અને કેવા સંજોગો વચ્ચે થવાનો છે તે સૌ તેમને મન સુવિદિત[1] હતું. પરમાત્મા શ્રીકૃષ્ણને એનો કાંઇ હરખશોક હોય નહિ અને હતો પણ નહિ, તથાપિ આગળથી સૌને ઉદ્વેગમાં નાંખવા એ ઠીક નહિ એમ ધારી તેમણે આજ્ઞા કરી કે, "જાઓ, એ મૂશળના ઝીણાઝીણા કકડા કરી સમુદ્રમાં નાંખી દો." એ ઉપરથી તેમની આજ્ઞા મુજબ કરવામાં આવ્યું.

પરંતુ જે કાળે જે બનવાનું હોય છે તે મિથ્યા થતું નથી. એવું બન્યું કે આ મૂશળનો એક કકડો સમુદ્ર કિનારે પડી ગયો, જે કિનારા ઉપર ફરતા એક પારધીને હાથ આવ્યો, અને તેણે પોતાના તીર ઉપર ફણો કરવાના કામમાં તેને વાપર્યો. આ પછી કેટલેક કાળે આખું યાદવકુટુમ્બ શ્રીપ્રભાસ પાટણની યાત્રા અર્થે ગયું. કાળની બલીહારી છે! અહીં તેમને મદ્યપાન કરવાની ઇચ્છા થઇ આવી, અને નિશામાં ચકચૂર થયેલા યાદવો ભાન ભૂલી આપસઆપસમાં લડીને કપાઈ મુઆ, તે એટલે સુધી કે આખા કુટુમ્બનો ત્યાંજ સમૂળગો નાશ થયો. માત્ર પરમાત્મા શ્રીકૃષ્ણ ફક્ત રહ્યા, તે પણ પગ ઉપર પગ ચડાવી એક પીપળાના થડને અઢેલીને બેઠા હતા તેવામાં જરા નામનો એક પારધી જે વગડામાં શિકાર અર્થે નીકળ્યો હતો તેણે દૂરથી ભગવાન શ્રીકૃષ્ણને મૃગ જાણી તેમના ઉપર બાણ ફેંક્યું અને તે ભગવાનના પગ, હાથ, અને કપાળ વીંધીને બીજી બાજુએ નીકળતાં પરમાત્મા અંતરધ્યાન થયા. જે માણસને દરિયા કિનારાપરથી મૂશળનો ટુકડો જડયો હતો તેજ આ પારધી હતો અને જે

1 સારી પેઠે જાણીતું.

બાણુ ઉપર ટુકડાનો તેણે ફણો કરાવ્યો હતો તેજ આ બાણે યાદવ વંશના સૌથી છેલ્લા રહેલા શ્રીકૃષ્ણનો જીવ લીધો.

(ભા૦ સ્કં૦ ૧૧ અ૦ ૧.)

## સાર.

જુવાન રાજકુમારોએ ઉદ્ધતાઈ અને અવિચારથી ઋષિઓનું અપમાન કર્યું તેનું કેવું બૂરૂં પરિણામ આવ્યું તે જોવાનું છે, અને પરમાત્માની ગતિનો જેને ખ્યાલ નહોતો તેમને આ શાપથી કેટલી બધી વિમાસણ થઇ પડી હશે એનો તોલ બાંધવો એ સહેલ છે. જુવાનીના તોરમાં તણાઈ જઈ કેટલીક વખત મૂર્ખ અને નાદાન જુવાનીઆઓ પોતે શું આચરણ કરે છે તેનો ખ્યાલ પણ આણવાની પરવા રાખતા નથી તે યાદવકુમારોની પેઠે પાછલથી હદપાર પસ્તાય છે.

---

## વાર્તા ૩૨.

## વિદુરજી અને દુર્યોધન.

વિદુરજી, પાંડુ અને ધૃતરાષ્ટ્ર એ ત્રણે ભાઇઓ હતા અને હસ્તિનાપુરના રાજાના દીકરા હતા. પાંડુ રાજાના પાંચ પુત્રો થયા જે પાંડવોને નામે પ્રસિદ્ધ છે, અને ધૃતરાષ્ટ્રને સો દીકરા હતા તે કૌરવોના નામથી ઓળખાય છે. પાંડુ રાજાના મરણ પછી પાંડવોએ કૌરવો પાસે હસ્તિનાપુરના રાજ્યનો અર્ધ ભાગ માગ્યો; પણ કૌરવોની ઇચ્છા આખું રાજ્ય પચાવી પડવાની હતી, તેથી તેઓએ પાંડવોને અનેક રીતે છળભેદથી[૧] મારવા ને હેરાન કરવા પ્રયત્ન કર્યા. કપટથી પાંડવોને લાક્ષા-

૧. કપટથી, દગાથી

ગૃહમાં[૧] દાખલ કરી તે સળગાવી મુક્યું. આથી પાંડવોનો નાશ થાય તો પછી નિષ્કંટકપણે[૨] કૌરવો પોતે રાજ્યના ધણી થઇ મહાલે, આવું તેમના મનમાં હતું; પણ તેમના કાકા વિદુરજી નીતિમાન હતા. તેમણે બતાવેલી યુક્તિથી પાંડવો બચી ગયા. કૌરવોમાં વડો દુર્યોધન હતો તે પ્રપંચી[૩] અને દુષ્ટબુદ્ધિવાળો[૪] હતો. એથી ઉલટા પાંડવોમાં વડા યુધિષ્ઠિર કે જે ધર્મરાજાને નામે વધારે જાણીતા છે તે સત્યવાદી, ક્ષમાવાન અને ધૈર્યશીલ[૫] હતા, પણ સ્વભાવે સરળ હોવાથી જ્યાં ત્યાં કૌરવોના પ્રપંચમાં[૬] ફસાઈ પડતાં. પાંડવોની સ્ત્રી દ્રૌપદી મહા સતી શિરોમણિ[૭] અને ધર્મશીલ[૮] પત્ની[૯] હતાં. કૌરવોએ ધર્મરાજાને ભોળવી[૧૦] જુગાર[૧૧] રમાડ્યું, જેમાં કપટથી કૌરવો જીત્યા, અને પાંડવો રાજ-પાટ હારી રહ્યા એટલે છેવટે પોતાની રાણી સતી દ્રૌપદીને પણ હારી બેઠા. પછી જીતેલા કૌરવોએ સતીના કેશ અને વસ્ત્ર સભા વચ્ચે ખેંચ્યાં તે વખતે કૌરવોના પિતા ધૃતરાષ્ટ્ર પણ સભામાં હાજર હતા. પાંડવોના ગુરુ ભીષ્મપિતા અને ભગવાન શ્રીકૃષ્ણ જે પાંડવોના મામાના દીકરા થતા હતા તે બંનેને વિષ્ટિ[૧૨] માટે યુધિષ્ઠિરે ધૃતરાષ્ટ્ર અને કૌરવો પાસે મોકલ્યા, પણ અહંકારથી છકી ગયેલા દુર્યોધને તે બંને મહાત્માઓનું[૧૩] અપમાન કર્યું. આ વખતે નીતિમાં નિપુણ[૧૪] વિદુરજીની સલાહ લેવાને તેમના મોટાભાઈ ધૃતરાષ્ટ્રે વિદુરજીને બોલાવ્યા. વિદુરજી નાનપણથીજ ધૃતરાષ્ટ્રની સાથે રહેતા હતા; પરંતુ રાજ્યનીતિને ચાહનાર પુરુષ હતા, તેથી તેમણે નીચે પ્રમાણે કહ્યું:—

૧. લાખ (સીલ કરવાની તે) નું ઘર ૨. કોઈ નડે નહિ એવી રીતે. ૩. દગો, કપટ કરનાર. ૪. નીચ સ્વભાવનો ૫. ધીરજવાળા, ૬. કપટના પાસલામાં. ૭. સતિમાં મોટી. ૮. ધર્મવાળી. ૯. સ્ત્રી. ૧૦. ફોસલાવી. ૧૧ જુગટું. ૧૨ તકરાર પાર પાડીને સલાહસંપ કરવો તે. ૧૩. મોટા માણસોનું. ૧૪. હુશિયાર.

'તમારા પુત્રોએ કરેલા પાંડુકુમારોના[1] અનેક અપરાધ તરફ તમે જરા ધ્યાન પહોંચાડો. તમારી વધુ[2] તુલ્ય[3] દ્રૌપદીનાં વસ્ત્ર સભા વચ્ચે ખેંચાય, અને તે તમે નજરે જોયા કરો એટલુંજ નહિ, પણ તમારા દુષ્ટ પુત્રોને તેમ કરતાં વારો નહિ એથી તો અવધિ![4] પાંડવોના જેવા મારે સો પુત્રો છે એવું ગુમાન[5] રાખી શ્રીકૃષ્ણ અને ભીષ્મપિતામહનું તમારા પુત્રને હાથે તમે અપમાન થવા દીધું. તમારા કુળનું કલ્યાણ ઇચ્છતા હો તો પાપ ને અહંકારની મૂર્તિરૂપ[6] દુર્યોધનનો ત્યાગ કરો, અને પાંડવોને ન્યાયથી સંતુષ્ટ કરો. ધર્મના અવતાર રૂપ યુધિષ્ઠિરને મન સર્વ જગત મિત્રરૂપ છે, તેને અન્યાયથી દુભવી[7] તમે શું સારૂં ફળ કાઢવા ઇચ્છા રાખો છો? પાંડવોમાં એક ભીમસેન તમારા સો પુત્રને પુરો પડે એવો અતિ બળવાન જોદ્ધો છે, પણ તમારા દુર્યોધનની આંખો અભિમાનથી ઓડે[8] આવી ગઈ છે, તેની અવળી સલાહને તમે વશ થઈ પડયા છો, તેથી તમારી મતિ પણ કુમતિ થઇ વેરીનું કામ સારે છે. મને જો તમે સલાહ લેવા બોલાવ્યો હોય, મારી સલાહને તમે જો કાંઇ વજન આપતા હો, મારાં વચન તમારા કઠોર હ્રદયમાં ઉતરતાં હોય, મને તમે જો લેખામાં ગણાતા હો તો મારી સલાહ એ છે કે પોતાના પુત્રો અને ભાઇના પુત્રો એ બંને પર સરખી દૃષ્ટિ[9] રાખી પાંડવોને તેમનો રાજભાગ કાઢી આપો.'

વિદુરજીનું કટુ[10] પણ હિતકર[11] ભાષણ ત્યાં બેઠેલા દુષ્ટ દુર્યોધનને તિક્ષ્ણ બાણ જેવું લાગ્યું તેના હોઠ ક્રોધથી ફડફડવા

---

૧ પાંડુના દીકરા; પાંડવો. ૨. દીકરાની વહુ. ૩. જેવી, બરાબર. ૪. હદ. ૫. અભિમાન, ૬. પુતળુ. ૭ દુઃખી કરવું. ૮. માથાનો પાછલો ભાગ તે ઓડ. ૯. નજર. ૧૦. કડવું. ૧૧. ફાયદાવાળું.

લાગ્યા, તેની આંખો લાલ ઘુમ બની ગઇ અને તેનું આખું શરીર ક્રોધના આવેશમાં[૧] થર થર કંપી ચાલ્યું. વિદુરજી તેનો કાકો થાય એ ભાન પણ તેને રહ્યું નહિ, તેથી તે બોલી ઉઠયો, 'જેનું લુણપાણી[૨] ખાઈ તું હૃષ્ટપુષ્ટ[૩] બન્યો છે, જેના ઘરમાં નાનપણથી ઉછરી આ અવસ્થાએ તું પહોંચ્યો છે, તેનાથી જ અવળા ચાલનારા હિતશત્રુ[૪] તને અહિં કોણે બોલાવ્યો છે? આ કપટીને જીવતો મારા નગરમાંથી કાઢી મૂકો, નહિ તો એમાંથી વિપરીત[૫] પરિણામ એ ચાખશે.' ક્ષમાની મુદ્રા[૬] રૂપ વિદુરજી એક પણ અક્ષર બોલ્યા વિના પોતાનાં ધનુષ્ય બાણ મોટા ભાઇના ઘરમાં પડતાં મૂકી ચાલ્યા ગયા, પરંતુ તેમના જીવને લેશ પણ કલેશ[૭] થવા ન દીધો.

(મહા૦ ભા૦ ઉ૦ ૫૦ અ૦ ૬.)

## સાર.

કેટલાક લુણહરામ[૮] માણસો જેની નોકરી કરતા હોય, જેનાથી પોષાતા હોય અને જેને વશ પડી ગયા હોય તેમને સારૂં લગાડવા, તેમની ખુશામત કરવા, તેમને અનીતિને રસ્તે રાજી રાખવા અવળી સલાહ આપી પાપનો પુંજ વ્હોરાવે છે, તેવાને હજારો ધિક્કાર છે! જેનું અન્ન પાણી આપણે ખાતા હોઇએ તેમને સારી સલાહ આપવી એજ આપણો ધર્મ છે, પછી તે તેને કડવી લાગો કે સારી. માનવા લાયક લાગો કે નિભ્રંછવા[૯] યોગ્ય જણાઓ, તેની દરકાર ન રાખવી. કડવું

---

૧. ગુસ્સામાં, ૨. અન્ન પાણી. ૩ શરીરે જાડો. ૪. પોતાના ફાયદાના નાશ કરનાર. ૫. ઉલટું ૬. મુર્તિ. ૭. દુઃખ. ૮. ખાય તેનું ખોદનાર. ૯. તિરસ્કાર કરવા જોગ: વખોડવા લાયક.

ઓસડ હમેશાં માતા જ પાય છે, પણ તે બાળકના હિતને માટે; તેમ સાચી પણ કડવી સલાહ હમેશાં ખરો હિતેચ્છુ જ આપે છે.

---

## વાર્તા ૩૩.

## યુધિષ્ઠિરનું ભાઇઓ ઉપર હેત.

પાંડવો તથા કૌરવો વચ્ચે કુરુક્ષેત્રના યુદ્ધમાં કૌરવોનો કચ્ચરઘાણ વળી ગયો, તેથી જોકે પાંડવોને હસ્તિનાપુરનું રાજ્ય મળ્યું; પણ પોતાના પિત્રાઇઓના નાશથી તેઓ ઉદાસ થઈ ગયા હતા. વળી શ્રીકૃષ્ણ સ્વર્ગે સિધાવ્યાના વર્ત્તમાન જાણી તેઓની દિલગીરીનો પાર રહ્યો નહિ. આ પ્રમાણે ભાઈઓ અને સગાંસ્નેહીઓના વિયોગથી તેઓને આ જગત્ ખારૂં ઝેર જેવું લાગવા માંડ્યું, તેથી યુધિષ્ઠિરે હિમાલયમાં જઈ ત્યાં દેહ ગાળવાનો વિચાર સૌ ભાઇઓને તથા સતી દ્રૌપદીને જણાવ્યો, ત્યારે તેઓએ પણ તેમને પોતાની સાથે લઈ જવા વિનંતિ કરી. પછી અર્જુનના બાળક પરીક્ષિતનો તેમણે રાજ્યાભિષેક કર્યો, અને તેની સંભાળ રાખવા માતાજી કુંતાને ભલામણ કરી પાંચે પાંડવો તથા દ્રૌપદી હિમાલય જવા નીકળ્યાં. હસ્તિનાપુરના લોકોને એ વાતની ખબર થતાં તેઓ તેમને વળાવા નીકળ્યા અને ધર્મરાજાના ધર્મરાજ્યમાં તેઓએ ભોગવેલાં સુખ યાદ કરી, પાંડવોના વિયોગને માટે દિલગીરી બતાવવા લાગ્યા. રાજા ધર્મે તેમને દિલાસો આપી પોતે વિદાયગીરી લીધી. હિમાલય પર ચઢતાં દ્રૌપદી અને નકુલ, સહદેવ, ભીમ અને અર્જુન એક પછી એક હિમાલયના બરફમાં ગળી ગયાં, અને

એકલા ધર્મરાજા ઠેઠ સ્વર્ગભુવનમાં પહોંચ્યા. ત્યાં પરમાત્મા શ્રીકૃષ્ણનાં તેમને દર્શન થયાં, પણ પોતાના ભાઇઓ અને સગાં સંબંધીઓને ત્યાં નહિ દેખવાથી તેમનું મન આકુળવ્યાકુળ થયું, અને તે ભગવાન શ્રીકૃષ્ણને પૂછવા લાગ્યા કે, 'મારા ભાઇઓ સઘળાં ક્યાં છે? મને તેમની પાસે સત્વર લઇ જાઓ. અહિં મારા ભાઇઓ વગર મારૂં દિલ ગોઠતું નથી.' ધર્મરાજાનાં એ વચન સાંભળી ભગવાને એક દૂતને હુકમ કર્યો કે 'એમને તેમના ભાઇઓ પાસે લઇ જાઓ.' પછી ભગવાનની આજ્ઞા મુજબ યુધિષ્ઠિરને લઇ દૂત સ્વર્ગથી આગળ ચાલ્યો. અંધકાર વ્યાપવા માંડયો. જ્યાં ત્યાં સઘળું ભયંકર અને બીહામણુ લાગે; લોહીથી ભીંજાઇને જામી ગયલા કાદવમાં યુધિષ્ઠિરના પગ ચોંટવા લાગ્યા, મોટી મોટી શૂળો, ધગધગતા લાલચોળ લોઢાના સ્તંભ, મનુષ્ય દેહનાં છુટાં છવાયાં અને કોહોતાં અંગ ઉપાંગો, અને રુધિરના કુંડો જ્યાં ત્યાં નજરે પડવા લાગ્યા. એ પ્રદેશનું આવું વિકરાળ સ્વરૂપ જોઈ યુધિષ્ઠિરે દૂતને પૂછયું કે, 'શું મારા ભાઇઓ આવા ભયંકર પ્રદેશમાં વસે છે?' તેમના મનમાં એવું આવતું કે આવા બીહામણા સ્થળમાં મારા ભાઇઓનો વાસ હોય જ નહિ, તેથી તે મોળે મને ધીમા ધીમા ચાલતા. એ જાણી દૂતે કહ્યું કે, 'આપને પાછા ફરવાની ઇચ્છા હોય તો આપણે પાછા ફરીએ.' યુધિષ્ઠિર ઉત્તર આપે તે પહેલાં તો સગાં વહાલાંની કાનને પરિચિત સ્વરની કીકીયારીઓ યુધિષ્ઠિરે સાંભળી. તેઓ નર્કકુંડમાંથી પોકાર કરતા હતા કે, 'કાઢોરે કાઢો.' અવાજ ઓળખીને યુધિષ્ઠિરે તેમને પૂછયું કે, 'તમે કોણ છો?' એટલે તેઓ બોલ્યા કે, 'હું નકુલ છું,' 'હું સહદેવ છું,' 'હું ભીમ છું,' 'હું અર્જુન છું,' 'હું દ્રૌપદી છું,' 'હું દુર્યોધન છું,'

વગેરે પોતપોતાનાં નામ સર્વે આપવા લાગ્યાં. તેમના અવાજ સાંભળી યુધિષ્ઠિરને બહુ દુઃખ થયું, અને તેમણે દૂતને કહ્યું કે, "તારે જવું હોય તો જા. ભગવાન શ્રીકૃષ્ણને કહેજે કે સ્વર્ગનું સુખ મારે કાંઈ કામનું નથી. મારા ભાઈઓ જ્યાં વસે છે ત્યાં તેમની સાથે રહેવામાં મને સ્વર્ગતુલ્ય સુખ ઉપજશે. માટે હું પાછો આવવાનો નથી." યુધિષ્ઠિરનો, અનન્ય ભ્રાતૃભાવ જોઈ, તે સ્થળે અંધકારને બદલે જળહળાટ પ્રકાશ થવા લાગ્યો. એક પછી એક દેવો આવવા લાગ્યા. સુગંધી પુષ્પોથી સુવાસિત થયલા પવનની મંદ મંદ લહેરો ધર્મરાજા અનુભવવા લાગ્યા. એવામાં પરમાત્મા શ્રીકૃષ્ણ પણ ચતુર્ભુજ સ્વરૂપે શંખ, ચક્ર, ગદા, પદ્મ સહિત પીતાંબર પહેરીને, મુકુટ ધારણ કરી સિંહાસન પર બિરાજેલા દ્રષ્ટિએ પડ્યાઃ તેમની પાસે અર્જુન, સહદેવ, નકુલ, ભીમ, દ્રૌપદી વિગેરે બેઠાં હતાં, તેમને જોઈ ધર્મરાજા બહુ આનંદ પામ્યા તેમ છતાં પણ દુર્યોધન અને તેના ભાઈઓને નહિ દેખવાથી તેમને પાછો ખેદ થયો, તેથી તેમણે ભગવાનને પૂછ્યું કે, 'મહારાજ, મારો ભાઈ દુર્યોધન અને તેના નવાણું ભાઈઓ ક્યાં છે?' એટલે પરમાત્માએ રુધિરના થીક કુંડ તરફ આંગળી કરી તે બતાવ્યો. એટલામાં દુર્યોધનની દુઃખની બૂમો તે કુંડ તરફથી આવતી ધર્મરાજાને કાને પડી, તેથી તેમણે શ્રીકૃષ્ણને પ્રાર્થના કરી કે, 'મહારાજ, કૃપા કરીને એને કાઢો.' ભગવાને દુર્યોધનને તથા તેના ભાઈઓને સભામાં હાજર કર્યા. એ પ્રમાણે પોતાના ભાઈઓ અને સગાં વહાલાંઓને ભગવાનની સભામાં હાજર થયલાં જોઈ યુધિષ્ઠિરને બહુ સુખ ઉપજ્યું.

(મહા૦ ભા૦ સ્વર્ગારોહણ પ૦ અ૦ ૪—૫.)

## સાર.

સુખ દુઃખ એ મનના ધર્મ છે. જ્યાં જેનું ચિત્ત લાગેલું છે, જ્યાં નિઃસ્વાર્થ પ્રેમનો અખંડ ઝરો વહે છે, ત્યાં દુઃખ હોય તોપણ મનુષ્ય તેને સુખ તરીકે અનુભવે છે. પરંતુ જ્યાં સ્વાર્થી પ્રેમ હોય છે ત્યાં પોતાનું શ્રેય સધાયું એટલે બીજા માટે કશી કાળજી કે ફીકર રહેતી નથી. પણ એટલું તો ખરૂં છે કે નિઃસ્વાર્થ પ્રેમથી પોતાનુંજ નહિ પણ અન્યનું પણ ભલું કરી શકાય છે, અને એ પ્રમાણે બન્ને પક્ષને ઉપરની વાતમાં બતાવ્યા મુજબ લાભ થાય છે.

---

## વાર્તા ૩૪.

## પુરંજનની સ્ત્રી.

અવન્તી પુરીમાં એક બ્રાહ્મણ વસતો હતો. તે પોતાને સાસરે સુબોધી નગર વહુને તેડવા જવા નીકળ્યો. ત્યાં બજારમાં વાણીઆની દુકાને ઓટલા પર ચોખા પડયા હતા, તે ગાય ખાઇ જતી હતી. તે જોઇ દૂરથી બ્રાહ્મણે બૂમ પાડી ગાય હાંકવા માંડી. બ્રાહ્મણને ગાય હાંકતો સાંભળીને વાણીઓ દુકાનમાંથી લાકડી લઈ બહાર આવ્યો અને ગાયને એવી તો જોરથી લાકડી મારી કે તમ્મર ખાઈ ગાય ભોંયપર ઢળી પડી. ગાય ગર્ભવંતી હતી તેથી પડતાં વેંતજ તેને વાછરડું અર્ધું બહાર નીકળી પડયું. ગાયે મરતાં મરતાં બ્રાહ્મણને શાપ દીધો કે, 'હે બ્રાહ્મણ! તેં વગર કારણે મને દુઃખ દીધું ને ગાયની હત્યા લીધી, માટે જા, તું ગધેડો થઈશ.' બ્રાહ્મણે ગાયને બહુ કાલાવાલા કર્યા, ત્યારે ગાયે કહ્યું કે, આ હત્યાનું પાપ તને લાગ્યું તે તારે ભોગવવુંજ

પડશે, પણ જા, આવતા અધિક માસમાં તું ગંગામાં નહાજે એટલે તું પાછો માણુસ થઇશ. આ વાત તારે સાસરે જઇ તરત જ તારી બાયડીને કહેજે. કારણ કે એ કહ્યા પછી તું તરત ગધેડો થઇશ.'

પછી બ્રાહ્મણ તેને સાસરે પહોંચ્યો, સગાં સંબંધીઓને મળ્યો ને પછી પોતાની વહુને આ વાત કહી દેખાડી કે તરત ગધેડો બની ગયો. આ બનાવ જોઈ સૌ અચંબો પામ્યાં ને અફસોસ કરવા લાગ્યાં, પણ પેલી બાઇએ કહ્યું કે, 'આગલા ભવનાં પાપ અમને ધણી ધણીઆણીને નડતાં હશે માટે અમે તો કાશીએ જાત્રા કરવા જઇશું.' સૌએ ઘણુંએ વારી કે, ગધેડાને જાત્રા હોય નહિ, ને હવે ગધેડાનું માણુસ થાય એવી ખોટી આશા તું શું કરવા રાખે છે?' પણ બાઇએ કેમે કરી તેમની શીખામણ માની નહિ ને જવાબ વાળ્યો કે, 'ગમે તેમ તોપણ એ મારો ધણી છે ને ગધેડો થયો તોપણ શું? આખો ભવ હું એની સેવા ચાકરી છોડનાર નથી.' એમ કહીને બાઈ ગધેડાને લઇ કાશીએ ગઇ. ત્યાં પવિત્ર ગંગા નદીને કાંઠે ઝુંપડી બાંધી રહી તથા રોજ ગંગામાં પેલા ગધેડાને નહવડાવે અને બ્રાહ્મણને અન્ન આપે. એ વાતની ખબર કાશીપુરીના રાજાને પડી ત્યારે તેને નવાઇ લાગી, ને તે ગધેડો વેચાતો લઇ આવવા પોતાના માણુસોને મોકલ્યાં પણ તે બાઇએ તે ગધેડો વેચવાની સાફ ના પાડી. રાજા હરકત કરશે એવી બીકે હવે બાઈ ગધેડાને ઝુંપડીમાં છાનો રાખે ને રોજ પરોઢીએ નહવડાવવા બહાર કાઢે એવામાં એક દિવસ રાજાના એક સિપાઇએ પરોઢીએ તે ગધેડાને નાહીને નદી તરફથી આવતો જોયો કે તરત જ તેને પકડીને રાજા પાસે લઈ જવા માંડયો.

બાઈએ સિપાઇને બહુએ વિનવ્યો પણ તે સિપાઈએ માન્યું નહિ. ત્યારે તે રાજાના દરબારમાં ગઈ અને અરજ કરી કે, 'એ ગધેડો મારો ધણી છે, તે પાપને લીધે ગધેડો બની ગયો છે, માટે મારા પર દયા આણી મને પાછો આપશો તો પ્રભુ તમારૂં કલ્યાણ કરશે.' આથી રાજાને દયા ઉપજી ને ગધેડો તે બાઈને પાછો સોંપ્યો. એમ કરતાં અધિક માસ આવ્યો. ત્યારે ગંગામાં હમેશાં નહવડાવતાં ગાયની હત્યાનું પાપ નાશ પામ્યું, અને ગધેડો હતો તે મટી તેનો અસલ બ્રાહ્મણનો દેહ થયો. આ વાત લોકોના જાણવામાં આવતાં ઝુંપડી પાસે લોકોની ઠઠ જામી ને સૌ બાઈનાં વખાણ કરવા લાગ્યાં. બંને જણાં સુબોધી નગર ગયાં, ને સૌ સગાંવહાલાંને મળ્યાં હળ્યાં. અહિં તે બાઇનાં માબાપ હરખાયાં ને દીકરીને ઘણી સાબાશી આપી. પછી બ્રાહ્મણ પોતાની વહુને લઇને પોતાને ગામ ગયો.

(શિ૦ પુ૦ જ્ઞા૦ સં૦ અ૦ ૪૧.)

ધણીને માથે આફત કે દુઃખ પડે તો પતિવ્રતા સ્ત્રીએ ધીરજથી તેમાં ભાગ લેવો જોઇએ, ને તેમાંથી ધણીને છોડાવવાને પોતાની બનતી મહેનત કરવી જોઇએ, બ્હેનો ! જે સ્ત્રી પોતાના ધણીની સેવા આ બાઈની પેઠે ઉઠાવે છે તે છેવટે સાબાશી, જશ ને સુખ મેળવવાને ભાગ્યશાળી થાય છે.

---

## વાર્તા ૩૫.

## લલિતા.

અસલના વખતમાં ભોણી નામે એક શહેર હતું, તેમાં પુંડરીક રાજા રાજ્ય કરતો હતો. તેની રાજ્યસભામાં

લલિત નામે એક ગંધર્વ ગાયનથી રાજાને રીઝવવાનું કામ કરતો હતો. લલિતની સ્ત્રી લલિતા સાધ્વી અને પતિવ્રતા હતી. બંને સ્ત્રી પુરૂષ એક બીજા ઉપર પ્રેમ રાખતાં, અને જ્યાં જાય ત્યાં સાથે ને સાથે જ હોય, આવો ગાઢો પ્રેમ તેઓને અરસ પરસ થઈ ગયો હતો. એક દિવસ એવું બન્યું કે લલિતને એકલાનેજ રાજસભામાં ગાયન કરવાને જવું પડ્યું. લલિત બેઠો બેઠો સભામાં ગાતો હતો તેવામાં તેની સ્ત્રી તેને યાદ આવી, તેથી ગાયનમાં અને સુરમાં ફેરફાર થઈ ગયો. કર્કોટક નામે એક નાગ દેવતા જે પાસે બેઠો હતો તેણે આ જોયું અને લલિત ના ગાયનમાં ફેરફાર થવાનું કારણ દેવશક્તિથી જાણીને રાજા પુંડરીકને એ બીના જાહેર કરી. રાજા અતિ ક્રોધે ભરાયો અને તેની સાધ્વી સ્ત્રીનો વિયોગ થાય એવો શાપ લલિતને દીધોકેઃ— "હે ! મૂઢ ! તું પૃથ્વીપર રાક્ષસ થઇ પડજે."

હવે લલિત એ શાપના યોગે કરી વિકરાલ સ્વરૂપવાળો રાક્ષસ થયો, તેનાં દાંત ઘણા લાંબા અને મોં એટલું તો વિશાલ થયું કે ઉડતાં પક્ષીઓ તેને ગુફા સમજી અંદર પેંસી જવા લાગ્યાં. પતિની આવી સ્થિતિ જોઇ, સાધ્વી લલિતા તેની પૂઠે પૂઠે ફર્યાં કરતી હતી અને અરણ્યમાં જોકે ભયંકર પશુ, પક્ષીઓનો અને પોતાના પતિના વિચિત્ર અને અદ્‌ભુત રાક્ષસી દેખાવનો તેને ભય ઉપજતો તથાપિ "પોતાના પતિનું દિવ્ય સ્વરૂપ પાછું શી રીતે થાય ?" એ જ ઝંખના નિરંતર પોતાના મનમાં કર્યા કરતી તેથી અરણ્યનાં સંકટો, તેને ઉપજતા ત્રાસ આગળ ઘણાં ઓછાં લાગતાં. આમ કેટલોક કાલ પતિ પછવાડે ભમતાં ભમતાં તે કોઈ એક દિવસે શૃંગીઋષિના આશ્રમ પાસે આવી પહોંચી. આશ્રમસ્થાન જોઈ લલિતાના મનમાં આવ્યું જે

આ કોઇ મહાન્ તપસ્વીનું રહેઠાણ લાગે છે તેથી મારૂં દુઃખ મટાડે તો તેમને પ્રાર્થના કરી જોવું, આવો વિચાર કરી લલિતાએ આશ્રમ તરફનો રસ્તો લીધો અને ઋષિ સમીપ જઈ ઉભી રહી. એકાંત જંગલમાં આવેલા એક આશ્રમમાં ગાંધર્વ કન્યાને એકલી જોઇ ઋષિને આશ્ચર્ય થયું, અને તેમણે પૃછ્યું:–"હે! કન્યા! તમે કોણ છો અને ક્યાંથી આવો છો." લલિતાએ જવાબ વાળ્યો,' 'હે! મુનિ! હું વીરધન્વા ગંધર્વની પુત્રી છું, પણ અત્યારે દુઃખી અબળા તરીકે આપનો આશ્રય માગું છું." એમ કહી પોતાનો પતિ લલિત, રાજા પુંડરીકના શાપથી રાક્ષસ થઇ પડ્યો છે તેને તેનું દિવ્ય સ્વરૂપ પાછું શી રીતે પ્રાપ્ત થાય તેની શોધમાં પોતે ફરે છે તે સઘળી વાત ઋષિને કહી સંભળાવી.

પતિભક્તિના પ્રભાવથી ઋષિને લલિતા ઉપર બહુ દયા આવી તેથી તેનું દુઃખ દૂર કરવાને ઋષિએ ચૈત્ર માસની અજવાળી અગીઆરશનું વ્રત કરવાની તેને સૂચના કરી. ઋષિની આજ્ઞા પ્રમાણે વિધિ અને શ્રદ્ધાપૂર્વક લલિતાએ વ્રત કર્યું એટલે તેનો પતિ પૂર્વે હતો તે દિવ્ય દેહધારી થયો. એ રીતે તે દંપતિ સુખ ચેનમાં દિવસો ગાળવા લાગ્યાં.

( વારાહ પુ૦ કામદા એ૦ માહાત્મ્ય. )

## સાર.

પતિ તરફ અપૂર્વ ભક્તિભાવ એ જ સ્ત્રીનો અલંકાર છે, વિધિયોગથી જેની સાથે જીંદગી ગાળવાની સ્ત્રીની ફરજ છે, તે ગમે તો કાણો, કૂબડો કે લંગડો હોય તોપણ સાધ્વી સ્ત્રીનો પતિપ્રત્યેનો ભાવ કદી ન્યુન થતો નથી. ઉપરની વાતમાં લલિતાએ રાક્ષસ થઈ ગયેલા પોતાના પતિને વિસારી મૂક્યો નહિ અને અનન્ય ભાવથી તેની પછવાડે સઘળાં સંકટો વેઠી ભમતી

જ રહી ને પ્રયત્ન કર્યો તો આખરે તેની શુભ ભાવનાનું સારૂં જ પરિણામ તેણે ચાખ્યું અને બંને સુખી થયાં એ સાર સમજાય છે.

---

## વાર્તા ૩૬.

### પ્રહલ્લાદ.

પૂર્વે શોણિતપુર નામના નગરમાં હિરણ્યકશિપુ નામનો રાક્ષસ રાજા થઈ ગયો. એણે સઘળા દૈત્યોને એકઠા કરી તેમની મદદથી સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ એ ત્રણે લોકમાં પોતાની આણ મનાવી. તેને કયાધુ નામની સ્ત્રી હતી. આ સ્ત્રીથી પ્રહલ્લાદ નામનો પુત્ર તેને થયો, પ્રહલ્લાદ પૂર્વજન્મોમાં[1] સંચિત[2] કરેલાં શુભ કર્મોને પ્રભાવે જન્મથી જ ઈશ્વરભક્ત હતો. પારણામાં પણ તે રડતો નહિ, અને શ્રી વિષ્ણુ ભગવાનનું સ્મરણ[3] કર્યા કરતો પાંચેક વર્ષનો થયો ત્યારે તેનાં માતાપિતાએ ગાજતે વાજતે તેને નિશાળે બેસાડયો. અહિં ગુરુ તેને આસુરી[4] વિદ્યા શીખવે, પણ ઈશ્વરના એ પરમ[5] ભક્તનું ચિત્ત તેમાં ચોંટે નહિ, ને તે તો શ્રી ભગવાનનું રટણ[6] નિશાળમાં પણ કર્યા કરે. ગુરુએ તેને બહુએ બીક દેખાડી કે, 'તું ઈશ્વરનું રટણ કર્યા કરે છે, તેથી તારા પિતા મારા પર કોપાયમાન થશે, અને તને મારશે.' ગુરુ જાણતા હતા કે રાજા રાજ્યમદમાં[7] આવી જઇ પોતાને ઇશ્વરરૂપ માને છે, અને બીજાઓને પોતાની ભક્તિ કરવા આજ્ઞા કરે છે. એટલુંજ નહિં પણ જો કોઈ વિષ્ણુ પરમાત્માનું નામં લે છે તો તેને શિક્ષા કરે છે, અથવા

---

૧. આગળના અવતારમાં. ૨. એકઠાં થયેલાં. ૩. યાદી. ૪. દૈત્યની વિદ્યા. ૫. મોટા. ૬. સ્મરણ. ૭. રાજ્યને લીધે આવી ગયેલ અહંકાર અથવા હુંપદપણું.

જીવતો મારી નાંખે છે. એક દિવસ પ્રહ્‌લ્લાદજી પિતાના ખોળામાં બેઠા બેઠા પણ ઇશ્વરનું સ્મરણ કરવા લાગ્યા. આ જોઇ રાજા ક્રોધે ભરાયો, અને પ્રહ્‌લ્લાદજીના ગુરુને બોલાવી ખુબ ધમકાવ્યા અને કહ્યું કે, 'તમે પ્રહ્‌લ્લાદને આ શું શીખવ્યું છે? મારા સિવાય કોઇ બીજો પરમેશ્વર છે નહિ, અને આ પ્રહ્‌લ્લાદ ઘડીકમાં વિષ્ણુ, ઘડીકમાં રામ એ નામો ક્યાંથી લેતાં શીખ્યો?' ગુરુએ જવાબ વાળ્યો કે, "આપના પુત્રે તો મારી આખી નિશાળને બગાડી મૂકી છે. ભણવામાં તેમનું લક્ષ[1] નથી. પાટી પર પણ 'રામ, રામ' આખો દિવસ હું તેમને લખતાં જોઉં છું. એટલુંજ નહિ પણ હું આઘો પાછો હોઉં ત્યારે છોકરાઓને રામનું રટણ કરાવે છે અને ઉપદેશ કરે છે. માટે મહારાજ, આપ હવે તેમને રાજ્ય મહેલમાંજ રાખો તો સારૂં." પછી રાજાએ પોતાની સ્ત્રી કયાધુને પુત્ર હવાલે કર્યો. કયાધુએ રાક્ષસી[2] માયા[3] શીખવવા ઘણી માથાફોડ કરી, અને પ્રહ્‌લ્લાદજીને મોતની બીક દેખાડી, પણ પ્રહ્‌લ્લાદજીએ કહ્યું કે, 'હાથી મચ્છરથી બીસ નહિ.' પછી જ્યારે કયાધુને જણાયું જે, 'આ પુત્ર મારાથી સમજે તેમ નથી,' ત્યારે તે પુત્રને રાજા પાસે લઈ ગઇ અને પાછો રાજાને સ્વાધીન[4] કર્યો. હવે રાજાએ મંત્રીઓને[5] બોલાવી હુકમ કર્યો કે, 'આ પુત્રનો મારે ખપ નથી, માટે જાઓ, તમે તેને અગ્નિથી બાળીને, જળમાં ડુબાડીને, શત્રુ પાસે ઘાત[6] કરાવીને, વિષ[7] દઈને હરકોઈ પ્રકારે તેનો નાશ કરો, પણ શ્રી હરિનું નામ મૂકાવો.' મંત્રીઓએ તેને અનેક અસ્ત્ર[9] શસ્ત્રથી[10] માર્યો પણ તેનું શરીર

---

૧. ધ્યાન ૨. દૈત્યલોકની. ૩. મેલી વિદ્યા, જાદુ. ૪. સોંપ્યો. ૫. પ્રધાનો; કારભારીઓ. ૬. મરાવીને. ૭. ઝેર. ૮ ઘણાં. ૯. દેવના હથિયાર ૧૦. હાથયાર.

ભેદાયું[1] નહિ. અગ્નિથી બાળવા માંડયો તો અગ્નિ તેનાથી છેટો રહ્યો, જળમાં ડુબાડયો તો જળદેવે તેને સંઘર્યો નહિ, વિષ પાયું તો અમૃત થઈ પ્રગમ્યું;[2] આમ અનેક ઉપાયો કર્યા, પણ કશાથી તેનો નાશ થયો નહિ, ત્યારે મંત્રીઓએ થાકીને પ્રહલ્લાદને પાછો રાજાને હવાલે કર્યો. રાજાએ પ્રહલ્લાદને કહ્યું કે, 'હે! મૂઢ![3] એટલો તો વિચાર કર કે તને પેદા કરનાર હું છું તો મારા સિવાય બીજો કયો તારો પરમેશ્વર હોય? માટે મને ભજ, નહિ તો હું તારો ઘાત કરીશ.' એમ કહી તેલથી ભરેલા લોઢાના તાવડાને ખુબ તપાવ્યો અને કડકડતા તેલમાં પ્રહલ્લાદને નાંખ્યો, પરંતુ શ્રી હરિ જેની મદદે હોય તેને શું થાય! પ્રહલ્લાદ તેલ પર તરવા લાગ્યો. તેને તરતો જોઈ પ્રધાન બોલ્યો કે, 'તેલ બરાબર તપ્યું લાગતું નથી.' એમ કહી પરીક્ષા જોવાને નાળીએર નાંખ્યું કે તરત જ તડતડ થઈ નાળીએર ફાટ્યું. અને તેનો એક કકડો ઉડી પ્રધાનના કપાળમાં જઈ ચોંટયો એટલે પ્રધાન મરણને શરણ થયો. આથી રાજાના ક્રોધનો પાર રહ્યો નહિ. રાજાએ પુછયું કે, તારો પ્રભુ કયાં છે? હોય તો બતાવ.' પ્રહલ્લાદે કહ્યું, 'મહારાજ, મારા પ્રભુ સર્વવ્યાપક[4] છે, તે બધી જગોએ છે, અને તે અહિં પણ છે.' આવેશમાં[5] આવેલો હિરણ્યકશિપુ બોલ્યો, 'ત્યારે શું તારો પ્રભુ આ થાંભલામાં પણ છે કે?' એમ કહી પાસેના એક થાંભલાને હાથ લગાડી ઉભો. 'હા મહારાજ, એ એમાં પણ છે,' પ્રહલ્લાદે ઉત્તર વાળ્યો. તરત જ એક ભયંકર અવાજ થાંભલામાં થયો. થાંભલો ફાટયો, અને શ્રી વિષ્ણુ ભગવાન અરધું માણસનું અને અરધું સિંહનું રૂપ ધારણ કરી નૃસિંહ અવતારરૂપે પ્રગટ થયા, અને હિરણ્યક-

---

૧. છેદાયું. ૨. પ્રજાત્યું. ૩. મુર્ખ. ૪. બધે ઠેકાણે હાજર. ૫. જોસમાં.

શિપુને પોતાના પંજામાં પકડયો. અહિં ભારે યુદ્ધ થયું, અને ઈશ્વરના ખરા ભકત પ્રહલ્લાદજીને પીડનાર રાક્ષસ રાજા હિરણ્યકશિપુ પરાજ્ય[1] પામી શબવત્[2] ધરણીપર[3] ઢળ્યો.[4] આ વાતની ખબર સર્વ દેવોને થતાં સૌ ભગવાનની સ્તુતિ[5] કરવા લાગ્યા, પણ કોઇથી ભગવાનનો ક્રોધ શમ્યો[6] નહિ. છેવટે પ્રહલ્લાદજીએ પ્રાર્થના કરી ભગવાનને શાંત કર્યા. પછી શ્રી હરિએ પ્રહલ્લાદજીને તેમના પિતાની ગાદીએ બેસાડયા, અને 'તું તથા તારો પરિવાર સદ્ગતી[7] પામશો.' એવું આશીર્વચન કહી પ્રભુ અંતરધ્યાન[8] થયા. (શિ૦ જ્ઞા૦ સં૦ અ૦ ૫૯ થી ૬૧.)

## સાર.

જે ઇશ્વરની ખરી ભક્તિ કરે છે તેને ઇશ્વર પોતે જાતે કોઇ પણ રૂપમાં હાજર થઇને મદદ કરે છે તેનો આ એક પ્રસિદ્ધ દાખલો છે. ઈશ્વર ઉપર ખરી નિષ્ઠા[9] રાખી ધીરજથી સંકટ સહન કરવાં એ પણ ખરી ભક્તિનું લક્ષણ[10] છે. કહેવત છે કે, 'માણસ જોઇએ વશી ને સોનું જોઇએ કશી.[11] ખરા સદ્ગુણની કસોટી[12] થવાનો વખત આવે છે ત્યારે જ તેની ખરી કિંમત પીછાણી[13] શકાય છે.

---

## વાર્તા ૩૭.

## રામચંદ્રજીની માતાપિતા પ્રત્યે ભક્તિ.

અયોધ્યાના રાજા દશરથે પોતાની રાણી કૈકેયીને કોઇએક વખત પ્રસન્ન થઈ બે વરદાન આપ્યાં હતાં. હવે રાજા દશરથની

---

૧. હાર ૨. મડદું. ૩ પૃથ્વી. ૪. પડયો ૫. પ્રાર્થના. ૬. શાંત થયો. ૭. સારો અવતાર. ૮. અદ્રશ્ય, દેખાતું નહિ. ૯. ભકિતભાવ. ૧૦. ચિન્હ. ૧૧. પત્થરની કસોટીએ સોનું ઘસી જોવું. ૧૨. પરીક્ષા. પારખું. ૧૩. સમજી. જાણી.

વૃદ્ધાવસ્થા થવાથી રામચંદ્રજીને રાજ્યાસને બેસાડી પોતે બાકીનું આયુષ્ય ઇશ્વરભક્તિમાં ગાળવાની ઇચ્છા રાખતા હતા, તેથી કુળગુરૂ વસિષ્ઠ તથા પ્રધાનોની સંમતિ લઈ પાટવી કુંવર રામને રાજ્યાભિષેક કરવાનો દિવસ નક્કી કર્યો. રામ કૌશલ્યાના પુત્ર હતા અને કૈકેયીના પુત્ર ભરતજી હતા. જોકે ભરતજી તથા રામ સાવકાં ભાઈ હતા તથાપી તેમની વચ્ચે ભ્રાતૃભાવ સગા ભાઈ કરતાં પણ વધારે હતો. રામચંદ્રજીને રાજ્ય મળે એમ જ ભરતજી ઇચ્છતા હતા. ટુંકામાં રામચંદ્રજીને રાજ્યપદે વિરાજેલા જોવા સર્વ કોઇ રાજી હતું. માત્ર એક માણસ સિવાય અને તે એક માણસ તે મન્થરા નામની કૈકેયીની માનીતી દાસી હતી. તે દાસી રામચંદ્રજી પ્રત્યે કોઈ કારણથી દુષ્ટભાવ દાખવતી રહેતી. પોતાનું વેર લેવાનો આ લાગ સારો છે એમ જોઈ તેણે કૈકેયીને સમજાવ્યું કે, 'રાજા પાસે તમારાં બે વચન લેણાં છે તેમાં એક વચનને પેટે તમારા પુત્ર ભરતજી માટે અયોધ્યાનું રાજ્ય, અને બીજાને પેટે રામચંદ્રજી માટે ચૌદ વર્ષનો વનવાસ રાજા પાસે માગજો. જો આતક ચૂકશો અને રામને રાજ્ય મળશે તો પછી તમારો ભાવ કોઇ પૂછશે નહિ, અને તમે તથા તમારા પુત્રો દુઃખી થશો. આ વાત કૈકેયીએ પ્રથમ તો માની નહિ ને દાસીને દુષ્ટ સલાહ દેવા માટે ઠપકો આપ્યો. પરંતુ આખરે અબલા જાતિ તેથી પુત્ર ઉપરના પ્રેમે દાસીની વાતમાં વિશ્વાસ મૂકાવ્યો અને મન્થરાની મતિએ ચાલવા કૈકેયી તત્પર થઈ. એ પ્રમાણે વચન માગવાનું નક્કી કરી સાંજ પડવાની રાહ જોતી રાણી કૈકેયી બેઠી. સારાં સારાં લુગડાં અને ઘરેણાં ઉતારી નાંખી તેણે શોકનો પહેરવેશ સજ્યો, શરીર વગેરેની આવી હાલત કરી દેઈ એક ખુણાંમાં રીસાઇને રાણી રાજાની વાટ જોતી બેઠી.

એટલામાં રાજા દશરથ તેને મહેલે પધાર્યા. હમેશ મુજબ પોતાનો આદર સત્કાર કરવાનું તજી દઈ પોતાની માનીતી રાણી કૈકેયી ઓરડાના ખુણાં તરફ મોં ફ્રુરી શોકની સ્થિતિમાં બેઠી છે એવું જોઇ જાણીને રાજાને પણ અંતરમાં દિલગીરી પથરાઇ રહી. રીસનું કારણ જાણવાને રાજાએ તેને ઘણાએ પ્રશ્નો પૂછયા છતાં રાણીએ સહેજ પણ ઉત્તર દીધો નહિ; છેવટે જ્યારે અતિ આગ્રહથી અને લગભગ આજીજી કરતાં કરતાં રાજાએ પુછયું ત્યારે તે બોલી કે, 'મારાં બે વચન જે તમારી પાસે લેણાં છે તે મારી ઇચ્છા મુજબ પાળવાને પહેલા બંધાઓ તો જ હું તમારી સાથે બોલવાની.' કોઈ દિવસ નહિ ને આજે રાણીની પ્રકૃતિમાં આવો ફેરફાર જોઈ રાજાને આશ્ચર્ય થયું તથાપિ રાણીને રાજી કરવા ખાતર રાજાએ કંઇપિણ શંકા વગર ની રાણીની ઇચ્છા પુરી પાડવા પ્રતિજ્ઞાથી બંધાઈને તેની ઇચ્છામાં આવે તે વચનો માગી લેવા આજ્ઞા આપી. કઠોર હૃદયની કૈકેયીએ મુખ ઉપર પ્રસન્નતા અને આનંદ દર્શાવી માગ્યું કે, 'કાલે સવારે તમે જે રાજ્યગાદી રામને આપવાના છો, તે મારા ભરતને આપો એ એક વચન અને રામને ચૌદ વર્ષ વનવાસ આપો એ બીજું વચન, રાજજી ! તમારી લીધેલી પ્રતિજ્ઞા સાચી હોય તો પાળો.' સ્વપ્ને પણ ન ધારેલાં આ વચનો રાજાનાં કોમળ હૃદયમાં વજ્રબાણ જેવાં ભોંકાયાં ને રાજા બાવરો બની જઈ મૂર્છા ખાઇ પૃથ્વી પર પડયો. થોડી વારે જ્યારે તેની મૂર્છા વળી ત્યારે તેણે કહ્યું કે, 'કુટુંબમાં ક્લેશ ઉભો થાય એવી આ તારી માગણી પાછી ખેંચી લે ને તેને બદલે બીજું કંઇ યોગ્ય વચન માગ. તારી માગણીનું શું પરિણામ આવશે, એ તને સૂઝે છે ? કાલે સવારે રાજ્યાભિષેકનો

દિવસ હોવાથી રાજમંદિરમાં અને આખા નગરમાં જે ઉત્સવ અને આનંદ છવાઇ રહ્યો છે તે ઉપર તારી મરજી મુજબ વર્તન કરવાથી પાણી ફરી વળશે. આખી પ્રજામાં હાહાકાર થઈ રહેશે ને લોકો તને ને મને ફટફટ કરશે. રામ તને મા કરતાં પણ વધારે ગણે છે, તેનો આ બદલો? કૈકેયી! લાંબા સમયથી ચાલતી આવેલી રાજ્યપદ્ધતિ કે, પાટવી કુમારનેજ રાજ્ય મળે તેનું તું નિકંદન કાઢવા બેઠી છે. કૈકેયી! તારો વિચાર ફેરવ! જો, વિચાર કર! લોકો શું કહેશે?...રાજા દશરથ આટલી ઘરડી ઉંમ્મરે પણ એક સ્ત્રીને વશ થયો ને એવું કામ કર્યું કે તેનાં ધોળામાં ધુળ પડી,'...એવી રીતના રાજા રાણી વચ્ચે ઘણાક સવાલ જવાબ થયા છતાં રાણી એકની બે થઈ નહિ ને રાજાને મેણાં મારવા માંડયાં. અંતે રાણીની સ્ત્રીહઠ જોઈ રાજાએ કહ્યું કે, તારા પુત્રને હું તો રાજ્ય આપીશ પણ તેનું હેત રામ ઉપર એટલું બધું છે કે તે પોતે જ તેના વડીલ ભાઇ રામનું રાજય સ્વીકારવાની ચોખી ના પાડશે. છતાં પણ એક-વાર એમ ધાર કે ભરત અયોધ્યાની ગાદીનો સ્વીકાર કરે, તો પણ રામને માટે ચૌદ વર્ષનો વનવાસ માગવાથી તને શો લાભ છે? માટે તારૂં બીજું વચન તો તું ફેરવ. કૈકેયી! ઓ ક્રૂર હૃદયની કૈકેયી! તું જો! આ હું અયોધ્યાપતિ દશરથ–તારો પૂજવા યોગ્ય પતિ–તે તારે પગે પડું છું, તને વિનંતિ કરૂં છું કે તારો વિચાર હજી ફેરવ. રામ મારા પ્રાણ કરતાં પણ અધિક પ્રિય છે, એ રામના વિયોગે આ પ્રાણ એક ક્ષણભર ટકશે નહિ. તો કૈકેયી! તું પછી વિધવાવસ્થામાં રાજ્ય–માતા તરીકે મહાલજે.' એ પ્રમાણે તે વૃદ્ધ રાજાએ ઘણુંએ કલ્પાંત કર્યું, હાથ પગ પછાડયા, છાતી કૂટવા માંડી, પણ તે પાપિણી રાણી

એક ટળીને બે થઇ નહિ. આ બધો વખત દાસી મન્થરા રાજા રાણીની પાસે જ હતી. રામને વનવાસના ખબર ક્યારે આપવા જાઉં તેની ક્ષણે ક્ષણે તે રાહ જોતી તલ્પી રહી હતી. તેને રાજાએ આજ્ઞા કરી કે પ્રધાન સુમંતને બોલાવ. મન્થરા હરખાતી હરખાતી તેને તેડી આવી. રાજાએ સુમંતને ખબર આપી કે ભરતને ગાદીએ બેસાડો અને રામને વનવાસ મોકલો. આ માઠા વર્ત્તમાનથી શોકસાગરમાં ડુબેલો સુમંત રાજાની દ્દઢ આજ્ઞા જોઈ લાચાર બની ગયો અને પ્રભાતમાં જેવા રામચંદ્રજી રાજ્યભિષેક સમયને લાયક પોશાક ધારણ કરવા તૈયારી કરેછે તેવામાં સુમંત ઉદાસ ચહેરે તેમની પાસે આવી ઉભો અને કહ્યું કે, 'મહારાજ, આપને રાજાજી બોલાવે છે.' એટલે રામચંદ્રજી પણ કૈકેયીને મંદીર આવ્યા. ત્યાં જુએ તો એક ખુણે કૈકેયી પડેલી છે, બીજી બાજુએ કાંઈક જાગૃત અને કાંઇક બેભાન સ્થિતિમાં રાજા દશરથ પડયા છે, તેમની આંખમાંથી આંસુનો ધોધ ચાલ્યો જાય છે. બધો દેખાવ જોઇ ચકિત થયેલા રામે રાજાને ઘણું ઘણું પુછવા માંડયું પણ પુત્રવત્સલ પિતા પોતાની જીભે આવી ક્રૂર આજ્ઞા કરી શક્યો નહિ. છેવટે કૈકેયીએ પોતાની દુષ્ટ માગણીઓ રાજાને નામે કહી સંભળાવી. એટલે રામચંદ્રજી બોલ્યા કે, અહો! માતા! એમાં રાજાને દિલગીર થવાનું શું છે? માતા પિતાની આજ્ઞા પાળવી એ મારો એક પુત્ર તરીકે પરમધર્મ છે, આપને સુખ થાય એમ વર્તવામાંજ મને પરમ સુખ મળશે અને મારૂં એવું સદ્ભાગ્ય ક્યાંથી કે આપને સુખી કરવાનો પ્રસંગ મને મળે. કૈકેયીને એમ કહી રાજા દશરથને આશ્વાસન દઈ તેઓની આજ્ઞા લઇ રામચંદ્રજીએ વનવાસ જવાની તૈયારી કરી. પછી વનવાસના પોશાકમાં સજ્જ થઈ પોતાની ધર્મ માતા કૌશલ્યાની રજા લેવા આવ્યા,

ત્યાં પુત્રના વનવ સ જવાના માઠા સમાચારથી તે માતાના દુઃખનો પાર રહ્યો નહિ. કૌશલ્યા બોલ્યા કે, 'તમારી અવસ્થા હજી બાળક, તેથી વનવાસનાં દુઃખો તમારાથી કેમ સેહેવાશે ? વનમાં ભોંય ઉપર સુવું, કાચા પાકાં ફળ ખાવા મળે તે ખાઇને રહેવું, ટાઢ, તડકો ને વરસાદ વેઠવાં, વળી રાની પશુઓ અને વિક્રાળ રાક્ષસોનો ઉપદ્રવ પગલે પગલે થવાનો; પહેરવાને લુગડાં કે ખાવાને અન્ન ત્યાં મળે નહિ, સાજા માંદા હો તો તમારૂં ઓસડ વેસડ કે સેવા ચાકરી કરનાર ત્યાં કોણ ? એવી નિરાધાર સ્થિતિમાં તમને જવા દેવાની મારાથી આજ્ઞા કેમ અપાય ? રાજાની તમને વનવાસ મોકલવાની આજ્ઞા થઈ હોય તો ચૌદ વર્ષ હું તમને ગુપ્ત રીતે સંતાડી રાખીશ, માટે વનમાં જવાની વાત તમારે મોઢે પણ આણવી નહિ.' એમ કહી કરુણ સ્વરથી રોવા અને કલ્પાંત કરવા માંડ્યું. માતાને ધીરજ આપવા રામચંદ્રજી બોલ્યા કે, હે ! માતા ! પિતાજીની આજ્ઞાનો ભંગ કરનાર પુત્ર આ લોકમાં અને પરલોકમાં કદી સુખી થતો નથી. તેનો જન્મ વૃથા જાય છે, અને તેનો દેહ મનુષ્યનો છતાં તે એક પામર પશુવત્ છે; માટે ધીરજ ધરી મન મજબુત કરી મને રજા આપો. ચૌદ વર્ષ વાત કરતાં વીતી જશે, અને હું તમારી સેવામાં પાછો હાજર થઇશ, ને જીંદગી પર્યંત તમારી આજ્ઞા ઉઠાવીશ. રામચંદ્રજીએ અનેક યુક્તિથી મનનું સમાધાન કરી ઘણી ઘણી આજીજી કરી માતાની આજ્ઞા માગી, તથાપિ માતાનો પ્રેમ લેશ પણ ડગી શક્યો નહિ. એટલે આકાશમાંથી વાણી થઈ કે 'હે ! કૌશલ્યા ! વનમાં તમારા પુત્રને કોઇનો પણ ભય નથી, દેવો અને દિગપાળો તેમની રક્ષા કરશે, માટે લેશ પણ ભીતી રાખ્યા વગર

તેને આજ્ઞા આપો.' પુત્રનો હૃદયથી જાદે આગ્રહ જોયો ત્યારે રાણીએ જાણ્યું કે હવે બીજો કંઇ ઉપાય નથી એટલે તેના દેહની રક્ષા માટે તેના બાવડે એક મણિ બાંધ્યો, તેને ગળે એક કાળો દોરો બાંધ્યો કે જેથી ભૂત કે પિશાચ જેવાં મલિન સત્ત્વની કુદૃષ્ટિ તેના પર પડે નહિ. પછી કૌશલ્યામાતાની ત્રણ પ્રદક્ષિણા કરી રામે વનવાસ જવાની રજા લીધી.

(રામાયણ૦ અ૦ કાં૦ અ૦ ૭–૯.)

## સાર.

માબાપ આગળ દીકરો હંમેશાં નાનો જ હોય છે. વત્સલ પ્રેમને લીધે તેની રક્ષા માટે માબાપ હમેશાં ચિંતાતુર રહે છે. રામચંદ્રજી સર્વ શક્તિમાન વિષ્ણુ હતા, જગત્‌ના સર્વ જીવોની રક્ષા કરનાર હતા, તેને કોઇનો ભય કે ત્રાસ શો? પણ મા બાપનો પ્રેમ સ્વાભાવિક રીતે એટલો બધો હોય છે કે તેથી તેઓ છોકરાંની શક્તિનાં જાણીતાં હોય છતાં પણ તેમને માટે તેમનું વત્સલ હૃદય ચિંતાતુર રહ્યા કરે છે.

આ વાર્તામાંથી મુખ્ય બોધ આ લેવાનો છે કે વચન આપતાં વિચાર કરવો. બીજું ઘરમાં માણસો રાખવાં તે સારાં રાખવાં. દુષ્ટ સ્વભાવની મન્થરા દાસીને લીધે આટલો બધો કલેશ થયો, અને ત્રીજો એ છે કે રામચંદ્રજીએ માતાપિતાની આજ્ઞા કેવી સુંદર રાતે પાળી છે, કૈકેયી અપર માતા હતાં તેઓ પોતાનો ધર્મ રામચંદ્રજી પ્રત્યેનો ભૂલી ગયાં, પણ રામચંદ્રજીએ તેમની ઈચ્છા પૂરી પાડવામાં પોતાના દુઃખનો લેશ પણ વિચાર ન કર્યો તેમ જ

રાજા દશરથ સત્ય વચની ગણાયા તે પણ રામચંદ્રજીના વર્ત્તનને લીધે જ. માતાપિતાના મનની ઇચ્છાઓ પુરી પાડવામાં પ્રાણ આપવા પડે તોયે રામચંદ્રજી જેવા ઉત્તમ પુત્રો પોતાનો પુત્રધર્મ બજાવવામાં પાછા હઠતા નથી.

---

## વાર્તા ૩૮.

## હરિશ્ચંદ્ર ને વિશ્વામિત્ર.

અસલના વખતમાં સૂર્યવંશી રાજા હરિશ્ચંદ્ર થઇ ગયા. એ રાજા પ્રજા ઉપર બહુ પ્રેમ રાખતા અને બહુ સદ્‌ગુણી હતા. તેમણે એક વખત રાજસૂય યજ્ઞ કર્યો અને સૌને દાન દક્ષણા આપી સંતોષ્યા. તેના ગુરુ વસિષ્ઠ મહામુનિ હતા, તેમની પણ આ પ્રસંગે સારી રીતે પુજા અર્ચા કરી રાજાએ પ્રસન્ન કર્યા. અહિંથી રજા લઈ ગુરુ વસિષ્ઠ ચાલ્યા, ત્યાં રસ્તામાં વિશ્વામિત્ર ઋષિ તેમને મળ્યા. ઋષિએ પૂછ્યું, 'હે! મુનિ! આ આપની પૂજા કયાં થઇ!' વસિષ્ઠ બોલ્યા, 'આજને કાળે હરિશ્ચંદ્ર રાજા જેવો પ્રતાપવાન, પ્રજાપાલક, સત્યવાદી અને ધર્મશીલ[૧] કોઈ પુરૂષ નથી. તેને ત્યાં રાજસૂય યજ્ઞ થયો, ત્યાં આ પૂજા હું પામ્યો. હરિશ્ચંદ્ર જેવો રાજા થયો નથી, ને થશે પણ નહિ.' સ્વભાવે મૂળથીજ ક્રોધી ઋષિ વિશ્વામિત્ર, હરિશ્ચંદ્રના વખાણ સાંભળી શકયા નહિ, તેથી પોતે 'પણ'[૨] લીધું કે 'જો હું હરિશ્ચંદ્રને અસત્યવાદી, ખળ[૩] અને ધર્મભ્રષ્ટ[૪] ઠરાવું તોજ ખરો.' હવે એવું બન્યું કે એક વિક્રાળ સૂવર[૫] લોકોને પીડાકારી થઇ જંગલમાં ફરતું હતું,

૧. ધર્મવાળો. ૨. ટેક. ૩. કપટી. ૪, ધર્મથી વીરૂદ્ધ ચાલનાર, ૫. ડુક્કર, ભુંડ.

તેનો સંહાર કરવા રાજા વગડામાં રખડતો હતો, ત્યાં વિશ્વામિત્ર વૃદ્ધ બ્રાહ્મણને રૂપે માર્ગ પૂછવા લાગ્યા. રાજાએ ઉત્તર આપતાં વિશેષમાં કહ્યું, 'મહારાજ, આપને જો યજ્ઞની દક્ષિણા લેવા ઇચ્છા હોય તો મારા નગરમાં આવજો.' વિશ્વામિત્રને તો એટલુંજ જોઈતું હતું, તેથી તે રાજા પાસે અયોધ્યામાં ગયા. રાજાએ કહ્યું, 'હે ! વિપ્ર ! તમારા મનની ઈચ્છા હોય તે માગો. દેવા લાયક હશે તે તો દઈશ પણ કદી તમે નહિ દેવા લાયક માગશો તો પણ તે પૂરૂં કરી આપવું એ અમારો ક્ષત્રિયોનો ધર્મ છે.' બ્રાહ્મણ રૂપે રહેલા વિશ્વામિત્રે સર્વસ્વ[1] સહિત રાજ્ય માગ્યું, એટલે રાજાએ કહ્યું, 'દીધું.' ઋષિ બોલ્યા, 'લીધું. પણ જેવું દાન તમે કર્યું તેને લાયક દક્ષિણા મને આપો.' રાજાએ દક્ષિણા આપવાનું કબુલ કર્યું. આ વાતની ખબર પ્રજામાં થતાં ભારે હાહાકાર વર્ત્તાઈ રહ્યો. સૌ લોકો ઋષિને ધુતારો, દુરાચારી કહી ધિક્કારવા લાગ્યા. પછી રાજા, તેની સ્ત્રી અને એકનો એક પુત્ર રોહિત નામે હતો, તે ત્રણે જણાં પોતાની જાત લઈને પુર[2] બહાર નીકળ્યાં. આ વખતે વિશ્વામિત્રે કહ્યું, 'મને દક્ષિણા આપીને જાઓ. ન આપવી હોય તો ના પાડો ને કહો કે હું દક્ષિણા આપીશ નહિ. વળી રાજ મૂકતાં તમને વસમું પાગતું હોય તો તમારૂં રાજ પાછું લો, અને જો એમજ માનતા હો કે આપણે તો રાજ આપી ચૂક્યા છીએ, તો મારી દક્ષિણાનું ધન આપો ને પછી જાઓ.' રાજાએ કહ્યું, 'જે આપવાનું મેં વચન આપ્યું છે તે હું દેવા રૂપ સમજું છું, અને હરેક પ્રકારે તે મારેજ આપવાનું જ છે, દક્ષિણા આપવા જેટલું ધન મળવાની રાહ વાંકે જ તે રહી ગઈ છે.' વિશ્વામિત્ર બોલ્યા કે, 'પણ તમારો ખજાનો, રાજ, સેના[3] બધું મારૂં છે તો

---

૧. પોતાનું બધું. ૨. શહેર. ૩. લશ્કર.

હુવે તમે ધન ક્યાંથી મેળવીને મારી દક્ષિણા પૂરી કરવા ધારો છો ? માટે કહો કે હું નહિ દઉં એટલે હું મારે રસ્તે થાઉં,' રાજા બોલ્યા, મને કોઈ રાખે તેમ હોય તો અહિં પુછો, નહિ તો કાશીપુરીમાં મારી સાથે ચાલો. ત્યાં હું, મારી સ્ત્રી અને મારો પુત્ર કોઈની સેવા ચાકરી ઉઠાવી તમારૂં ધન પુરૂં કરી આપીશું.' પછી સૌ અયોધ્યાથી નીકળી કાશીએ આવ્યાં. અહિં વિશ્વામિત્ર બ્રાહ્મણનું રૂપ લઈ આવ્યા. રાજા ઋણ[1] પતાવવાને શું કરવું ને કેમ ધન મેળવવું તેના વિચારમાં બજાર વચ્ચે નીચું માથું ઘાલી બેઠા છે, એવામાં આ વેશધારી બ્રાહ્મણને જોઈ રાણીએ રાજાને કહ્યું, આ 'બ્રાહ્મણ પાસે ધન માગો.' રાજા બોલ્યા કે 'દો' એ શબ્દ અમારા ક્ષત્રી-પુત્રના-મ્હોંમાં શોભતો નથી. 'દઉં' એજ અમારો શબ્દ છે. અને તે કદી મારાથી તજાય તેમ નથી. ત્યારે રાણી બોલી કે, 'મને વેચીને ધન મેળવો ને તમારૂ દેવું પુરૂં કરો.' પછી રાજાએ એકઠા થયેલા નગર લોકોને કહ્યું કે, 'જેને દાસીની જરૂર હોય તેને ધન માટે આ સ્ત્રી આપવાની છે, માટે માગણી કરો.' પછી પેલા બ્રાહ્મણે એક ક્રોડ સોના મહોર આપી રાણીને ખરીદી લીધી. પોતે વેચાતી લીધેલી રાણીનું બાવડું પકડી ખેંચે છે. એટલે રાણીએ કહ્યું 'હે! આર્ય ! મારા એકના એક પુત્રનું છેવટને માટે મને મુખ જોઈ લેવા દો.' એ સાંભળી રોહીતે જાણ્યું કે, 'મારી મા જાય છે' એટલે તે તેને વળગી પડયો, તે ક્યમે કર્યો છૂટે નહિ. કઠોર હૃદયના બ્રાહ્મણે છોકરાને વળગતો જોઈ બે ત્રણ પાટુ મારીને તેની માતાથી છૂટો કીધો. દયામણી[2] રાણી દાસી તરીકે વેચાયેલી તે શું કરે ! તેણે પોતાના શેઠને આજીજી કરી કે, 'આ મારા પુત્રને ખરીદી લો તો અમે બન્ને આપ જે

૧. દેણું ૨. દયા ઉપજે એવી.

સેવા ફરમાવશો તે ઉઠાવવા તત્પર[1] રહીશું.' દુનિયાંમાં કુદરતની ઉત્કૃષ્ટ[2] મર્યાદાએ[3] પહોંચેલો મા દીકરાનો પ્રેમ, વિયોગનાં દુઃખની પરિસીમાં[4] બતાવે છે. તેવા દેખાવથી કયું કઠોર હૃદય પણ ન પીગળે! એ પ્રમાણે આ બ્રાહ્મણને થયું, ને છેવટે તેણે રોહિતને પણ વેચાતો લીધો. રાજા અને સ્ત્રી પુત્ર એક બીજાને છેવટનાં હળીમળી હમેશને માટે વિખૂટાં પડતાં હોય એવો દુઃખદ[5] દેખાવ થઇ રહ્યો. હવે રાણીને રોહિત તેમનાં શેઠ સાથે ચાલતાં થયાં. રાજા એકલો 'શું કરૂં! કયાં જાઉં!' એમ વિચારમાં પડી ગયો છે તેવામાં વિશ્વામિત્ર ઋષિ પોતાને રૂપે આવી દક્ષિણા માગવા લાગ્યા, તેમને રાજાએ સ્ત્રી, પુત્ર વેચતાં આવેલું ધન આપવા માંડયું. એટલે ઋષિ બોલ્યા કે, 'મારા તપના પ્રભાવને યોગ્ય આ દક્ષિણા નથી; માટે મારા લાયક દક્ષિણા પુરી કરી આપો.' રાજાએ તેમ કરવા હા પાડી. પછી લોકોને કહ્યું, 'હે! નગર લોકો! મને વેચાતો લેવાથી જો કોઇનું કામ સરતું હોય તો તે બોલો.' આ વખતે ધર્મ રાજા ચંડાળનું[6] રૂપ લઇ આવ્યા ને તેને વેચાતો રાખવા કહ્યું. પણ રાજાએ જ્યારે જાણ્યું કે આતો ચંડાળ છે ત્યારે રાજા બોલ્યો, 'હું તો બ્રાહ્મણ કે ક્ષત્રિય ને ત્યાં રહું.' ચંડાળે કહ્યું, 'તમે તમારૂં વચન પાછું ખેંચી લેતા હો તો ભલે, નહિ તો તમારા વચનથી તમે મારે ત્યાં રહેવા બંધાઇ ગયા છો.' રાજાએ પછી વિશ્વામિત્રને પ્રાર્થના કરી કે, 'હે! બ્રહ્મર્ષિ![7] બાકી રહેલ દક્ષિણા માટે આપજ મને દાસ તરીકે રાખી લેવા કૃપા કરો.' વિશ્વામિત્રે તેમ કરવા હા પાડી, પણ કહ્યું કે, 'મારી આજ્ઞા પ્રમાણે તમારે

---

૧. તૈયાર. ૨. ઉતમ, સૌથી વધારે. ૩. હદે. ૪. છેલ્લી હદ. ૫. દુઃખદાયક, દુઃખ ઉપજે એવો. ૬. ભંગી. ૭. ૠષિ થયેલા બ્રાહ્મણ.

ચાલવું પડશે.' પછી વિશ્વામિત્રે રાજાને દાસ તરીકે સ્વીકારી પાછો ચંડાળને વેચાતો આપ્યો. આ પ્રમાણે રાજા અંતે ચંડાળનો દાસ થઈ રહ્યો. કાશીપુરીના દક્ષિણ મશાણમાં મુએલાં માણસ પર ઓરાઢેલાં વસ્ત્રો એકઠાં કરી શેઠને ત્યાં લઇ જવાનું કામ ચંડાળે રાજાને સોંપ્યું.

હવે એવું બન્યું કે રાણી તારામતી ને રોહિત જ્યાં રહ્યાં છે ત્યાં એક વખત રોહિત તેના શેઠને કામે વગડામાં ઘાસચારો એકઠો કરવા ગયેલો. થાકને ગરમીથી તૃષા લાગતાં એક તળાવમાં પાણી પીવા જાય છે તેવામાં સર્પદંશ[૧] થતાં રોહિત ત્યાંજ મરણ વશ થયો. આ ખબર તારામતીને પડતાં તે ત્યાં ગઈ, અને મૃતપુત્રનું[૨] માથું ખોળામાં લઈ વિલાપ કરવા લાગી. છેવટે તેના શબને ઠેકાણે પાડયા વિના બીજો ઇલાજ હવે નથી. એવું મનમાં આણી ધીરજથી પુત્રના મડદાને ખભે નાંખી મશાણભૂમિ તરફ ચાલી. અહિં રાજા ચંડાળના નોકર તરીકે મડદાં બાળનાર પાસેથી કર વસુલ લેવા હાજર હતો. તેણે કર આપ્યા પહેલાં મુડદું બાળવા દેવાની સાફ ના પાડી. એટલે રાણી ગદગદ કંઠે વિલાપ કરવા લાગી. વિલાપ કરતાં બૈરાંઓના રવાજ મુજબ આગલી પાછલી પોતાની સ્થિતિ પર શોચ દર્શાવતી ગઈ તે સાંભળી રાજા ચેત્યો કે, 'રખેને આ મારો પુત્ર અને આ મારી સ્ત્રી તારામતી હોય! પછી પાસે આવીને મુએલા પુત્રનાં શારીરિક ચિન્હ તપાસે છે તો રોહિતને રાજાએ ઓળખ્યો. પુત્ર ને સ્ત્રીની આ દશા જોઇ રાજા મૂર્છિત[૫] થયો. મૂર્છા વળી ત્યારે રાજા પણ વિલાપ કરવા લાગ્યો કે, 'અરે!

---

૧, સાપનું કરડવું. ૨. મુએલા દીકરાનું. ૩. મડદાને. ૪. શરીર પરનાં. ૫. બેભાન, બેશુદ્ધ.

દુષ્ટ દૈવ! આ અમારા એકના એક પુત્રને અગ્નિસંસ્કાર[૨] કરવા જેટલું પણ સામર્થ્ય હવે અમારામાં રહ્યું નહિ! હતભાગ્ય અમે સ્મશાનભૂમિનો કર કયાંથી આપીએ કે અમારો પ્રાણાધિક[૬] પ્રિયપુત્ર[૭] છેવટને વખતે અગ્નિસંસ્કાર માટે જોઈતી જગો પણ પામે! રાજા હરિશ્ચંદ્રનું એક વચનીપણું[૮], ધૈર્ય, અને તેના પર પડેલા સંકટની પરિસીમાના વખતમાં પણ રાજા સત[૯] છોડતો નથી અને પોતાના પુત્રને કર આપ્યા પહેલાં બાળવા દેતો નથી. એ આચરણથી પ્રસન્ન થઈ દેવો સઘળા એકઠા થઈ ગયા, રોહિતને સજીવન કર્યો, પુષ્પનીવૃષ્ટિ થઈ, અને જે વિશ્વામિત્ર ઋષિએ હરિશ્ચંદ્રનું સત્ય છોડાવવા આ દુઃખનું વાદળું તેને માથે વાળ્યું હતું તેણે રાજાનું સત્યવાદી પણું કબુલ કર્યું અને રાજ્ય પાછું સોંપી વિદાય થયા. આ પ્રમાણે હરિશ્ચંદ્ર, તારામતી ને રોહિત પછી પોતાના રાજ્યમાં ગયાં ને ત્યાં સુખશાંતિમાં પ્રજાનું કલ્યાણ કરતાં દિવસ નિર્ગમન કરવા લાગ્યાં.

(ભા૦ સ્કં૦ ૯, અ૦ ૭.)

## સાર.

સુખને દુઃખ એ મનના ધર્મ છે. એક માણસ જે વાતમાં સુખ માને છે તેને બીજો દુઃખરૂપ ધારે છે. પરંતુ પારકાનું ભલું કરવામાંજ જે પોતાના જીવતરનું સાર્થક સમજે છે, તેનો જ અવતાર સફળ થયો લેખાય છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શુદ્ર એ ચારે જાતિ પોતપોતાનાં કર્તવ્ય[૧૦] કર્મમાં વર્તવા તત્પર રહે

---

૧. વિધાત્રા, વિધિ, નસીબ. ૨. મડદાને બાળવું તે. ૩ સત્તા. ૪. હીણભાગી, નસીબ વગરનાં. ૫, મશાણનો. ૬. પોતાના પ્રાણથી વધારે. ૭. વહાલો. ૮. પોતે જે વચન આપેલું, હોય તે પાળવાનો ગુણ. ૯. ટેક. ૧૦. પોતે જે કામ કરવું યોગ્ય છે અથવા કરવું જોઈએ તેવું કામ.

એજ તેમનો ખરો ધર્મ છે. પ્રજાના કલ્યાણ અર્થે રાજસૂય યજ્ઞ કરી સૌને સંતોષવાં એમાં જ હરિશ્ચંદ્ર રાજાએ પોતાના સર્વસ્વને રાજ્યની આહુતિ[1] આપી, અટલુંજ નહિ પણ વિશ્વામિત્ર ઋષિને દક્ષિણા આપવાને આપેલું વચન પ્રાણાંત[2] લગી પાળવાનો તેનો નિશ્ચય દૃઢ હતો. દુઃખ કે, આફતનું વાદળું જોઈ કેટલાક અસ્થિર ચિત્તવાળા મનુષ્યો 'થુકયું ગળે છે', પણ ખરા થરાને ધર્મ પરાયણ[3] પુરૂષો હરિશ્ચંદ્ર રાજાની પેઠે અડગ[4] રહે છે. ધન્ય છે એવા સત્પુત્રોને ! કે જેઓ પોતાની માતાની કુખ દીપાવે છે.

---

## વાર્તા ૩૯.

## અગસ્ત્યમુનિએ રામને સંભળાવેલો મહિમા.

વનવાસના વખતમાં એક પ્રસંગે શ્રી રામચંદ્રજી ફરતા ફરતા અગસ્ત્યમુનિના આશ્રમે આવી ચઢયા. ઋષિએ પ્રેમપૂર્વક ભગવાન રામચંદ્રજીનો સત્કાર કરી તેમનું યથાવિધિ પૂજન ક . પછી પાકેલાં ફળ વિગેરે વનમાંથી લાવી શ્રી રામચંદ્રજીને ભોજન કરાવ્યું. પછી હીરા, મણિ, માણેક વિગેરે ઉંચી જાતનું જવાહીર લાવી રામચંદ્રજીના મ્હોં આગળ મૂકયું. એ જવાહીરમાં હાથમાં પહેરવાનાં બે દિવ્યાંશી કંકણ હતાં. એ જોઇ રામચંદ્રજીએ ઋષિને પૂછયું કે, આ દેવતાઇ કંકણ તમારી પાસે કયાંથી!' તેના જવાબમાં મુનિએ નીચેની હકીકત રામચંદ્રજીને કહી સંભળાવીઃ—

વિદર્ભ દેશનો સત્યવાન નામે એક રાજા હતો. તે એક વખત શિકાર કરવા આ વનમાં ચઢી આવ્યો. ત્યાં એને પ્રબળ તૃષા

---

૧. હોમી દેવું. ૨. મરણ. ૩. ધર્મવાળા. ૪. ડગે નહિ એવા; પોતાનો વિચાર ફેરવે નહિ એવા.

લાગવાથી તેનો દેહ કાળ થયો. તેણે હાથી, ઘોડા, મણિ, માણેક વગેરેનું પુષ્કળ દાન કર્યું હતું. તેથી એ પુણ્યના પ્રતાપે કરી તે દિવ્ય સ્વરૂપવાળો દેવ થયો. પરંતુ તેણે અન્નનું દાન કર્યું નહોતું, તેથી સ્વર્ગમાં પણ તે અન્ન વિના ક્ષુધાથી પીડાવા લાગ્યો. આથી કંટાળીને તે બ્રહ્માની સ્તુતિ કરવા લાગ્યો કે 'હે! મહારાજ! હું અન્ન વિના બહુ દુઃખ પામું છું.' પ્રજાપતિ તેને વારંવાર સમજાવતા કે તેં અન્નનું દાન કર્યું નથી તેથી તારે તે દુઃખ સહેવું પડે છે. તો પણ તે ભુખની પીડાને લીધે વખતો વખત પ્રજાપતિને પોતાની આજીજીથી કંટાળો આપતો. આખરે થાકીને બ્રહ્માએ રીસ કરી તેને કહ્યું કે, તું પ્રેત થઈ તારા પોતાના શરીરનું માસ ખાઈ તારી ક્ષુધા તૃપ્ત કર.' ક્ષુધાથી પીડાએલો એ દેવ પછી પ્રેત રૂપ ધારણ કરી પોતાના દેહની માટી ખાતો અને પાછું દિવ્ય સ્વરૂપ ધારણ કરી પાછો સ્વર્ગમાં જતો રહેતો. આમ લાંબો કાળ કરી કરીને તે કંટાળ્યો ત્યારે તેણે ફરી બ્રહ્માને પ્રાર્થના કરી કે, 'મહારાજ! મને હવે મારા દેહના માંસનો અભાવ થઇ ગયો છે તેથી મને કોઈ સારો રસ્તો કૃપા કરી બતાવો.' એ ઉપરથી પ્રજાપતિએ તેને સૂચવ્યું કે, 'તમે અગસ્ત્ય ઋષિ પાસે જાઓ એટલે તમારૂં દુઃખ ટળશે.' બ્રહ્માની આજ્ઞા શિર ચઢાવી તે દેવ મારી પાસે આવ્યો અને મને નમન કરી બેઠો. મેં તેને આવાગમનનું કારણ પૂછ્યું ત્યારે પોતાના દુઃખનું કારણ તેણે મને જણાવ્યું. તેની હકીકત સાંભળી લઇ મેં તેને માથે હાથ ફેરવ્યો તે દિવસથી તેની ક્ષુધા શાંત થઇ ગઇ અને તે હવે સ્વર્ગમાં સુખ ચેનથી દિવ્ય દેહે રહી આનંદ કરે છે. સ્વર્ગે જતી વખતે પોતાની પાસેનાં આ બે કંકણ તે મારા આગળ મૂકતો ગયો હતો.

પછી મુનિ અગસ્ત્ય બોલ્યા કે, 'હે! ભગવાન! સર્વ

દાનમાં અન્નદાન શ્રેષ્ટ છે. બીજા બધા પદાર્થોના દાનમાં દેશકાળ અને કુપાત્ર સુપાત્ર જોવાની જરૂર રહે છે, પણ અન્નદાનમાં એ બાબતો લક્ષમાં રાખવાની જરૂર રહેતી નથી. ભૂખના દુ:ખથી રીબાતાં કોઈપણ પ્રાણીને ખવડાવી તેના આત્માને શાંતી પમાડવી એટલુંજ માત્ર અન્નદાન કરનારે ધ્યાનમાં રાખવાનું છે. પછી તે સુપાત્ર હો કે કુપાત્ર હો તે વિષે અન્ન આપનારે દરકાર રાખવાની જરૂર નથી. (રા૦ ઉત્તર કાં૦ અ૦ ૨૧.)

## સાર.

અન્ન અને પાણી એ મનુષ્યજીવનના આવશ્યક પદાર્થો છે. જેને તે પદાર્થો પાસે અને પુષ્કળ હોય તેને અલ્પ કિંમતના છે પરંતુ છપ્પનિયા જેવા ભયંકર દુકાળના વખતમાં અથવા તો વિશાળ રેતીના રણોમાં મુસાફરી કરનારાઓને તથા સખત ગ્રીષ્મ ઋતુમાં સૂર્યના તાપથી જે મુસાફરોના કંઠ સૂકાઈ ગયા હોય તેવા મનુષ્યોને અન્નપાણી કેટલાં કિમતી છે તેનો ખ્યાલ વાંચનારને સહેજ આવી શકશે.

---

## વાર્તા ૪૦.

## મન્થરા અને કૈકેયી.

એક દિવસ રામચંદ્રજી રાજ્યમહેલના ચોકમાં પાટ ઉપર બેઠા બેઠા દાતણ કરતા હતા. તમની પાસે જળ પાત્ર લઈને એક સેવક ઉભો હતો. તેવામાં સામેના કૈકેયીના મહેલ આગળ મન્થરા નામની દાસી વાસીદુ વાળતી હતી, તેની રજ રામચંદ્રજી તરફ ઉડતી આવી, તેથી પાસે ઉભેલા નોકરે દાસીને કહ્યું કે, 'મહારાજ બેઠા છે તે શું દેખતી નથી? તારા વાસીદાની

રજથી તેમનુ શરીર ભરાય છે તે વાત શું તારા લક્ષમાં નથી આવતી?' હલકા માણસનો સ્વભાવ પણ તેની જાતિપ્રમાણે હલકોજ હોય છે. વળી તે માનીતી રાણી કકેયીની માનીતી દાસી હતી તેથી ધરતી ઉપર તેનો પગ છબતો નહિ. એવી તે મદમાતી થઇ ગયેલી હતી. તેના ઉછાંછળા સ્વભાવ પ્રમાણે તે તોછડાઈથી બોલી કે, 'તારા મહારાજ બેઠા છે તેથી શું? ભાળ્યા ભાળ્યા તારા મહારાજ! અહંકારથી ભરેલાં દાસીનાં આવાં વેણ સાંભળી રામચંદ્રજી રીસે ભરાઇ બોલ્યા કે, 'હે! કુબ્જા! તું આટલી બધી છકી કેમ ગઇ છે કે કોઇને લેખવતી પણ નથી? શ્રી ભગવાને તેને કુબ્જા કહી તેથી તેનાં આઠે અંગ વાંકાં ચુંકાં અને તેની શીકલ કદરુપી થઇ ગઇ. રામચંદ્રજીનાં વચનનો આવો પ્રભાવ જાણી દાસી મન્થરા આજીજી કરતી તેમની પાસે દોડી ગઇ અને તેમને પગે પડી દીન વાણીથી પ્રાર્થના કરવા લાગી કે, 'મહારાજ, તમે તો મોટા પુરૂષ છો માટે તમારે મોટું દીલ રાખવું જોઇએ, અને હું તો તુચ્છ બુદ્ધિની છું માટે મારો અપરાધ ક્ષમા કરો અને મને પાછી હતી તેવી કરવા કૃપા કરો.' અધમ દાસીની દયા ખાઇ શ્રી રામચંદ્રજીએ કહ્યું કે, તને મેં જે કુબ્જા નામ આપ્યું છે તે તો મિથ્યા થનાર નથી, પરંતુ આવતા જન્મમાં તું મથુરા નગરીમાં કુબ્જા નામે કંસ રાજાની દાસી થઇશ. તે વખતે કંસનો વધ કરવા હું શ્રી કૃષ્ણનો અવતાર ધારણ કરીશ અને તારો ઉદ્ધાર તે વખતે કરી તને સુખી બનાવીશ.

અયોધ્યાના રાજા દશરથને કૌશલ્યા, કૈકેયી, અને સુમિત્રા ત્રણ રાણીઓ હતી. કૌશલ્યાને રામચંદ્રજી, કૈકેયીને ભરત અને સુમિત્રાને લક્ષ્મણ અને શત્રુઘ્ન એ ચાર પુત્રો હતા. તેમાં સૌથી વડા રામચંદ્રજી હતા. રાજા દશરથની વૃદ્ધાવસ્થા થવાથી વડા

પુત્રને રાજ્યાસને બેસાડી પોતે વાનપ્રસ્થ થવા ઇચ્છા રાખતા હતા. એ ઇરાદાથી રાજ્યાભિષેકનો શુભ દિવસ નિમ્યો હતો, અને તેની ધામધુમ આખા શહેરમાં ચાલી રહી હતી.

રામચંદ્રજીએ પોતાને આપેલા શાપથી કુબ્જા થયેલી મન્થરાના મનમાંથી વેરભાવનો દંશ ગયો ન હતો. અનેક તર્ક-વિતર્કો કરી વેરનું વાદળું વાળવા મન્થરા હર હમેશ તક શોધ્યા કરતી હતી. રાજ્યાભિષેકને આગલે દિવસે તે એક બાગમાં ફળ વિણવા ગઇ હતી, ત્યાં કેટલાંક પાકાં તડબુચ હતાં તેમાનું એક પાકું તડબુચ ખાવાની તેની ઇચ્છા થઇ. એ વખતનો લાભ લઈ કલિયુગ મન્થરાના દેહમાં પ્રવેશ કરવા સારૂ તડબુચમાં પેઠો. તે તડબુચનું પછી મન્થરાએ ભક્ષણ કર્યું. હવે તડબુચની ટોપલી લઇ મન્થરા કૈકેયીને મંદિર આવી, ત્યાં રામનો રાજ્યાભિષેક નજીક હોવાથી આનંદ મંગળનાં શુભ ચિન્હો લાગી રહ્યાં હતાં. કલિના પ્રવેશથી બુદ્ધિભ્રષ્ટ થયેલી મન્થરા મંગળમય દેખાવો જોઈ બળવા લાગી. ધુંધવાઈ રહેલો તેનો ક્રોધ રૂપી અગ્નિ રામ પ્રત્યે જ્વાળા થઇ પ્રગટી ચાલ્યો, અને તે ટોપલી પછાડી રડવા અને કુટવા મંડી. આનંદના દિવસે શોકનું શું કારણ છે એમ જ્યારે રાણી કૈકેયી તેને પૂછ્યું ત્યારે તે ક્રોધથી ધમધમીને બોલી ઉઠી કે, ‘ રામને ગાદી આપવાની સૌ વાતો કરે છે, પણ મોસાળ ગયેલા તમારા ભરતનું તો કોઈ નામ પણ સંભારતું નથી રાજ્ય મળ્યા પહેલાં તમારી આ સ્થિતિ છે તો પછી રાજા થયા પછી રામ તમારૂં શું સારૂં કરશે તે તમે હૈયું ફોડીને જરા વિચારી જુઓ. મને લાગે છે કે રામની માતા રાણી કૌશલ્યાની દાસી થઈ તમારે દહાડા કાઢવા પડશે. એમ છે તો પછી તમારૂં દાસીપણું ઉઠાવીને હું શું લાભ કાઢવાની છું ?’’ રાણી કૈકેયીની મતિ નિર્મળ હતી.

તેને મન ઓરમાયાં વેરવાયાં કંઈ નહોતાં. તે પોતાના પુત્ર અને રામચંદ્રજીમાં કશો ફેર લેખતી નહોતી. રામ પ્રત્યે ભરત પૂજ્ય-ભાવ રાખે છે તે તે જાણતી હતી. રામચંદ્રજીને રાજ્ય મળે તેમાં ભરત અને તે પોતે પણ અંતઃકરણથી ખુશી હતાં, તેથી મન્થરાને ઠપકો આપવા લાગી કે, 'મારે મન રામ અને ભરતમાં કોઈ વધતું ઓછું નથી. વગર લેવે દેવે નાહકનો સંતાપ તું શા માટે વ્હોરી લે છે ? પારકા ઘરમાં કંકાસ ઘાલવાની દુષ્ટ બુદ્ધિ તને ક્યાંથી ઉપજી છે ? મૂર્ખ અને વિઘ્નસંતોષી થવાનું આવું અવળું ભૂત તને કોણે ભરાવ્યું છે !' એમ કહી હેતથી તેને છાતી સરતી દાબી છાની રાખવા માંડી. મન્થરાને છાતી સાથે રાણી દાબવા ગઈ એટલે ક્રૂર કૃત્ય કરનારો દુષ્ટ કલિ રાણીના અંગમાં દાખલ થઇ ગયો. જેમ નિરોગી શરીરમાં વિષનો પ્રવેશ થતાં અંગમાં નસે નસે ઝેર વ્યાપી રહે છે, અને મનુષ્ય પોતાના શરીરનો કાબુ ખોઇ બેસે છે તેમ હવે કૈકેયીને થયું. તરતજ તેની બુદ્ધિ ફરી. રામ અને ભરત વચ્ચે હવે તેની દૃષ્ટિ તફાવત જોવા લાગી. 'મારા અને તારા' એ તેના નિર્મળ હૃદયમાં હવે વાસ કરવા માંડયો. તેને લાગ્યું કે, 'મન્થરાનું કહેવું કાંઈક વિચારવા જેવું તો છે.' તેને લાગ્યું કે, 'આજ વર્ષો થયાં મારી સાથે સહવાસમાં રહેલી મન્થરા છેક મૂર્ખ તો નથી.' તે મનમાં કહેવા લાગી કે, 'ખરી વાત છે કે પારકું તે પારકું અને પોતાનું તે પોતાનું. જો એવો તફાવત ન હોય તો પારકું પોતાનું એવા શબ્દો આજે લોકોમાં ક્યાંથી પ્રચલીત થયા હોત ? રામ ગમે તેવો ભલો હોય, ગમે તેટલી મારા પ્રત્યે પ્રીતિ ધરાવતો હોય તો પણ ભરતની પેઠે તેના શરીરમાં મારાં ત્રણ અંગ તો નજ કહેવાય, એટલે આખરે જે જેનાં તે તેનાં એમ થઇ બેસે તો કાંઇ ના કહેવાય.

નહિ. આવા કુતર્કોને વશ થઈ તે બોલી ઉઠી કે, ' મન્થરા! તારી શીખામણનો મેં ઉંડો વિચાર કરી જોયો, તો મને પણ લાગે છે કે તારી વાતમાં બહુધા સત્ય છે. પણ વખત ભરાઇ ચૂક્યો છે, કાલેજ રાજ્યાભિષેકનો દિવસ છે એટલે રાતની રાતમાં આપણાથી શું નિપજી શકે ? તને કાંઈ રસ્તો સુજતો હોય તો બતાવ. બ્હેન, તેં મારૂં આજ સુધી ખાઇ ખાઇને ખાધું તે આજે પ્રમાણ થયું, તારી સલાહથી જો હું અવળી ચાલી હોત તો હું જીંદગી હારી બેસત.' એમ રાણી તેને સાબાશી આપવા લાગી. હવે મન્થરાના ટાંટીયામાં જોર આવ્યું. તે ખબરદાર થઇ બોલી, ' માતાજી, તમે ગભરાઓ ના. હજી કાંઇ બગડી ગયું નથી. તમારાં બે વચન રાજા દશરથ પાસે લેણાં છે તે માગી લેવાનો ખરો વખત આજે જ છે, તેમાં જો ભૂલશો તો પછી કશો ઈલાજ આપણા હાથમાં રહેશે નહિ. માટે આજે જ્યારે તમારા મહેલે રાજા પધારે ત્યારે તમે રીસાઇ બેસજો. અબળા જાતિને રાજા દશરથ દુ:ખી થવા દેતા નથી તો તમને દુ:ખી દેખી શકશે નહિ. અતિ આગ્રહથી તમારા રીસાવાનું કારણ તે પૂછે ત્યારે પેલાં બે વચન માગી લેજો, એક વચનમાં રામ માટે ચૌદ વર્ષનો વનવાસ અને બીજા વચનમાં ભરત માટે અયોધ્યાનું રાજ્ય માગશો એટલે આપણાં સર્વે વિઘ્નોનો વિનાશ થઈ જશે. અરણ્યવાસમાં રામને ક્રૂર દૈત્યો મારી નાખશે અને ભરત પછી નિષ્કંટકપણે અયોધ્યાનું રાજ્ય ભોગવી શકશે. આવો સંકેત કરી બંને દુષ્ટ બુદ્ધિ અબળાઓ હરખાતી હરખાતી પોતપોતાના કામે વળગી.

( રા૰ અ૰ કાં૰ અ૰ ૪–૫ )

### સાર.

સોબત તેવી અસર. દાસી જાતના નીચ સંગમાં રહેલી

કૈકેયીને શું અનર્થ સૂજ્યો ? ઘડીમાં બ્રહ્માંડને ઉથલાવી નાંખે એવાં કુભાંડ રચીને બંને અબળાઓ બેઠી. તેટલા માટે શાસ્ત્રકારો પોકારીને કહે છે કે, 'સંગત કરવી તો સારાં મનુષ્યોની કરવી.' રામને રાજ્યાસને બેસવાનો નિર્ણય થયો હતો તેજ દિવસ વનવાસ જવાનો ઠર્યો. એ ઘોર કૃત્ય નીચ સંગતનું જ પરિણામ હતું.

---

## વાર્તા ૪૧.

## ગૌતમ ઋષિને આશરે આવેલા ઋષિઓ.

અસલના વખતમાં ગૌતમ ઋષિ અને તેમની સ્ત્રી ગૌતમી બ્રહ્મ નામના પર્વતની ખીણમાં રહી તપ કરતાં હતાં. દૈવ કોપથી તે સ્થળે સેંકડો વર્ષ સુધી દુકાળ પડયા કર્યા, અને ઝાડપાલો તદ્દન સૂકાઇ ગયો. પાણી પણ મળે નહિ, તેથી તે પ્રદેશમાં વસતાં પશુ પક્ષિઓ પણ ત્યાંથી જતાં રહ્યાં. સુકાળ થવા માટે ઋષિઓ બધા તપ કરવા લાગ્યા, તેમાં મહાન ગૌતમ ઋષિએ પણ છ માસ સુધી વરુણ[1] દેવની આરાધના કરી. દેવે પ્રસન્ન થઈ વરદાન આપવા કહ્યું, ત્યારે ગૌતમે વરસાદ થવા માગણી કરી. વરુણ દેવતાએ જવાબ આપ્યો કે, આ સેંકડો વર્ષના દુકાળ એ તો દૈવકોપનું પરિણામ છે, તો પણ તમે એક ખાડો ખોદો એટલે તેમાં હું આવી રહીશ.' અને તે પ્રમાણે વરુણ દેવ ખાડામાં આવી રહ્યા; અને કહ્યું કે, 'જે કોઇ આ જળમાં નહાશે તેના પાપ નાશ પામશે અને આ ક્ષેત્ર[3] તમારા નામથી પ્રખ્યાત થશે. અહિં ગૌતમે આ પાણી વડે જવ, ડાંગર વિગેરે પકવ્યાં અને બીજા ઋષિઓને પણ પોતાને આશ્રમે બોલાવ્યા.

---

૧ પાણીના દેવ. ૨ ખુશી કરવા માટે તપ. ૩. જગો. ૪. રહેવાનું ઠેકાણું.

તેથી બીજા ઋષિઓ ત્યાં આવી રહ્યા ને હોમ યજ્ઞ[1] વિગેરે કર્મો કરવા લાગ્યા. ગૌતમ ઋષિની સ્રી ગૌતમી મહા સાધ્વી હતી. અને પોતાના ધણીની સેવાચાકરીમાં રાત દિવસ ગાળતી, તે જોઈ બીજા ઋષિઓની સ્રીઓ તેની અદેખાઇ કરવા લાગી. તેઓ તેની નિંદા કરે અને તેને કહે કે, 'તું તો અભિમાની છે.' આવી રીતે ગૌતમીને મહેણાં મારે ને તેનો તિરસ્કાર[2] કરે તથા તેને હરેક રીતે સતાવી દુઃખી કરે. પરંતુ સતી ગૌતમી કે જેનું બીજું નામ અહલ્યા પ્રસિદ્ધ છે તે આ દુઃખ શાન્ત પણે સહન કરે, અને પોતાના ધણીને આ વાત જણાવે નહિ. દિવસે દિવસે ઋષિપત્નીઓની[5] અદેખાઈ વધતી ચાલી અને તેઓએ હવે તેમના પતિઓના[6] કાન અહલ્યા વિષે સાચી ખોટી વાતો કરીને ભરવા માંડયા. વખતો વખત તેઓ કહે કે, 'અહલ્યા તો અભિમાની છે.' અને અમને હલકાં વચનો કહી મહેણાં મારે છે.' સતી અહલ્યા પવિત્ર[7] અને સાધ્વી[8] સ્રી છે તે ઋષિઓ જાણતા હતા, તેથી કેટલાક વખત સુધી તો તેઓએ સ્રીઓના કહેવાને વજન[9] આપ્યું નહિ. પરંતુ હર હમેશ પોતાની સ્રીઓના ખોટા પોકારથી ઋષિઓનું મન ઉશ્કેરાતું[10] ગયું. પોતાને આશ્રય આપનારા ગૌતમ ઋષિનું બુરૂં[11] કરવાને ઇરાદે[12] તેમણે હવે શ્રી ગણપતિ દેવનું આરાધન કરવા માંડયું, પણ તપને પ્રભાવે[13] પ્રસન્ન થયેલા ગણનાથે[14] કહ્યું કે, 'હે! ભ્રષ્ટ[15] બુદ્ધિના ઋષિઓ! તમે જે કર્મ આચર્યું[16]

---

૧. દેવતામાં કેટલીક ચીજો બાળવી. ૨. તુચ્છકારી કાઢવું ૩. હેરાન કરવું. ૪. ખમી રહે. ૫. ઋષિની સ્ત્રીઓ. ૬ ધણી. ૭. ચોખી. ૮. સારી ચાલની. ૯. કરવો માન્યું. ૧૦ ગુસ્સો આવવો ૧૧ ભુંડુ ૧૨. ધારણાં વિચાર ૧૩. પ્રતાપથી. ૧૪, ગણપતિ. ૧૫. દુષ્ટ. ૧૬. કરવો મડયું.

છે તે ઘણું અઘટિત છે. જેણે તમને આશરો આપ્યો તેનું જ ભુંડું કરવા તમે ઉભા થયા છો એના જેવું ઘોર પાતક બીજું શું હોય ! તેમ છતાં તમારો બહુ આગ્રહ છે તો ગૌતમ ઋષિને હું છળીશ.'[1]

એક દિવસ ગૌતમ મહામુનિ વાડીમાં ફરે છે એટલામાં એક દુર્બળ ગાય જવ ખાઇ જતી નજરે પડી. ગાયને જોઇ ઘાસનુ એક તણખલું ઋષિએ તેના તરફ ફેંક્યુ કે ગાય તત્કાળ[2] ભોંય પર ઢળી પડી. આ બનાવ બીજા ઋષિઓ છાના રહીને જોયા કરતા હતા તે તરતજ બહાર નીકળી આવી હાહાકાર કરવા લાગ્યા, ને સૌ ગૌતમ અને તેની સ્રીને કઠોર વચન કહેવા લાગ્યા, અને કહ્યું કે, 'હે ! દુષ્ટ દંપતી ! તમે ગૌહત્યાનું[3] મહાપાતક કર્યું, માટે તમે આશ્રમ છોડી જાઓ.' તે પ્રમાણે કબુલ કરી બંને ધણીધણીઆણી દૂર જઇ રહ્યાં. કેટલોક કાળ ત્યાં રહી ગૌતમ એક દિવસ ઋષિઓ પાસે આવ્યા ને તેમને પૂછ્યું કે, 'મારૂં પાપ નાશ થાય એવો ઉપાય છે?' ત્યારે તેઓએ બતાવ્યું કે, 'બ્રહ્મગિરિની સો વાર પ્રદક્ષિણા કરી અથવા તો ગંગા મહા નદીને લાવી તેમાં નહાવો તો તમારૂં પાપ નિષ્ફળ થશે.' આ વાત કબુલ કરી ગૌતમ પ્રદક્ષિણા કરે છે તેવે વખતે એક દિવસ શ્રી શંકર પાર્વતીજી ત્યાં પધાર્યાં અને ગૌતમ ઋષિ પર પ્રસન્ન થઈ વરદાન માગવા કહ્યું. ગૌતમે બે હાથ જોડી પ્રાર્થના કરી કે, 'હે ! દીનદયાળ ![6] મને ગૌહત્યાનું મહા પાપ લાગ્યું છે તેમાંથી મને મુક્ત[7] કરો.' શ્રી શંકરે કહ્યું કે,

---

૧. છેતરીશ. ૨. તરતજ. ૩. ગાયને મારી નાંખવી. ૪. મોટુ પાપ. ૫. નાશ. ૬. ગરીબ પર દયા કરનાર. ૭. છોડવો.

'તમે નિષ્પાપ[1] છો. બીજા ઋષિઓએ છળીને તમારે માથે આળ [2]ઓરાઢયું છે ને તમને દોષિત ઠરાવી આશ્રમ બહાર કાઢયા છે.' ગાતમે જવાબ આપ્યો,' મહારાજ! તેમનો મારા પર મોટો ઉપકાર થયો, તેમણે એવું ન કર્યું હોત તો આપનાં દર્શનનો લાભ મને કયાંથી મળત! ધન્ય છે એવા ઋષિઓને કે તેમના પ્રતાપ વડે મને આપનાં દર્શન થયાં!' એવાં વચન સાંભળી શ્રી મહાદેવજીએ વધારે પ્રસન્ન થઈ બીજું વરદાન માગવા કહ્યું એટલે ગૌતમે ગંગાજીનો નિવાસ તે સ્થળે થવા વચન માગ્યું. તે પ્રમાણે વચન આપી શ્રી શંકર વિદાય થયા ને શ્રી ગંગાજી પ્રગટ થયાં. ગૌતમ તેમાં નાહી પવિત્ર થયા. આ વાતની ખબર બીજા ઋષિઓને પડતાં તેઓ સ્ત્રીઓ સાથે ગંગાજી તરફ આવવા નીકળ્યા. તેમને જોઈ ગંગાજી લોપ[6] થઈ ગયાં અને આકાશવાણી થઈ કે, 'હે! દુષ્ટ કૃતઘ્ન અદેખા ને મિથ્યાભિમાની[8] ઋષિઓ, તમે તપસ્વીનો[9] ખોટો ડોળ ધરનારા છો. હું તમારૂં મ્હોં જોઈશ નહિ.' શ્રી ગંગાજીનાં ક્રોધનાં વચન સાંભળી મોટા દીલના ગૌતમ બોલ્યા કે, "માતાજી, મોટાઓની રીતિ એવી હોય છે કે અવગુણ ઉપર ગુણ કરવો, અપકારી[10] ઉપર ઉપકાર કર્મથી હું પણ પવિત્ર થાઉં છું' એ ભગવાનનાં વચનો છે." ગૌતમની આજીજીથી ગંગાજી બોલ્યાં કે 'આ ઋષિઓ સાત હજારને એકસો વાર બ્રહ્મગિરિની પ્રદિક્ષણા કરશે ત્યારે પવિત્ર થશે.'

---

૧. પાપ વગરના. ૨. ખોટું તોહમત. ૩. પાપી. ૪. વાસ કરીને રહેવું. ૫. નીકળ્યા. ૬. ન દેખાય તેવાં, ૭. ભલું કરનારનું ભુંડું કરનારા. ૮. ખોટું અભિમાન રાખનારા. ૯. તપ કરનારા. ૧૦. ગુણ ઉપર અવગુણ કરનાર.

ઋષિઓએ તેટલી પ્રદક્ષિણા કરી ગંગામાં સ્નાન કર્યું ને પછી પવિત્ર ને મોટા મનના ગૌતમ ઋષિ ને અહલ્યાના પગમાં પડી સૌ ઋષિઓ ને ઋષિપત્નીઓએ ક્ષમા માગી. દયાળુ ને સમભાવવાળાં[1] એ દંપતીએ ક્ષમા કરી સૌને આશીર્વાદ આપ્યો.

(શિ૦ પુ૦ જ્ઞા૦ સં૦ અ૦ ૫૩-૫૪.)

## સાર.

મહાન પુરૂષો દુનિયાનાં દુઃખમાં ભાગ લેનારા હોય છે. તેથી દુકાળનાં સંકટો દૂર કરવા વરૂણ દેવનું આરાધન કરી પશુ, પક્ષીઓ ને ઋષિઓને માટે ઘાસ ચારો, અન્નને પાણી મહાત્મા ગૌતમે મેળવ્યાં, અને સંકટમાં પીડાતા ઋષિઓને પોતાના આશ્રમે તેડાવ્યા. પરંતુ અપકારી ઋષિઓએ સતી અહલ્યા તથા ગૌતમને આળ ચઢાવી દુઃખ દેવામાં મણા રાખી નહિ, અને આખરે પોતાની દુષ્ટ બુદ્ધિ માટે પાપમાં ને પસ્તાવામાં પડયા. ઋષિઓનાં ગમે તેવાં દુષ્ટ આચરણથી ઋષિ ગૌતમ ઉપર કશી માઠી અસર થઈ નહિ, અને જ્યારે ગંગાજીએ તેમને દર્શન દેવા ના પાડી ત્યારે ગૌતમે ગંગાજીને વિનવી ઋષિઓને પાવત્ર કર્યા. એ દાખલો બતાવી આપે છે કે, 'ભલા પોતાની ભલાઇ કદી છોડતા નથી.' પોતાને ગમે તેવું દુઃખ દે, તોપણ મોટા પુરૂષો થયેલ અવગુણ સામું જોતા નથી પણ અપકારીનું ભલું કરવાને સર્વકાળ તત્પર જ રહે છે, પરંતુ જેણે આશરો આપ્યો હોય તેનુંજ બુરૂં કરવા ઉભા થવું તેના જેવું મહા પાતક અને નીચ કર્મ બીજું કોઇ નથી.

---

1. રાગ, દ્વેશ વગરનાં.

## વાર્તા ૪૨.

## અમ્બરીષ.

પૂર્વે સૂર્યવંશી રાજા નાભાનો પુત્ર અમ્બરીષ થઇ ગયો. તે બહુ ધર્માત્મા અને શ્રી વિષ્ણુભગવાનનો પૂર્ણ ભકત હતો. સૃષ્ટિના જીવોને તે પોતાના આત્મા તુલ્ય લેખતો. જો કે તે સાત દ્વીપનો રાજા હતો તો પણ તે રાજ્યના કે લક્ષ્મીના મોહમાં ફસાઈ ન જતાં તેનો આત્મા હમેશાં વિરકત રહેતો. પ્રજાના કલ્યાણ અર્થે યજ્ઞ કરવા એ આ રાજા પોતાની એક ફરજ સમજતો, તેથી નિર્જલા દેશમાં સરસ્વતી નદીને તીરે તેણે ઘણા એક અશ્વમેઘ યજ્ઞો કર્યા અને એક વર્ષનું દ્વાદશી વ્રત આદર્યું. એ વ્રતની પૂર્ણાહુતિને વખતે રાજાએ ત્રણ ઉપવાસ કર્યા અને વસિષ્ટ ગૌતમ વગેરે મહાન ઋષિઓનું પૂજન કરી તેમને ગાયનું દાન આપ્યું. પછી રાજાએ પારણું કરવાની તૈયારી કરી એવામાં દુર્વાસા ઋષિ ફરતા ફરતા એ સ્થળે આવી પહોંચ્યા. તેમનો રાજાએ હર્ષ સાથે પૂર્ણ સત્કાર કર્યો, ભોજન લેવાનું આમંત્રણ કર્યું. રાજાના સત્કારનો આદર કરી દુર્વાસા ઋષિ સરસ્વતીમાં સ્નાન કરવા ગયા. ઘણોક વખત થઇ ગયો, પણ ઋષિ નદી કિનારેથી પાછા ફર્યા નહિ અને રાજા મુશ્કેલીમાં આવી પડયો. એક તરફથી અતિથિને જમાડયા પહેલાં જમવું એ શાસ્ત્રની આજ્ઞાનો ભંગ થવાથી અને બીજી તરફથી તે દિવસે દ્વાદશીની એકજ ઘડી બાકી રહી હોવાથી વ્રતનો ભંગ થવાની ધાસ્તી ઉભી થઈ. હવે શું ઈલાજ કરવો તે વિષે વિચાર કરતાં રાજાએ નકકી કર્યું કે, 'જળનું પારણું કરવાથી વ્રતનો ભંગ અને આતિથ્યનું ઉલ્લંઘન થશે નહિ.' આમ ધારી રાજાએ જળનું બિંદુ મોઢામાં મૂકયું. થોડીવારે દુર્વાસા ઋષિ સ્નાન કરી આશ્રમે પાછા

ફર્યા પરંતુ જ્ઞાનના પ્રભાવથી રાજાએ પારણું કર્યાની વાત ઋષિના જાણવામાં આવતાં તે ક્રોધાતુર થઇ બોલ્યા, 'અરે પાપી રાજા, મને જમવાનું નોતરૂં દઈ તેં મારા પહેલાં જમી લીધું એ ઘોર પાતકી કામ કર્યું છે, તેથી લક્ષ્મી અને રાજ્યના તારા મદને હું ઉતારીશ.' એમ કહી પોતાની જટા છોડી, એટલે તેમાંથી કોપાયમાન થયેલી એક રાક્ષસી દેવી નીકળી. પરંતુ એકજ ઇશ્વર ઉપર જેનું ધ્યાન ચોંટેલું છે એવો રાજા અમ્બરીષ લેશ પણ ડગ્યો કે ચળ્યો નહિ, અને યજ્ઞના રક્ષણ અર્થે પોતાના ભકતને સહાય આપવાથી વિષ્ણુ ભગવાને જે સુદર્શન ચક્ર ત્યાં રાખેલું હતું તે રાજાને સંકટમાં આવેલો જોઇ દેવીની સામે થયું અને તેનો સંહાર કરી દુર્વાસાની પૂઠે ધાયું. ત્રાસ પામેલા દુવાર્સા ઋષિ ઠેકાણે ઠેકાણે આશ્રય શોધવા ભટકવા લાગ્યા, પણ કોઈ સ્થળે રક્ષણ નહિ મળવાથી આખરે વિષ્ણુ ભગવાનનું શરણ લીધું. શ્રી ભગવાને દુર્વાસા ઋષિનો મીઠાં વચનોથી સત્કાર કર્યો પણ પોતાના ભકતનું 'પણ' રાખવા તેમણે ઋષિને ફરમાવ્યું કે તમારે રાજા અમ્બરીષનું શરણ લેવું. જે ઉપરથી ઋષિ દોડતા આવી અમ્બરીષના પગ વચ્ચે માથું ઘાલી રહ્યા. મોટા મનનો અને ઉદાર દીલનો રાજા અમ્બરીષ કે જેને મન માન, અપમાન એક સરખું હતું અને જે જગતના સર્વ જીવોને આત્મવત્ લેખવતો હતો તેણે દુર્વાસા ઋષિ પ્રત્યે લેશ પણ ક્લેશ થવા દીધો ન હોતો. ઋષિ પ્રત્યે હાથ જોડી રાજા બોલ્યો કે, "હે! પુજ્ય! આપ ક્યારના ભૂખ્યા છો માટે સત્વર ભોજન કરી આ દીન સેવકને કૃતાર્થ કરો." આ વખતે સુદર્શન ચક્ર તેને સ્થાને જતું રહ્યું હતું અને દુર્વાસા ઋષિને ભોજનથી તૃપ્ત કરી દાન દક્ષિણાથી સારી રીતે રાજાએ સંતોષ્યા.

(ભા૦ સ્કં૦ ૯ અ૦ ૪.)

## સાર.

શાસ્ત્રકારો કહી ગયા છે કે **बुभुक्षितः किं न करोति पापम्** એ વાત કેટલીએક વાર મહાન્ પુરૂષોની બાબતમાં પણ ખરી પડેલી જોવામાં આવે છે. એક તો દુર્વાસા ઋષિ જાતે ક્રોધી હતા અને બીજું ભોજનનો વખત વહી ગયો હતો, તેથી ઋષિ જેવાને પણ આવી નજીવી બાબતમાં એક ઇશ્વરના મોટા ભકત ઉપર મહા ક્રોધ થઈ ગયો. શાંતિ અને ક્ષમા એ ઋષિ મુનીઓનું ઘરેણું છે અને તેજ તેમના વૈરાગ્યને અને વેશને દીપાવે છે એ વાત ઋષિના લક્ષમાંથી ઘડીભર જતી રહી અને રાજા પ્રત્યે આવું સાહસ કર્મ આદર્યું. પરંતુ સાહસનું સ્વભાવિક ફળ સાહસ કરનારને પૂર્ણ પસ્તાવવામાં મૂકે છે તે વખત દુર્વાસા સમાન મહાન ઋષિને અનુભવવો પડયો. પરંતુ ધન્ય છે! અમ્બરીષ જેવા મહાત્મા રાજનને કે જેણે અમલ, રાજ્ય કે વૈભવના કિંચિત મદથી પણ અંધ થયા સિવાય દુર્વાસા ઋષિ પ્રત્યે ક્ષમા દાખવી તેમનો પ્રાણ બચાવ્યો. પડેલા પ્રત્યે ક્ષમા એ શૂરવીર રાજાઓનો શણગાર હોય છે. મોટા દિલના મનુષ્યો પોતાને થયેલા ગુણ કે અવગુણનો ખ્યાલ આણ્યા વગર સર્વ કોઈનું, તેમજ દોષિતનું ભલું કરવામાંજ પોતાની મહત્તા અને ફરજ છે એમ સમજે છે.

---

## વાર્તા ૪૩.

## સુશીલા.

કોઈ એક સુબોધા નામનો બ્રાહ્મણ હતો તેને સુશીલા નામની ધર્મશીળ અને પતિ તરફ ભકિતભાવ રાખનારી સ્ત્રી

હતી. તેઓ ઘણાં દરિદ્રાવસ્થામાં હતાં, તો પણ જો કોઈ અતિથિ આંગણે આવતો તો સુશીલા તેને જમાડતી અને પોતાને તેમ કરતાં કોઇ વખત ભૂખ્યું પણ રહેવું પડતું; તે છતાં તે કદી પોતના મનમાં ઉદ્વેગ પામતી નહિ. એટલુંજ નહિ પણ આનંદમાં દિવસો ગાળતી. એક દિવસ પોતાની સ્રીનાં ફાટાંતૂટાં લૂગડાં જોઈ સુમેધાના મનમાં ઘણો સંતાપ થયો; તેથી તે બોલ્યો, "હે! દેવી! આપણી દરિદ્રાવસ્થાથી મને ઘણું દુઃખ ઉપજે છે. તારૂં અંગ ઢાંકવાને પૂરાંપાધરાં વસ્ત્ર પણ હું તને આપી શકતો નથી, માટે મારા મનમાં એવું આવ્યું છે કે પરદેશ જઈ કાંઇક ઉદ્યમ કરૂં. શાસ્રકારો કહી ગયા છે કે ઉદ્યમથી દારિદ્ર નાસે છે, માટે તું મને રજા આપે તો હું નશીબ અજમાવી જોઉં. આ ગામમાં ભીક્ષા માગતાં પણ આપણું પુરૂં થતું નથી, અને અહિં કાંઈ ઉદ્યમ કરવો મને સૂઝતો નથી. વળી કહ્યું છે કે, 'પુરૂષના નશીબ આડું પરગણું,' તેથી વિદેશમાં જઇશ તો મારા કીસમત્‌ની પણ મને ખબર પડશે." પતિના ઉદાસી ભરેલા આ શબ્દો પતિભક્તિમાં લીન થઇ ગયેલી સુશીલાને વજ્રના પ્રહાર રૂપ લાગ્યા. તેણે જવાબ વાળ્યો, "સ્વામિનાથ! આપ વિદેશ જવાની વાત કરો છો, તેથી મારા કાળજામાં તેલ રેડાય છે. આપની સાથે છું, તેથી હું સર્વ વાતે સુખી છું. આપનો વિયોગ વેઠી સુંદર વસ્રાભૂષણ સજવાની મને લેશ પણ ઇચ્છા નથી. વળી કહ્યું છે કે, 'મનુષ્ય પ્રયત્ન અને ઈશ્વર-કૃપા' માટે આપણા કિસમત્‌માં દરિદ્રાવસ્થા હશે તો તે આપના વિદેશ જવાથી કાંઈ ફીટશે નહિ, અને જો કિસમત્ સારાં હશે તો અહિં ઘેર બેઠાં પણ ઇશ્વર આપી રહેશે, માટે દેશાવર

જવાનો વિચાર આપ કૃપા કરી છોડી દેશો." સુમેધા સ્ત્રી ઉપર તેટલીજ મમતા રાખતો હતો, તેથી તેણે પરદેશ જવાનો વિચાર માંડી વાળ્યો, અને એક બીજાના સ્નેહમાં આનંદથી દિવસો ગાળવા માંડયા.

એમ કરતાં એક દિવસ કૌંડિણ્ય નામના મહાત્મા તેમને બારણે આવી ચઢયા. તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી બન્ને જણ હાથ જોડી વિનયપુર્વક પ્રાર્થના કરવા લાગ્યાં કે, "હે ! મુનિ ! અમે બહુ દુઃખી હાલતમાં છીએ, તેથી અમારૂં દારિદ્ર દૂર થાય એવો કાંઇ રસ્તો અમને કૃપા કરી બતાવશો." પછી ઋષિએ તેમને પુરૂષોત્તમ માસની અજવાળી અગિયારશનું વ્રત કરવા કહ્યું. જ્યારે અધિક માસ આવ્યો ત્યારે બન્ને ધણી ધણીઆણીએ ઋષિએ કહ્યા મુજબ વિધિ સહિત તે વ્રત કર્યું. તેમનાં સદાચરણ અને શ્રદ્ધાપુર્વક વ્રતથી શ્રી વિષ્ણુ પરમાત્મા બહુ પ્રસન્ન થયા. એક દિવસ એવું બન્યું કે કોઈ એક રાજકુમાર લક્ષ્મીથી ભરેલું ઘર, અને એક ગાય દાનમાં આપવાને બ્રાહ્મણની રાહ જોતો હતો, તેવામાં સુમેધા તે રસ્તેથી નીકળ્યો. ઉપર કહેલા તેના વ્રતના પ્રભાવે રાજકુમારે સોનાનાં શીંગડાં વાળી એક ગાયનું તેને દાન આપ્યું, અને તે ઉપર લક્ષ્મીથી ભરેલું એક ઘર તેને દક્ષિણામાં આપ્યું. તે લઈ સુમેધા હરખાતો હરખાતો ઘેર ગયો, અને પોતાની સ્ત્રી સાથે સુખચેનમાં રહેવા લાગ્યો.

( અધિક શુકલપક્ષ એ૦ મહાત્મ્ય. )

## સાર.

હાલના જમાનાની ફેશનમાં ફસી પડેલી સ્ત્રીઓને આ વાત ઘણો સારો બોધ આપે છે. નવાં નવાં વસ્ત્રો અને આભુષણો

પતિને રંજાડીને મેળવવાની ઇચ્છા રાખનારી અજ્ઞાન સ્ત્રીઓની હાલમાં ખોટ નથી, પછી પોતાનો ધણી તે પુરાં પાડવાની શકિત ધરાવે છે કે નહિ તેનો તેઓ ભાગ્યેજ વિચાર કરે છે. પરંતુ સાધવી અને ધર્મશીલ સ્ત્રી સુશીલાની પેઠે દુઃખમાં પતિને દીલાસો આપી આનંદમાં રાખવાની તજવીજ કરે તે જ તેનું ખરૂં આભુષણ છે, તેજ તેને શોભાવે છે, અને તેજ પતિવ્રતા સ્ત્રીનું લક્ષણ છે.

---

## વાર્તા ૪૪.

## રામચંદ્રજીએ સજીવન કરેલો બ્રાહ્મણનો પુત્ર.

અયોધ્યામાં રામચંદ્રજી રાજ્ય કરતા હતા. પ્રજા ઉપર રાજાની અમીદૃષ્ટિ હતી. રાજાનાં અદલ ઇનિસાફ અને પ્રજા તરફ પ્રીતિ વખાણવા લાયક હતાં, તેથી લોકો સૌ સુખી હતાં. આવા નેક રાજ્યવહીવટનું શુભ ફળ એ હતું કે માબાપની હયાતીમાં તેમનાં છોકરાં કદી મરતાં નહિ. આજે પણ ન્યાયી અને પ્રજા પાળક રાજાના રાજ્યને “રામનું રાજ્ય” એ ઉપનામથી ઓળખવામાં આવે છે.

એક દિવસ એવું બન્યું કે, અયોધ્યામાં રહેતા એક બ્રાહ્મણનો પુત્ર તેનાં માબાપની હયાતીમાં નાની ઉમરે એકાએક મરણ પામ્યો. બ્રાહ્મણના પુત્રના મરણના ખબર શહેરમાં જાણવામાં આવતાં લોકો વિસ્મય પામ્યાં. રાજા પ્રજાનું આચરણ એવું હતું કે કોઇ અધર્મનું કામ કરે નહિ. તે પુણ્યના પ્રતાપથી રાજાપ્રજા સુખ અને આબાદી ભોગવતાં હતાં તેવામાં આ બનાવ બન્યો; તેથી બ્રાહ્મણે વિચાર કર્યો કે મારા આચરણમાં કશો

ફેરફાર થયો નથી, તેમ છતાં મારો યુવાન પુત્ર ગુજરી જાય એ કોઇ અધર્મ કર્મનું પરિણામ હોવું જોઇએ, અને એવું અધર્મ કર્મ રામચંદ્રજીના નેક રાજ્યમાં કેમ થવા પામે તે સમજાતું નથી. આવો વિચાર કરી પુત્રના શબને લઇ બ્રાહ્મણ રાજાની કચેરીમાં આવ્યો, અને મડદાને રાજાની સભા વચ્ચે મૂકી રોતો કકળતો બોલ્યો કે, 'હે! મહારાજ! એવું શું ઘોર કૃત્ય આપના રાજ્યમાં થવા પામ્યું છે કે જેના પાપથી મારો એકનો એક જુવાન પુત્ર મરણવશ થયો' એમ કહી વળી રડવા લાગ્યો. બ્રાહ્મણના કરૂણાજનક રૂદનથી રામચંદ્રજીને દયાની તીવ્ર લાગણી થઈ આવી, અને રાજસભામાં બેઠેલા બ્રહ્માના પુત્ર નારદમુનિને તેમણે પૂછ્યું કે, "હે! મુનિ! મારા રાજ્યમાં એવું કયું નિંદ્ય કર્મ થાય છે કે જેનું પાપ આ બ્રાહ્મણને નડયું!" નારદ મુનિએ ઉત્તરમાં જણાવ્યું કે કોઈ એક શૂદ્ર ઘોર તપ તપે છે, જેનું આ માઠું ફળ આપણે નજરે જોઇએ છીએ.

પ્રજાનું દુઃખ એ જ રાજાનું દુઃખ એવું ગણનારા રામચંદ્રજી તત્ક્ષણ નારદમુનિએ કહેલા શૂદ્રની શોધમાં જવા તૈયાર થયા. ભગવાનની ઇચ્છા થતાં પુષ્પક નામનું વિમાન આવી હાજર થયું તેમાં બેસી ભગવાન રામચંદ્રજી ઘોર જંગલો, નદી, નાળાં અને પર્વતોપર ચોતરફ ફરી વળ્યા, પણ પેલો તપસ્વી શૂદ્ર હાથ લાગ્યો નહિ. છેવટે ફરતાં ફરતાં દક્ષિણ આર્યાવૃત્તમાં એક વિશાળ અને ઘોર અરણ્યમાં મોટો પર્વત હતો તે ઉપર એક ભીલ તપ કરતો તેમની નજરે પડયો. તેના ઉંચા રાખેલા મોંમાંથી તપના બળ વડે ધુમાડાના ગોટે ગોટા નીકળતા હતા. એ પુરૂષને છેટેથી જોઈ ભગવાને વિમાનને તે તરફ વાળ્યું. અને તેની સમીપ આવી પૂછ્યું કે, 'હે! ભાઈ! તું કોણ છે? તારો

વર્ણ અને વેદ કયો છે? અને તું આ ઘોર તપ શા માટે કરે છે?' ભીલે જવાબ આપ્યો કે, 'હું જાતનો કિરાત છું અને સ્વર્ગ મેળવવાને માટે આ તપ કરૂં છું.' ભગવાને કહ્યું કે, 'જો તારી ઇચ્છા સ્વર્ગ મેળવવાની જ છે, તો જા, હું તને સ્વર્ગમાં મોકલી આપુ છું.' એમ કહી ધનુષ્ય ઉપર બાણ ચઢાવ્યું અને તેની તરફ ફેંક્યું. આથી તેનાં જીવ અને કાયા જુદાં પડયાં, અને તે દિવ્ય દેહ ધારણ કરી સ્વર્ગે સીધાવ્યો. એવામાં સર્વ દેવોના રાજા ઇંદ્ર ત્યાં આવી પહોંચ્યા. ભગવાનને નમસ્કાર કરી ઇંદ્ર બોલ્યા કે, 'હે! જગતજીવોના પ્રાણરક્ષક પ્રભુ, આપની શી આજ્ઞા છે?' ભગવાને કહ્યું, 'મારી રાજધાનીમાં એક બ્રાહ્મણનો પુત્ર મૃત્યુ પામ્યો છે તેને સજીવન કરો.' પછી બંને પુષ્પક વિમાનમાં સવાર થઈ અયોધ્યા નગરીમાં આવી પહોંચ્યા, અને ઇંદ્રે અમૃતનું એક ટીપું પેલા મૃત્યુ પામેલા બ્રાહ્મણના પુત્રના મોંમાં મૂક્યું એટલે તે સજીવન થયો. તેના મા બાપ અને રાજ્યસભાનાં સૌ માણસો આનંદ પામ્યાં. પછી બ્રાહ્મણ તેના પુત્રને લઈ ઘેર ગયો, અને સુખચેનમાં રહેવા લાગ્યો.

(રા૦ ઉ૦ કા૦ અ૦ ૧૯.)

## સાર.

રાજા એ ઇશ્વરનો અંશ છે, રાજા પ્રજાનો સંબંધ માબાપ અને તેમનાં છોકરાંઓ જેવો છે. પ્રજાને સુખે સુખી અને તેને દુઃખે દુઃખી એ ખરી આર્યોની રાજ્યનીતિ છે. જો રાજા અનીતિમાન, દુરાચારી, જૂલમી કે પાપી હોય તો તેનું માઠું પરિણામ રાજાની સાથે પ્રજાને પણ ભોગવવું પડે છે. એથી ઉલટું રાજા નીતિને ચાહનાર હોય અને પ્રજાને પુત્રવત્ સંભાળતો હોય તો તેથી બંનેનું શ્રેય થાય છે. અને રાજાએ પોતાનો ખરો ધર્મ

બજાવ્યો ગણાય છે. અસલના આર્ય રાજાઓ એવું સમજતા હતા કે પોતે અમલ ચલાવવા, જોહુકમી વાપરવા, કે પ્રજાને પૈસે અમન ચમન કરવા સરજાયેલા નથી; પણ નીતિથી તેમનું પાલન કરવા, શત્રુથી તેમનું રક્ષણ કરવા, ચોર અને લુચ્ચાઓથી તેમને બચાવવા અને કષ્ટની વેળાએ તેમને મદદ કરવા મનુષ્યોના એક નાયક તરીકે તેમને ફરજો બજાવવાની છે.

---

## વાર્તા ૪૫.

## કૈકેયીએ લડાઇમાં રથને આપેલો ટેકો.

દાનવોના રાજા વૃષપર્વાએ પોતાના ગુરૂ શુક્રાચાર્યની મદદથી મૃત્યુ લોકના જીવોને દુઃખ દેવા બાર વર્ષ સુધી વરસાદ ખેંચી રાખ્યો. આટલો બધો લાંબો કાળ ઉપરા ઉપરી દુકાળ પડવાથી મનુષ્યો અને પશુ પક્ષીઓ પાણી, ઘાસચારો અને અન્નની તંગાસને લીધે મહા મહા વિટંબણા ભોગવવા લાગ્યાં. યજ્ઞ, યાગ વગેરે ધાર્મિક ક્રિયાઓ કરવાનાં સાધનોની ખોટ જણાવા લાગી. જગતના જીવોને આમ દુઃખી થતા જોઇ દેવોના રાજા ઇંદ્ર બ્રહ્મા પાસે ગયા. બ્રહ્માએ તેમની વાત સાંભળી લઇ કહ્યું કે, 'વૃષપર્વાની મદદમાં શુક્રાચાર્ય છે, તેથી તમે તેને જીતી શકશો નહિ. માટે તમે અયોધ્યાના રાજા દશરથને મદદે બોલાવી અસુરો સાથે લડાઇમાં ઉતરશો તો ફાવશો.' તેથી ઇંદ્રે બૃહસ્પતિને રાજા દશરથ પાસે મોકલ્યા. પછી બૃહસ્પતિએ અયોધ્યામાં આવી ઇંદ્રનો સંદેશો કહ્યો. દશરથ રાજા લડાઇનો રથ જોડાવી બૃહસ્પતિ સાથે જવાને તૈયાર થયા, એ વખતે રાણી કૈકેયીએ રાજાને કહ્યું કે, 'મારે લડાઈ જોવાની ઇચ્છા છે, તથા આપનું

બળ પરાક્રમ મેં કોઇ દિવસ નજરે નજર જોયું નથી, તેથી તે પણ જોવાની ઘણા દિવસ થયાં મને જીજ્ઞાસા[1] થઈ છે, માટે કૃપા કરી મને સાથે તેડી જાઓ.' રાણીની પ્રાર્થના પરથી રાજાએ તેમને પોતાની સાથે રથમાં બેસાડયાં. દેવો અને દાનવો વચ્ચે દારૂણ[2] યુદ્ધ ચાલ્યું. શુક્રાચાર્યે કેટલાંક બાણ દશરથ ઉપર ફેંક્યાં, પણ તેમાં તેનું કાંઈ વળ્યું નહિ. લડી લડીને અસુરોનો ગુરૂ થાકી ગયો. આખરે અતિ ક્રોધના આવેશમાં તેણે દશરથ ઉપર પાંચ પ્રચંડ બાણ મૂકયાં. આથી રાજા દશરથના રથની ધરી તૂટી ગઇ. એ વખતે રાજાનો જીવ લડાઈમાં બરોબર પરોવાયો હતો, તેથી ધરી ભાગી ગયાની દશરથને ખબર પડી નહિ ને તેમનો જીવ જોખમમાં આવી પડયો હતો. ધરી તુટવાથી રથ જમીન પર નીચે બેસવા લાગ્યો એવામાં રાણી કૈકેયીએ ઝડપથી હેઠાં ઉતરી ધરીને ઠેકાણે પોતાનો હાથ રાખ્યો, એ બીના પર દશરથનું લક્ષ હજી દોરાયું નહોતું, તે તો વિચાર કરતા હતા કે, 'ગમે તેમ તોપણ શુક્રાચાર્ય બ્રાહ્મણ છે, તેથી તેમનો મારે વધ કરવો ઉચિત નથી.' એમ ધારી એક બાણ મૂક્યું, જેથી શુક્રાચાર્યનો મુકુટ ચૂરેચૂરા થઈ ઉડી ગયો. શુક્રાચાર્ય રણક્ષેત્રમાંથી નાઠા અને દેવોએ દશરથનો જયઘોષ બોલાવ્યો. અસુરોનું સૈન્ય વિખરાઇ ગયું અને દેવો વિજય મેળવી લડાઈ કરતા બંધ થયા. લડાઈ પુરી થઇ ત્યારે દશરથનું ધ્યાન રાણી તરફ ખેંચાયું. દારૂણ યુદ્ધમાં પોતાના હાથથી ટેકો આપીને રથને રાણીએ ધરી રાખેલો જોઇ રાજા બહુ પ્રસન્ન થયા, અને બોલ્યા કે, 'મને વિજય મેળવવામાં તમે મોટી મદદ કરી છે, તેથી હું તમને ખુશીથી બે વરદાન આપવા ઇચ્છું

---

૧. જાણવાની ઉત્કંઠા, ઈચ્છા. ૨. ભયંકર.

છું.' રાણીએ જવાબમાં કહ્યું કે, 'હાલ મારે વરદાન માગવાનો કશો પ્રસંગ નથી, માટે યોગ્ય પ્રસંગે હું ઇચ્છિત વચન આપની પાસેથી માગી લઇશ.' પછી સર્વ દેવોના ઉપકાર વચ્ચે રાજાએ ઇંદ્રની રજા લીધી અને પોતાના નગર તરફ રવાના થયા.

(રા૦ બા૦ કાં૦ અ૦ ૧૦).

## સાર.

ખરી ક્ષત્રિયાણીઓ પોતાના પતિ અને પુત્રનું યુદ્ધસામર્થ્ય જોવાની અસલના વખતમાં બહુ પિપાસા[1] રાખતી. નીતિમાન મનુષ્યોને કોઇ પીડા કરતું હોય તો તેમનું રક્ષણ કરવું એ અસલના ક્ષત્રિયો પોતાને શિર લટકતો ધર્મ સમજતા, અને તે કામ ગમે તેવું કઠણ કે મહાભારત હોય તો પણ તે બજાવવાને, ક્ષત્રિયાણીઓ તેમના પતિઓ અને પુત્રરત્નોને પ્રેરતી હતી. વળી એથી વધારે ઉપરની વાતમાં કૈકેયીએ જે બહાદુરીનું કામ બજાવ્યું હતું તે પુરવાર કરી આપે છે કે તેઓ માત્ર શબ્દોથી નહિ, પણ પ્રસંગ આવે કૃત્યોથી પણ સમયસૂચકતા અને શૂરવીરતા દર્શાવવામાં પાછી પાની કરતી નહિ.

---

## વાર્તા ૪૬.

## અનસૂયાના પતિવ્રતથી ગંગાનું પ્રકટ થવું.

કામદ નામના વનમાં પૂર્વે અત્રિ ઋષિ અને તેમની સ્ત્રી અનસૂયા સાથે તપ કરવા લાગ્યાં. કોઇ એક વખતે તે પ્રદેશમાં

---

૧. તીવ્ર ઈચ્છા.

સો વરસનો દુકાળ પડયો, ત્યારે ઝાડપાલો તમામ સુકાઈ ગયું અને પશુ પક્ષિઓ પણ ત્યાંથી જતાં રહ્યાં, પાણી મળે નહિ અને જમીન ઘણાં વરસની તરસી રહી તેથી સૂર્યનો તાપ પ્રચંડ[૧] થવા લાગ્યો; એટલે કોઈ કોઈ પશુ પક્ષિઓ છુટાં છવાયાં તપોવનમાં[૨] રહેતાં તે મરવા લાગ્યાં. એ જોઇ મહા સાધ્વી અનસૂયા બોલ્યાં કે, 'આ દુઃખ હવે મારાથી જોયું જતું નથી ને સહન પણ થતું નથી.' સતી અનસૂયાને દુઃખી થતાં જોઇ અત્રિઋષિએ પોતાનો શ્વાસ ખેંચ્યો[૩] અને એક ચિત્તે ઇશ્વરના ધ્યાનમાં તલ્લીન[૪] થઇ ગયા. પોતાના પતિને ધ્યાનમાં મસ્ત[૫] થયેલા જોઈ સતી પણ પતિનું ધ્યાન ધરવા લાગ્યાં. એ પ્રમાણે બંનેને પોતપોતાના કાર્યમાં મચી રહેલાં જોઈ શિષ્યો પણ વિદાય થઈ ગયા. થોડા વખત પછી ધ્યાનમાંથી જાગૃત થઈ સતીએ આસપાસ નજર નાંખી તો શિષ્યોને પણ દીઠા નહિ તેથી પતિસેવા[૬] અને પતિધ્યાનમાં[૭] અનસૂયા પણ એકતાર[૮] થઇ ગયાં. સમીપમાં શિવલિંગનું સ્થાપન કરી શ્રી શંકર અને પોતાના પતિનું ચિંતવન હવે એકાગ્ર ચિત્તે[૯] અનસૂયાએ આદર્યું. તેમની સતત[૧૦] ભક્તિ જોઇ દેવો પણ તેમની સમીપ[૧૧] આકર્ષાયા.[૧૨] પોતાની આસપાસ શું થાય છે અને કોણ છે તેની પણ ખબર નથી એવા ઉગ્ર[૧૩] ધ્યાનમાં સતીને જોઇ ઋષિઓ, અને મહાદેવજી તથા ગંગાજી પણ સતીનાં દર્શન કરવા આવી લાગ્યાં. અન્ય[૧૪] ઋષિઓ ને

---

૧. આકરો. ૨. વનમાં તપ કરવાનો આશ્રમ. ૩. રોકયો. ૪. જોડાણું. ૫. એક ધ્યાન; એક ચિત્ત. ૬. ધણીની સેવા. ૭. ધણીનું ધ્યાન. ૮. એક ધ્યાન. ૯. ધ્યાન. ૧૦. કાયમ. ૧૧. નજીક. ૧૨. ખેંચાઈ આવ્યા. ૧૩. ભારે. ૧૪. બીજા.

દેવો દર્શન કરીને પોતાને ઠેકાણે ગયા, પણ શ્રી મહાદેવજી અને ગંગાજી અનસૂયાને પતિવ્રતપણાનું અને શ્રી શંકરના ધ્યાનનું ફળ આપવાને પછવાડે રહ્યાં. ચોપન વર્ષ લાંબી સમાધિમાંથી[૧] એ વખતે અત્રિઋષિ જાગૃત થયા, પરંતુ આ ચોપન વર્ષમાં સતી અનસૂયાએ જળ કે આહાર લીધાં નહોતાં અને કેવળ પતિસેવામાં અને ઈશ્વર ભજનમાં વખત ગાળ્યો હતો. ધ્યાનમાંથી મુકત થયેલા અત્રિઋષિએ પાણી માગ્યું. એટલે કમંડલું લઈ અનસૂયા પાણી શોધવા નીકળ્યાં. વનમાં ચો તરફ ફરે પણ પાણી કયાંથી મળે! પતિની આજ્ઞાનો ભંગ થશે એ ભીતિથી[૨] અનસૂયા 'શું કરૂં, કયાં જાઉં? એવા વિચારમાં પડી ગયાં. એવામાં પવિત્ર ગંગાજી તેમની પાસે આવી ઉભાં, એટલે સતીએ પુછયું, "તમે કોણ છો? કેમ આવ્યાં છો?" ગંગાજીએ જવાબ આપ્યો, 'હે! પવિત્ર સતી હું ગંગા છું. મને પતિભકિત બહુ વહાલી છે. તમારી ભકિતથી હું બહુ પ્રસન્ન થઈ છું, અને તમારા દર્શન માટે આવી છું. તમારી ઇચ્છા હોય તે આજ્ઞા કરો એટલે હું તે માથે[૩] ચઢાવીશ.' સતી બોલ્યાં, 'તમે પ્રસન્ન હો તો મારા પ્રાણાધાર[૪] પતિની પાણી લઈ આવવા મને આજ્ઞા થઈ છે, અને ઘણા વરસના દુષ્કાળ[૫] પીડિત[૬] આ પ્રદેશમાં[૭] પાણીનું ટીપું સરખું પણ મળે તેમ નથી, માટે આ કમંડલું ભરી પાણી આપો.' ગંગાજીએ કહ્યું, 'હે! ભદ્ર[૮]! તમે અહિં એક ખાડો કરો અને તમારી

---

૧. ધ્યાન. ૨. બીકથી. ૩. ઉડાવીશ. ૪. પ્રાણને આધાર આપનાર એટલે ધણી. ૫. દુકાળ. ૬. પીડાએલો; દુ:ખી. ૭. ભાગમા. ૮. સ્ત્રી.

પતિભકિત ને શિવભકિતનું એક માસનું પુણ્ય[૧] મને આપો.' સતીએ તેમ કર્યું એટલે ગંગાજી એ ખાડામાં આવી રહ્યાં, પછી તેમાંથી પાણી ભરી લઇ પોતાના પતિને પાયું. ઋષિને પાણી ઘણું પવિત્ર અને મીઠું લાગ્યું તેથી બોલ્યા કે, 'આ પાણી તપોવનનું નથી. બીજું કોઇ પાણી છે. તમે તે કયાંથી લાવ્યાં ?' પોતાની ભકિતનાં વખાણ પોતાને મોંએ ન થાય, તેથી અનસૂયા બોલ્યાં કે, 'આપની અને શ્રીશંકરની ભકિતથી ગંગાજી અહિં પ્રકટ[૨] થયાં છે!' ઋષિએ વિચાર કર્યો કે મોટા મોટા ઋષિઓ ગંગાજી માટે મથ્યા છે, પણ તેઓ ગંગાજીને ઉત્પન્ન કરવા સમર્થ[૩] થયા નથી, તો આશ્ચર્યની વાત છે કે અનસૂયા ગંગાજીને લાવી શકે માટે કહ્યું કે, 'મને ગંગાજી બતાવો.' પછી ગંગાજી ઉત્પન્ન થયાં હતાં ત્યાં બંને ગયાં. અને તેમાં સ્નાન કરી પવિત્ર થયાં. પછી ગંગાજીએ જવાની રજા માગી, ત્યારે અનસૂયાએ ગંગાજીની પ્રાર્થના કરી એટલે ગંગાજી બોલ્યાં કે, 'હે! સતી! તમારી પતિભકિત અને શિવભકિતનું એક વરસ દિવસનું ફળ મને આપો તો હું અહિં કાયમ[૫] રહું. પતિવ્રતપણાના ધર્મથી હું પણ પવિત્ર થાઉં છું. અનસૂયાએ પછી ગંગાજીની માગણી કબુલ રાખી, અને અને ગંગાજી ત્યાં નિવાસ[૬] કરી રહ્યાં, પછી પોતાની ભકિતથી પ્રસન્ન થયેલા શંકરે વરદાન માગવા કહ્યું, અને શ્રી શંકર પણ સ્થાપન કરેલા શિવલિંગમાં પ્રકટ થયા અને અત્રેશ્વર નામ ધારણ કર્યું.

(શિ૦ પુ૦ જ્ઞા૦ સ૦ અ૦ ૪૧

---

૧. ફળ, ૨. ઉત્પન્ન, ૩. શકિતમાન. ૪. નવાઈની. ૫. હરહમેશ માટે. ૬. વાસો, રહેઠાણ.

## સાર.

પતિની સેવા ને પતિની ભકિત એ સ્રીનું ઉત્તમ આભુષણ છે. બીજાં ગમે તેટલાં ઘરેણાં સ્રી પહેરે પણ એ ઘરેણાં વગર લુખાં[1] લાગે છે. પતિવ્રતા સ્રી દેવ, દાનવ ઈશ્વરને પણ પુજ્ય[2] થઈ પડે છે, અને સંકટને સમયે એ બધાં એની રક્ષા કરે છે. ઈશ્વર પણ પોતાની ભકિત કરતાં પતિની ભકિતથી વધારે રાજી રહે છે, કારણ કે પતિ એજ સ્રીનો ઈશ્વર છે.

———:o:———

૧. શોભા વગરનાં ૨. પુજવા લાયક.

મુંબઈ ઈલાકાના મેહેરબાન ડિરેકટર ઓફ પબ્લીક ઈન્સ્ટ્રકશન
સાહેબે તથા કાઠિયાવાડ પ્રાંતના મે. એજ્યુકેશનલ
ઈન્સ્પેકટર સાહેબે ઈનામ તથા લાઈબ્રેરીના
પુસ્તક તરીકે મંજુર કરેલુ.

# બાળ સદ્બોધ વાર્તા શતક

યોજક,

ખંડુભાઈ મકનજી ઉમરવાડિયા

આવૃત્તિ બીજી.

મૂલ્ય રૂ. ૧-૮-૦ ઘટાડેલી કિંમત ૦-૮-૦.

---

લૉર્ડ ચેસ્ટરફીલ્ડનો

# પોતાના પુત્ર પ્રતિ ઉપદેશ.

તથા

# ક્રોસ્ટોન રચિત સંક્ષિપ્ત સુવાકય.

**ભાષાંતર કર્તા—સ્વ૦ રા. સા. હરીદાસ વિહારીદાસ**
**દેસાઈ તથા દી. બા. ગો. હા. દેસાઈ અને**
**સ્વ. પ્રો. મ. ન. દ્વિવેદી.**